અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ નવેમ્બર ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક સુદ ૧૧ | અંક : ૧૩૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### પોલીસ સ્ટેશન સળગાવવા આવેલા કુકી ઉગ્રવાદીઓને ઠાર કરાયા

## મણીપુરમાં સીઆરપીએફની મોટી કાર્યવાહી, ૧૦ કુકી ઉગ્રવાદી ઠાર

### માર્યા ગયેલા કુકી ઉગ્રવાદીઓ પાસેથી 4 SLR , 3 AK-47, એક RPG (રોકેટ-પ્રોપેલ્ડ ગ્રેનેડ) અને અન્ય હથિયારો અને દારૂગોળો જપ્ત કરાયો

। (એજન્સી) મણીપુર, તા.૧૧ ।

મણીપુરમાં સુરક્ષાદળોએ સોમવારે એક મોટુ ઓપરેશન હાથ ધરી ઓછામાં ઓછા ૧૦ હથિયારધારી કુકી ઉગ્રવાદીઓને ઠાર કર્યા છે. આ ઉગ્રવાદીઓ જીરીબામ જિલ્લાના બોરો બેકરામાં આવેલા પોલીસ સ્ટેશન પર હુમલો કરવા આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, સોમવારે બપોરે લગભગ ૩.૩૦ વાગ્યે, કુકી ઉગ્રવાદીઓએ જીરીબામના બોરોબેકરામાં CRPF કેમ્પ પર હુમલો કર્યો હતો.

કુકી ઉગ્રવાદીઓના હુમલાનો જવાબ આપતાં સીઆરપીએફએ પણ જવાબી કાર્યવાહી કરી અને એકાઉન્ટરમાં ઓછામાં ઓછા ૧૦ કુકી ઉગ્રવાદીઓને ઠાર માર્યા હતાં. આ ઓપરેશનમાં સીઆરપીએફનો એક જવાન પણ ગંભીર રીતે ઘાયલ થયો છે. માર્યા ગયેલા કુકી ઉગ્રવાદીઓ પાસેથી 4 SLR (સેલ્ફ લોડેડ રાઈફલ),



3 AK-47, એક RPG (રોકેટ-પ્રોપેલ્ડ ગ્રેનેડ) અને અન્ય હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો છે.

કુકી-હમર સમુદાયના સશસ્ત્ર ઉગ્રવાદીઓએ કેટલાક ઘરોને આગ લગાડી અને જિરીબામ જિલ્લાના બોરોબેકરા પોલીસ સ્ટેશન પર બપોરે ૨:૩૦ વાગ્યે હુમલો કર્યો અને અનેક રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. સંબંધિત ઘટનામાં, બોરોબેકરા પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના જકુરાધોર ખાતે મૈતેઈ સમુદાયના ત્રણથી ચાર ખાલી મકાનોને અજાણ્યા તત્વોએ આગ ચાંપી દીધી હતી. તેઓ પણ કુકી-હમર સમુદાયના હોવાની શંકા છે. જકુરાધોર કરોંગ બોરોબેકરા પોલીસ સ્ટેશનથી લગભગ ૧૦૦ મીટરના અંતરે આવેલું છે.

સીઆરપીએફ, અસમ રાઈફલ્સ અને મણિપુર પોલીસના જવાનો બોરોબેકરા પોલીસ સ્ટેશનમાં તૈનાત હતાં. જેમની સામે જ પોલીસ સ્ટેશનની નજીક આવેલા ઘરોને આ કુકી ઉગ્રવાદીઓએ આગ ચાંપી દીધી હતી. સુરક્ષા દળ નિઃસહાયની જેમ મૂક દર્શક તરીકે જોતુ રહ્યું. જો કે, જ્યારે તેઓએ પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો ત્યારે તેઓએ જવાબી કાર્યવાહી કરી અને જેમાં ૧૦ ઉગ્રવાદીઓને ઠાર માર્યા.





### રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયો હતો શપથ ગ્રહણ સમારોહ

## જસ્ટિસ સંજીવ ખન્નાએ ભારતના ૫૧મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ શપથ લેવડાવ્યા : જસ્ટિસ ખન્ના ૨૦૧૯ થી સુપ્રીમના ન્યાયાધીશ તરીકે સેવા આપી રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

૧૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ જસ્ટિસ સંજીવ ખન્નાને ભારતના ૫૧મા મુખ્ય ન્યાયાધીશ (CJI) તરીકે શપથ લેવડાવ્યા. આ શપથ ગ્રહણ સમારોહ સવારે ૧૦ વાગ્યે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયો હતો. જસ્ટિસ ખન્ના જસ્ટિસ ડી વાય ચંદ્રચૂડનું સ્થાન લેશે, જેમનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો છે. કેન્દ્ર સરકારે ૧૬ ઑક્ટોબરના રોજ ચીફ જસ્ટિસ ચંદ્રચૂડની ભલામણ બાદ ૨૪ ઑક્ટોબરે જસ્ટિસ ખન્નાની નિમણૂકને સત્તાવાર રીતે સૂચિત કરી હતી. શુક્રવારે જસ્ટિસ ચંદ્રચૂડનો ઝર્તે તરીકેનો છેલ્લો કાર્યકારી દિવસ હતો અને સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયાધીશો, વકીલો અને સ્ટાફ દ્વારા તેમને ભવ્ય વિદાય આપવામાં આવી હતી.

જસ્ટિસ ખન્ના, જાન્યુઆરી ૨૦૧૯થી સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે સેવા આપી રહ્યા છે, ઈફ્સની પવિત્રતા જાળવી રાખવા, ચૂંટણી બોન્ડ યોજનાને રદ કરવા, આર્ટિકલ ૩૭૦ નાબૂદ કરવા અને દિલ્હીના ભૂતપૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન આપવા જેવા અનેક સીમાચિહ્નરૂપ નિર્ણયોનો તેઓ ભાગ રહ્યા છે. જસ્ટિસ સંજીવ ખન્નાનો જન્મ ૧૪ મે, ૧૯૬૦ના રોજ દિલ્હીમાં થયો હતો. તેમના પિતા, ન્યાયાધીશ દેવ રાજ ખન્ના, દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ હતા અને તેમના કાકા, એચ. આર. ખન્ના, ભારતની સર્વોચ્ચ અદાલતના



મુખ્ય ન્યાયાધીશ હતા. જસ્ટિસ ખન્નાએ તેમનું પ્રારંભિક શિક્ષણ દિલ્હી યુનિવર્સિટીના કેમ્પસ લો સેન્ટરમાંથી લીધું હતું અને ત્યારબાદ દિલ્હી હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરી હતી. જસ્ટિસ ખન્નાએ ૧૯૮૩માં દિલ્હી બાર કાઉન્સિલમાં જોડાયા હતા. તેમણે શરૂઆતમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં અને બાદમાં દિલ્હી હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરી. તેમણે આવકવેરા વિભાગમાં વરિષ્ઠ સ્ટેન્ડિંગ કાઉન્સેલ તરીકે પણ સેવા આપી હતી. તેમની ૨૦૦૪માં દિલ્હી માટે સ્ટેન્ડિંગ કાઉન્સેલ (સિવિલ) તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ત્યારપછી તેમણે દિલ્હી હાઈકોર્ટમાં અનેક મહત્ત્વપૂર્ણ ફોજદારી કેસ લડ્યા હતા. ૨૪ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ, જસ્ટિસ સંજીવ ખન્નાની CJI પદ પર નિમણૂકની જાહેરાત કરવામાં આવી હતી. આ પહેલા ૧૬ ઑક્ટોબરે જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડે જસ્ટિસ ખન્નાના નામની ભલામણ કરી હતી. આ પછી, ૧૧ નવેમ્બર ૨૦૨૪ ના રોજ રાષ્ટ્રપતિ મૂર્મુએ તેમને પદના શપથ લેવડાવ્યા. જસ્ટિસ ખન્નાનો કાર્યકાળ ૧૩ મે, ૨૦૨૫ સુધી ચાલશે.

## ન્યૂઝ બ્રિફ

### ઇન્ટરપોલની મદદથી બાંગ્લાદેશ શેખ હસીનાને પરત લાવશે



। નવી દિલ્હી, તા.૧૧ ।

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની મુશ્કેલીઓ વધી રહી છે. બાંગ્લાદેશી અધિકારીઓના જણાવ્યા અનુસાર એજન્સીઓ શેખ હસીના અને તેમના પક્ષના ૪૫ નેતાઓની ધરપકડ કરવા માટે ઈન્ટરપોલ અને અન્ય આંતરરાષ્ટ્રીય એજન્સીઓની મદદ લેવાનું વિચારી રહી છે. આ અંગે બાંગ્લાદેશની વચગાળાની સરકારે રવિવારે જણાવ્યું હતું કે, તે માનવતા વિરુદ્ધના કથિત અપરાધો માટે ટ્રાયલનો સામનો કરવા માટે શેખ હસીના અને અન્ય ભાગેડુઓને સ્વદેશ પરત લાવવા માટે ઈન્ટરપોલની મદદ લેશે. ૭૭ વર્ષીય અવામી લીગના વડા હસીના અને તેમના પક્ષના નેતાઓ પર વિદ્યાર્થી આંદોલનના ક્રૂર દમનનો આરોપ છે, જેના પરિણામે જુલાઈ-ઓગસ્ટના વિરોધ પ્રદર્શન દરમિયાન મોટી જાનહાનિ થઈ હતી.

### અમેરિકાની ટસ્કેગી યુનિવર્સિટીમાં આડેધડ ગોળીબારની ઘટનાથી અફરાતફરી થઈ

। વોશિંગ્ટન, તા.૧૧ ।

અમેરિકામાં નવી સરકાર બની ગઈ છે, પરંતુ ફાયરિંગની ઘટનાઓ અટકવાનું નામ લઈ રહી નથી. રવિવારે અલાબામાની ટસ્કેગી યુનિવર્સિટીમાં ભયંકર ગોળીબાર થયો હતો. આ ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હતું અને ૧૬ લોકો ઘાયલ થયા હતા. શૂટરની ધરપકડ કરવામાં આવી છે. અલાબામ કાયદા અમલીકરણ એજન્સીએ કહ્યું કે, મોન્ટગોમરીના જેક્વેઝ માયરિક(૨૫)ને પરિસરમાં ગોળીબાર કર્યા બાદ કેમ્પસની બહારથી જ અરેસ્ટ કરવામાં આવ્યો હતો અને તેની પાસે મશીનગન સાથે એક હેન્ડગન મળી આવી છે. એજન્સીના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે માયરિક ઉપર મશીનગન રાખવાનો ગંભીર આરોપ છે.

### ભૂખ હડતાળ પર ઉતરશે લોકો, હજુ વિરોધ વધશે

## વકફની કથિત મનમાની સામે એક હજાર ચર્ચોએ મોરચો માડ્યો

### કેરળના ચર્ચનો આરોપ છે કે, વક્ફ બોર્ડ મોટી સંખ્યામાં ગ્રામવાસીઓની જમીન પર બળજબરીથી કબજો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે

। (એજન્સી) થિરૂવનંતપૂરમ, તા.૧૧ ।

વક્ફ બોર્ડ સંશોધન બિલને લઈને સમગ્ર દેશમાં હોબાળો મચેલો છે. મુસ્લિમ સમાજનો એક મોટો વર્ગ આ બિલના વિરુદ્ધમાં અવાજ ઉઠાવી રહ્યો છે, જ્યારે ઘણા હિન્દુ સંગઠનો બિલના સમર્થનમાં ઉતર્યા છે. સમગ્ર દેશમાં આ બિલને લઈને બબાલ મચેલી છે ત્યારે કેરળમાં એક અલગ જ પ્રકારનો કિસ્સો સામે આવ્યો છે. અહીં વકફની કથિત મનમાની સામે એક હજાર ચર્ચોએ મોરચો માડ્યો છે. એક રિપોર્ટ પ્રમાણે કેરળના ચર્ચનો આરોપ છે કે, વક્ફ બોર્ડ મોટી સંખ્યામાં ગ્રામવાસીઓની જમીન પર બળજબરીથી કબજો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. હાલમાં ચર્ચ દ્વારા કોચીના મુનામ્બમ અને ચેરાઈ ગામમાં જમીન વિવાદને લઈને વિરોધ




કરવામાં આવ્યો છે. હકીકતમાં કેરળના કોચી જિલ્લામાં મુનામ્બમ અને ચેરાઈ નામના બે ગામ છે. ગામના સ્થાનિક લોકોનો આરોપ છે કે, વક્ફ બોર્ડ તેમની જમીન અને મિલકત પર ગેરકાયદેસર કબજો કરવા માંગે છે અને તેથી બોર્ડે તેમના પર દાવો કર્યો છે. ગામના ખ્રિસ્તી પરિવારોનું કહેવું છે કે, તેઓ લાંબા સમયથી તેમની મિલકત પર ટેક્સ જમા કરાવી રહ્યા છે. તેની પાસે તેની રસીદો પણ છે. જે જમીનો પર વકફ દાવો કરી રહ્યું છે, તે પણ સ્થાનિક લોકોના નામે નોંધાયેલ છે, તો પછી વકફ બોર્ડ તેનો દાવો કેવી રીતે કરી શકે? કેરળના ચર્ચ આ મુદ્દે ખૂબ જ ગુસ્સે થયું છે. ચર્ચનું કહેવું છે કે ખ્રિસ્તી પરિવારો એ જમીનો પર રહે છે, જેના પર વકફ બોર્ડ ઘણી પેઢીઓથી દાવો કરી રહ્યું છે. કેરળની આ જમીન પર વકફ દ્વારા દાવો કરવાનો મુદ્દો એટલો આગળ વધી ગયો છે કે, ખ્રિસ્તી સમુદાયના ઘણા લોકો તેના વિરોધમાં ભૂખ હડતાળ પર ઉતરી આવ્યા છે અને આ આંદોલન મોટા પાયે વધે તેવી યોજના બનાવવામાં આવી રહી છે. મુનામ્બમ ભૂ સંરક્ષણ કમિટીના વિરોધકર્તાઓએ એલાન કર્યું છે કે, જો આ પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો તેઓ કોઈપણ હદ સુધી વિરોધ- પ્રદર્શન કરશે.

### ટ્રમ્પ-મોદી વચ્ચે વાતચીત બાદ જયશંકરનું નિવેદન

## ઘણા દેશો અમેરિકાથી ગભરાયેલા છે, પણ અમે નહીં : એસ. જયશંકર

। નવી દિલ્હી, તા.૧૧ ।

વિદેશ મંત્રી એસ.જયશંકરે તાજેતરમાં જ એક વખત ફરી ભારત-અમેરિકા સંબંધોને લઈને પોતાનો મત રજૂ કર્યો. એક કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું કે ઘણા બધા દેશ અમેરિકાને લઈને ગભરાયેલા છે પરંતુ અમે તેમાંના નથી. જયશંકર મુંબઈમાં આદિત્ય બિરલા શિષ્યવૃત્તિ કાર્યક્રમના રજત જયંતી સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું,



"મને ખબર છે કે આજે ઘણા બધા દેશ અમેરિકાથી ગભરાયેલા છે, આ વિશે ઈમાનદારીથી વાત કરો. અમે તેમાંથી એક નથી.' વડાપ્રધાન નરેન્દ્ર મોદી તે પહેલા ત્રણ લોકોમાંથી એક હતા જેમના કોલનો ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન રાષ્ટ્રપતિ ચૂંટણી જીત્યા બાદ જવાબ આપ્યો હતો. વડાપ્રધાન મોદીએ હકીકતમાં અમેરિકાના ઘણા રાષ્ટ્રપતિઓ સાથે તાલમેલ સાધ્યો છે. જે રીતે તેઓ આ સંબંધોને બનાવે છે, તે સ્વાભાવિક છે. સમગ્ર વિશ્વ ભારતની કહાનીના વખાણ કરી રહ્યું છે. આર્થિક નીતિ પર ધ્યાન કેન્દ્રિત કરવું હકીકતમાં સમકાલીન સમયમાં ભારતની વિદેશ નીતિમાં મુખ્ય પરિવર્તન બની ગયુ છે.

### રિતેશ દેશમુખે કર્યો કોંગ્રેસનો પ્રચાર

## જેમનો પક્ષ ખતરામાં છે તે ધર્મને ઢાળ બનાવીને આગળ કરે છે : રિતેશ

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

બોલિવૂડ અભિનેતા રિતેશ દેશમુખે ૨૦ નવેમ્બરે યોજાનારી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરતા જોવા મળ્યો હતો. આ પ્રચાર અભિનેતાએ તેના ભાઈ અને કોંગ્રેસ નેતા ધીરજ દેશમુખ માટે લાતુરમાં કર્યો હતો. કોંગ્રેસ માટે પ્રચાર કરતા રિતેશે કહ્યું કે લોકો દાવો કરી રહ્યા છે કે તેમનો ધર્મ જોખમમાં છે, પરંતુ વાસ્તવમાં તેમની પાર્ટી જોખમમાં છે અને તેઓ તેમની પાર્ટીને બચાવવા માટે પ્રાર્થના કરી રહ્યા છે.'

લાતુર મતવિસ્તારમાં ધીરજનો મુકાબલો ભાજપના રમેશ કરાડ સાથે થવાનો છે. રવિવારે રાત્રે એક રેલીને સંબોધિત કરતા કહ્યું હતુ કે, ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું હતું કે કર્મ એ જ ધર્મ છે. જે વ્યક્તિ ઈમાનદારીથી



કામ કરે છે તે પોતાના ધર્મનું પાલન કરે છે. જે ઈમાનદારીથી કામ નથી કરતો તેને ધર્મના આવરણની જરૂર છે. જે લોકો કહે છે કે તેમનો ધર્મ જોખમમાં છે, વાસ્તવમાં તેમનો પક્ષ જોખમમાં છે અને તેઓ પોતાની પાર્ટી અને પોતાને બચાવવા માટે તેમના ધર્મને આગળ કરી રહ્યા છે. તેમને કહો કે અમે અમારો ધર્મ સંભાળીશું, તમે પહેલા વિકાસની વાત કરો.' રેલીને સંબોધિત કરતી વખતે અભિનેતાએ મહારાષ્ટ્ર સરકાર પર પણ નિશાન સાધ્યું હતું. આ બાબતે રિતેશે કહ્યું હતું કે રાજ્યના શિક્ષિત યુવાનો બેરોજગાર છે. તેમને રોજગાર આપવાની જવાબદારી રાજ્ય સરકારની છે. આ સાથે જ અભિનેતાએ ખેડૂતોને તેમના ઉત્પાદનોના સારા ભાવ નથી મળી રહ્યા એ બાબતે પણ સરકાર પર નિશાન સાધ્યું હતું. ધીરજ દેશમુખ ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૧.૨૧ લાખ મતોના માર્જિનથી જીત્યા હોવાનો ઉલ્લેખ કરતા, રિતેશે લોકોને એટલા મોટા પાયે મતદાન કરવાની અપીલ કરી કે વિરોધી ઉમેદવારની ડિપોઝીટ જપ્ત થઈ જાય. રિતેશે યુવાનોને તેમના મતનું મહત્વ પણ સમજાવ્યું હતું. આ સાથે જ અભિનેતાએ મહારાષ્ટ્રની ઓળખ અને દરેક નાગરિકની ગરિમા અને અધિકારોનું રક્ષણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## રાજસ્થાનમાં કોલેજોને ભગવા રંગથી રંગવાના આદેશથી વિવાદ

। (એજન્સી) જયપુર, તા.૧૧ ।

રાજસ્થાનના કોલેજ એજ્યુકેશન કમિશનરે કાયાકલ્પ યોજના હેઠળ ૨૦ સરકારી કોલેજોને તેમની ઈમારતો અને એન્ટ્રી હોલના આગળના ભાગને ભગવા રંગથી રંગવાનો આદેશ આપતા વિવાદ થયો હતો. કમિશનરેટ શિક્ષણ સંસ્થાઓમાં હકારાત્મક માહોલ ઊભો કરવા આ આદેશ આપ્યો છે, પરંતુ વિપક્ષ કોંગ્રેસે આ પગલાને શૈક્ષણિક સંસ્થાઓનું રાજનીતિકરણ કરવાના પ્રયાસ ગણાવીને તેની આકરી ટીકા કરી હતી. જોઈન્ટ ડાયરેક્ટર (પ્લાનિંગ), કોલેજ એજ્યુકેશન વિજેન્દ્ર કુમાર શર્માએ ગયા મહિને આ સ્કીમ હેઠળ કોલેજોના પ્રવેશદ્વાર અને એન્ટ્રી હોલના રંગને લઈને આ આદેશ જારી કર્યો હતો. પ્રથમ તબક્કામાં કુલ ૨૦ સરકારી કોલેજોને ભગવા રંગથી રંગવામાં આવશે. આદેશમાં જણાવાયું હતું કે કોલેજો ઉચ્ચ શિક્ષણના મુખ્ય કેન્દ્રો છે. કોલેજનું શૈક્ષણિક વાતાવરણ વિદ્યાર્થીઓ માટે એવું હોવું જોઈએ કે તેઓ કોલેજમાં પ્રવેશતાની સાથે જ સકારાત્મકનો અનુભવ કરે. ઉચ્ચ શિક્ષણ અંગેનો સારો સંદેશ સમાજમાં જાય અને તેથી કોલેજોમાં સકારાત્મક, સ્વચ્છ, આરોગ્યપ્રદ અને શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવા માટે કોલેજોનો કાલાપલટ કરવો પડશે. આ મામલે ભાજપ સરકાર પર નિશાન સાધતા પ્રદેશ કોંગ્રેસ કમિટીના જનરલ સેક્રેટરી સ્વર્ણિમ ચતુર્વેદીએ કહ્યું હતું કોલેજોમાં શિક્ષણનું રાજનીતિકરણ કરવાનો આ પ્રયાસ છે.

## કોંગ્રેસના મંત્રીએ કેન્દ્રીય મંત્રીને કહ્યું કાલિયા કુમારસ્વામી

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૧૧ ।

કર્ણાટકના મંત્રી ઝમીર અહેમદે કેન્દ્રીય ભારે ઉદ્યોગ મંત્રીને 'કાલિયા કુમારસ્વામી' કહ્યા બાદ ભાજપે કોંગ્રેસ પર પ્રહારો કર્યા છે. ભાજપે કોંગ્રેસ પર જાતિવાદી ટિપ્પણી કરવાનો આરોપ લગાવ્યો છે અને કહ્યું છે કે તે કોંગ્રેસની નફરતની દુકાન છે. સોમવારે ભાજપના ઘણા નેતાઓએ આ મામલે નારાજગી વ્યક્ત કરી છે. તેમાં કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુ અને ભાજપના પ્રવક્તા શહેજાદ પૂનાવાલાનું નામ પણ સામેલ છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે આ એક જાતિવાદી ટિપ્પણી છે. તેમણે કહ્યું કે, "હું કોંગ્રેસ મંત્રી ઝમીર અહેમદ દ્વારા કેન્દ્રીય મંત્રી અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી કુમારસ્વામીને 'કાલિયા કુમારસ્વામી' કહેવાની સખત નિંદા કરી છે. આ એક જાતિવાદી ટિપ્પણી છે. રાહુલ ગાંધીના સલાહકારે પણ દક્ષિણ ભારતીયોને આફ્રિકન, ઉત્તર પૂર્વના લોકોને ચીની ગણાવ્યા હતા. ઉત્તર ભારતીયો આરબ તરીકે દર્શાવ્યા હતા. ભાજપના પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ કહ્યું, "કોંગ્રેસના મંત્રી ઝમીર અહેમદ એચડી કુમારસ્વામીને 'કાલિયા' કહે છે. આ નફરતની દુકાન છે. પહેલા કોંગ્રેસે જાતિના આધારે ભાગલા પાડવાની કોશિશ કરી અને હવે સામ પિત્રોડાની જેમ જાતિના આધારે ભાગલા પાડી રહી છે. દક્ષિણ ભારતીયો આફ્રિકન જેવા છે."

## ગોધરા એસીબીના પોલીસકર્મીનો પાનમ ડેમ પાસેથી મળ્યો મૃતદેહ

। (એજન્સી) ગોધરા, તા.૧૧ ।

ગોધરા એસીબી કચેરીમાં ફરજ બજાવતા પોલીસકર્મીએ પંચમહાલના પાનમ ડેમના પાવર હાઉસ પાસેથી મૃતદેહ મળી આવ્યો છે. પોલીસકર્મીની હત્યા કે આત્મહત્યા કરી છે તેનું રહસ્ય અકબંધ છે, ત્યારે પોલીસે આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરી છે. બોરીયા ગામના વતની અને એસીબીમાં ફરજ બજાવતા કિશન ભુરીયા નામના પોલીસકર્મીનો પંચમહાલના પાનમ ડેમના પાવર હાઉસ વિસ્તારમાંથી મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. સમગ્ર ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી, પોલીસ પોલીસકર્મીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે. પોલીસની પ્રાથમિક માહિતી પ્રમાણે, પોલીસકર્મીએ પાવર હાઉસ પાસેથી કૂદીને આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે પોલીસકર્મીના મોતને લઈને કોઈ ચોક્કસ જાણકારી મળી નથી. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## મહેસાણામાં એક મહિનામાં ૪૦ શિશુના મોતનો ખુલાસો થતા હડકંપ

। (એજન્સી) મહેસાણા, તા.૧૧ ।

મહેસાણામાં એક મહિનામાં ૪૦ શિશુના મોતનો ખુલાસો થતા હડકંપ ની સ્થિતિ સર્જાઈ છે. ગત સપ્ટેમ્બર મહિનામાં ૪૦ જેટલા શિશુઓના મોત થતા આરોગ્ય વિભાગમાં દોડતું થયુ છે. ૪૦ શિશુના મોતના ઓછું વજન, સગર્ભાની વહેલી પ્રસૂતિને કારણે શિશુના મોતના કારણો સામે આવ્યાં છે. બાળ મરણ રોકવા આરોગ્ય તંત્ર કામે લાગ્યું છે. માતૃ અને બાળ મરણની યોજાયેલી સમીક્ષા બેઠકમાં ચિંતા કરાઈ છે. સરકારની ગાઈડ લાઈન મુજબ સગર્ભાને સ્ટીરોઈડ આપવા પરિપત્ર કરાયો છે. સગર્ભાને સ્ટીરોઈડ અપાય તો નવજાત શિશુને શ્વાસોશ્વાસને લગતી તકલીફોમાં ઘટાડો થઈ શકે તેવું તંત્રનું અનુમાન છે. સગર્ભાને ૨૮થી ૩૦માં અઠવાડિયા દરમ્યાન સ્ટીરોઈડ અપાતું હોય છે. હવે ૨૮થી ૩૦ અઠવાડિયા વચ્ચે ઈન્જેક્શન આપવા પરિપત્ર કરાયો છે. બે અઠવાડિયા વહેલા ઈન્જેક્શન આપવા પરિપત્ર કરાયો છે. ૪૦ બાળ મરણના અલગ અલગ કારણો જાણવા મળ્યા છે. મોટા ભાગના કિસ્સામાં બર્થ ડીફેક્ટ, વહેલી પ્રસૂતિ, લો બર્થ વેઈટ બાળ મૃત્યુના મુખ્ય કારણો જોવા મળ્યા છે. એક જ મહિનામાં આટલા શિશુઓના મોત થતા આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે તપાસના આદેશ આપ્યા છે. મહેસાણા જિલ્લા તંત્રને જરુરી સૂચના ઋષિકેશ પટેલે આપી છે. બાળ મૃત્યુદર ઘટાડવા જરુરી પગલાં લેવા નિર્દેશ આપ્યા છે. ઋષિકેશ પટેલે દર મહિને માતા અને બાળકના મૃત્યુની સમીક્ષા કરાય તેવું જણાવ્યુ છે. સાથે જ આરોગ્ય પ્રધાને જણાવ્યુ કે સમીક્ષા પછી તુરંત બેઠક યોજી મૃત્યુદર અંગે ચર્ચા થશે.

# નારણપુરામાં જુગારધામ પર ક્રાઇમ બ્રાંચના દરોડા, અઢાર ઝડપાયા

### અમદાવાદ ક્રાઇમબ્રાંચની ટીમને બાતમી મળી હતી કે ચંડોળા તળાવ નજીક ખુલ્લી જગ્ગામાં કેટલાક જુગારી રમી રહ્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ક્રાઈમ બ્રાંચની ટીમે નારણપુરા અંકુર રોડ પરની સંગીતા સોસાયટીમાં જુગારના અડ્ડા પર દરોડા પાડી ૧૮ જુગારીને ઝડપી લીધા છે. તેમની પાસેથી રોકડ અને મોબાઈલ ફોન કબજે લીધા છે. ઘાટલોડિયા, માધુપુરા અને સરખેજમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડા પાડ્યા બાદ ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે નારણપુરા અંકુર રોડ પરની સંગીતા સોસાયટીમાં અલ્પેશ ઉર્ફે ટોનો નરેશ પટેલ જુગારીઓને બોલાવીને જુગાર રમાડી રહ્યો છે. ક્રાઈમ બ્રાંચના એસીપી ભરત પટેલની ટીમે ત્યાં દરોડા પાડીને જુગાર રમતા ૧૮ જુગારીને ઝડપી લીધા હતા. તેમની પાસેથી પોલીસને રોકડ અને ફોન મળી આવ્યા છે. સોલા, સરદારનગર, શાહીબાગ, માધુપુરા, શાહપુર અને વાડજમાં જુગારના અડ્ડાથી લોકો પરેશાન છે.ઝડપાયેલા જુગારીઓમાં અલ્પેશ ઉર્ફે ટોનો નરેશ પટેલ, ચિરાગ ઉર્ફે ચિન્ટુ રાજેશ પટણી, વિક્રમ સત્યપ્રકાશ કઢેરિયા,રાકેશ ઉર્ફે રાકલો મારવાડી, પાર્થ ઉર્ફે ભયલુ પરમાર, હિતેષ ઉર્ફે હિતિયો યાદવ, ભૂપેન્દ્ર કેશવલાલ જૈન, રાહુલ અલપેશભાઈ ચૌહાણ, વિશાલ વિષ્ણુંભાઈ પરાડિયા, બાબુ કિશનભાઈ મારવાડી, સુનિલ ત્રિકમલાલ જૈન, અશોક ઉર્ફે લખોટી રામચંદ્ર દંતાણી, મનિષ જાનકીપ્રસાદ બાજપાઈ, નિકુલ ખોડિદાસ પટેલ, હિતેશ મહેશભાઈ રાણા, અબ્લુલ રઝાક કુરેશી, હીરાભાઈ પરમાર, કરણ યોગેશભાઈ શાહનો સમાવેશ થાય છે. અમદાવાદ ક્રાઈમબ્રાંચની ટીમને બાતમી મળી હતી કે ચંડોળા તળાવ નજીક ખુલ્લી જગ્ગામાં કેટલાક જુગારી રમી રહ્યા છે. પોલીસે દરોડો પાડી જુગાર રમતા ઈમરાન ઉર્ફે શાહરૂખ શેખ (રહે. ગનીમેમણની ચાલી, શાહઆલમ), ભૂપેન્દ્ર ઉર્ફે ભાનુ ડુગરાભાઈ ડાભી (રહે. ઉત્તમનગર, મણિનગર) અને યુનુસખાન ઉર્ફે ભૂરિયો અસદખાન પઠાણ (રહે. શબરી રો હાઉસ, શાહઆલમ)ને ઝડપી લીધા હતા. પોલીસ જેમને પકડી શકી નથી તેવા ચીની પેટ્રોલપંપ, અરીફ કટ્ટો અને સંજયખાન સામે પણ કાર્યવાહી હાથ ધરી છે.



મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે હિંમતનગરથી ટેકાના ભાવે મગફળીની ખરીદીનો કરાવ્યો શુભારંભ.

### ગુજરાતમાં ૪૪ વર્ષ બાદ ફરી થઈ હરિત ક્રાંતિ

## ભંડાર ભરાય તેવા નવા પ્રકારના ઘઉંની જાતિ વિકસાવવામાં આવી

। (એજન્સી) ભાવનગર, તા.૧૧ ।

હરિત ક્રાંતિ...આ શબ્દ કદાચ આજના યુવાનોને ખબર નહીં હોય પરંતુ ખેડૂતો તેનાથી સારી રીતે માહિતગાર હશે. જે દેશમાં અનાજની અછત હતી તે દેશમાં એવી હરિત ક્રાંતિ થઈ કે અનાજના કઠોર છલકાઈ ગયા. એ હરિતક્રાંતિમાં જેમણે સૌથી મોટું યોગદાન આપ્યું હતું અને ઘઉંની સૌથી સફળ જાત વિકસાવી હતી. તે લોકભારતી સંસ્થાએ ઘઉંનું વધુ એક નવી જાત વિકસાવી છે. આ એવી જાત છે જે ગુણવત્તામાં સૌથી શ્રેષ્ઠ અને ઉત્તમ છે. દેશને આઝાદી મળી પણ આપણો દેશ ખેતીમાં એટલો પછાત હતો કે મોટા ભાગનું અનાજ આયાત કરવું પડતું હતું. ખેડૂતો ટેક્નોલોજી અને મૂડના અભાવે મોટી ક્રાંતિ કરી શકે તેમ ન હતા. ત્યારે દેશમાં હરિતક્રાંતિ થઈ. આ એવી ક્રાંતિ હતી જેણે દેશમાં અનાજનો કોઠાર છલકાવી દીધો. જે ભારત પહેલા અનાજ અયાત કરતું હતું તે નિકાસ કરતું થઈ ગયું. દેશના ખેડૂતોની આ ક્રાંતિને હરિત ક્રાંતિ કહેવામાં આવે છે. આ હરિત ક્રાંતિમાં જેણે અમૂલ્ય યોગદાન આપ્યું હતું તે ભાવનગર જિલ્લાની લોક ભારતી વિદ્યાપીઠ. તે સમયે લોક-૧ નામની ઘઉંની જાતે એક અલગ ક્રાંતિ સર્જી હતી અને દેશના અનેક ખેડૂતોએ આ ઘઉંનું વાવેતર કરી ઘઉંના ભંડાર ભરી દીધા હતા. જે લોક ભારતીએ ૪૪ વર્ષ પહેલા લોક-૧ ઘઉંની ભેટ આપી હતી તે લોકભારતી વિદ્યાપીઠે લોક-૭૯ નામની જાત વિકસાવી છે. આ વિશે લોકભારતી સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અરુણ દવે જણાવે છે કે, ૪૪ વર્ષ બાદ વિકસાવેલી આ જાતને સરકારની પણ મંજૂરી મળી જતાં કૃષિ વિજ્ઞાનિકોની ખુશીનો કોઈ પાર રહ્યો નથી. લોક-૭૯ ઘઉં વધુ ઉત્પાદકતા નહીં પણ ગુણવત્તા આધારિત સંશોધન છે. જેમાં ૧૨.૯ ટકા પ્રોટીન, ૪૪.૪ ટકા આયર્ન અને ૪૨.૩૫ ટકા ઝીંક છે, એટલે કે આ ઘઉં જરૂરી પોષકતત્વોથી ભરપૂર છે, જે કુપોષણની અવસ્થામાં ઘટાડો કરવામાં મહત્વનો ભાગ આવનારા સમયમાં ભજવશે. અગાઉની સંશોધન કરેલી લોક-૪૫ અને લોક-૬૨નું ક્રોસ બ્રિડિંગ કરીને લોક-૭૯ને વિકસિત કરવામાં કૃષિ વૈજ્ઞાનિકોએ સફળતા મેળવી છે.

### નવા વર્ષમાં સારા વેપારની આશા

## સુરત હીરા ઉદ્યોગનું વેકેશન ૨૫ નવેમ્બર સુધી લંબાવાશે?

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

વૈશ્વિક સ્તરે યુદ્ધની સ્થિતિના પગલે આર્થિક મંદીમાંથી પસાર થઈ રહેલો સુરતનો હીરા ઉદ્યોગ દિવાળી વેકેશન બાદ સંપૂર્ણ રીતે ધમધમતો થાય તેવી આશા વેપારીઓ સેવી રહ્યા છે. આ વચ્ચે સુરતના મોટા હીરા ઉદ્યોગોનું વેકેશન હજી એક અઠવાડિયા સુધી લંબાય તેવી શક્યતાઓ રહેલી છે. જોકે આવતીકાલથી સુરતના નાના ઉદ્યોગો તબક્કાવાર શરૂ થવાના છે અને અમેરિકામાં રચાયેલી નવી સરકારના કારણે એક નવા વેપારની આશા વેપારીઓ સેવી રહ્યા છે. સુરતના મોટા હીરા ઉદ્યોગોમાં વેકેશન લંબાયું છે. ૨૫ નવેમ્બર સુધી મોટા હીરા ઉદ્યોગોનું વેકેશન રહી શકે તેમ છે. સુરતના હીરા ઉદ્યોગમાં ૧૭ નવેમ્બર સુધીનું આમ તો વેકેશન છે.પરંતુ મોટા હીરા ઉદ્યોગોનું વેકેશનની તારીખ લંબાવવામાં આવી છે. જ્યાં ૨૫ નવેમ્બર બાદ મોટા હીરા ઉદ્યોગો શરૂ થવાની વકી છે. વૈશ્વિક સ્તરે આર્થિક મંદીની મોટા હીરા ઉદ્યોગો પર અસર જોવા મળી રહી છે. આ વચ્ચે આવતીકાલથી નાના યુનિટો તબક્કાવાર શરૂ થવા જઈ રહ્યા છે. છેલ્લા બે વર્ષથી સુરતના હીરા ઉદ્યોગ આર્થિક મંદીનો માહોલ છે. પ્રથમ વખત દિવાળી બાદ હીરા યુનિટો શરૂ કરવામાં નીરસતાનો માહોલ છે. એકસાથે દર વખતે ઉત્સાહપૂર્વક શરૂ થતો હીરા વેપાર આ વખતે તબક્કાવાર શરુ થશે. હજી અનેક યુનિટો એ કારખાનાઓ શરૂ કરવાની તારીખ જાહેર કરી નથી.

### કચ્છ રણોત્સવઃ પ્રવાસીઓમાં વધ્યું હોમ સ્ટેનું ચલણ

## હેરિટેજ વ્યૂ અને મહેમાનગતિ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું

### હોમ સ્ટે એટલે કે હોમ અવે ફ્રોમ હોમ મતલબ કે ઘરથી દૂર રહીને પણ ઘરની અનુભૂતિ કરી શકાય

। (એજન્સી) કચ્છ, તા.૧૧ ।

કચ્છ રણોત્સવ એટલે રણમાં ઉજવાતો ઉત્સવ છે. કચ્છ રણોત્સવનો નજારો માણવા માત્ર ગુજરાત જ નહીં દેશ અને વિદેશમાંથી દર વર્ષે લાખો પ્રવાસીઓ કચ્છ આવે છે. કચ્છના મીઠાના રણનું અદભુત કુદરતી સૌંદર્ય, ટેન્ટ સિટીમાં રહેવાની મજા, લોકસંસ્કૃતિ, પરંપરાગત ભોજનનો આનંદ માણે છે. રણોત્સવના ચાર મહિનાઓમાં જ અંદાજિત ૫ લાખ પ્રવાસીઓ કચ્છ અને સફેદ રણની મુલાકાત લેતા હોય છે. તેવામાં હાલ જિલ્લા મથક ભુજથી માંડીને સફેદ રણ સુધીના આસપાસના વિસ્તારમાં હોમ સ્ટેનું ચલણ વધ્યું છે. હોમ સ્ટે એટલે કે, હોમ અવે ફ્રોમ હોમ મતલબ કે ઘરથી દૂર રહીને પણ ઘરની અનુભૂતિ કરી શકાય. હોમ સ્ટે ચલાવતા લોકો આવેલા મહેમાનો સાથે ત્રણ કે ચાર દિવસ પરિવારની જેમ આત્મીયતાથી રહે છે. કચ્છમાં અને તેમાં પણ ખાસ કરીને જિલ્લા મથક ભુજમાં છેલ્લા પાંચ વર્ષમાં હોમ સ્ટે ઘણા વધ્યા છે. અતિથિ અને યજમાન બંને એકબીજાના કલ્ચર, ફૂડ, વિચારો અને જે સંસ્કૃતિ છે તેનું આદાનપ્રદાન કરે છે. ભુજમાં હેરિટેજ વ્યૂ સાથેનું હોમ સ્ટે કે જે દરબારગઢ ખાતે આવેલું છે, જ્યાંથી રાજાશાહી સમયનો પ્રાગ મહેલનો અદભુત નજારો માણી શકાય છે તેવું "પ્રાગવ્યુ હેરિટેજ હોમ સ્ટે" આવેલું છે. કચ્છમાં હોમ સ્ટેનો વધારો છેલ્લાં ૫ વર્ષમાં થયો છે. હોમ સ્ટેમાં બહારથી આવેલા પ્રવાસીઓ પણ ઘર જેમ ફીલ કરી શકે છે. હોમ સ્ટેમાં પ્રવાસીઓને પોતાના ઘર જેવો અહેસાસ થાય છે. ભુજ શહેરમાં પ્રાગ મહેલ નજીક પણ "પ્રાગવ્યુ હેરિટેજ હોમ સ્ટે" આવેલું છે. જ્યાં તમને રાજાશાહી સમયના પ્રાગ મહેલ જેવો દુર્લભ નજારો અને આનંદ માણી શકો છો. ૨૦૦૫માં જ્યારે રણોત્સવની શરૂઆત થઈ ત્યારે માત્ર ૩ દિવસ માટે જ રણોત્સવ યોજાતો હતો. ત્યારે લોકોને ખબર ન હતી કે મીઠાનો રણ પણ હોય છે. દર વર્ષે જેમ જેમ રણોત્સવ યોજાતો ગયો તેમ તેમ સરકારે પણ રણોત્સવને વધુ ઊંચાઈઓ આપવા માટે પોતાના અનેક પ્રયત્નો હાથ ધર્યા હતા.

## ગુજરાતની ૮ મહાનગર પાલિકામાં મેયરની ચૂંટણી માટેનુ રોસ્ટર શિડ્યુલ જાહેર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાતની ૮ મહાનગર પાલિકાના મેયરોની ચૂંટણી માટેનું રોસ્ટર શિડયુઅલ જાહેર કરાયું છે. આ સાથે નોટિફિકેશન પ્રમાણે તે તમામ ૮ મનપાના મેયરો માટે કેટલી ટર્મ રાખવામાં આવી છે તે અંગે પણ માહિતી આપવામાં આવી છે. મળતી માહિતી મુજબ અમદાવાદમાં આગામી મેયર પ્રથમ અઢી વર્ષ માટે પછાત વર્ગમાંથી અને બીજા અઢી વર્ષમાં મહિલાને મળશે. તેવી જ રીતે સુરતમાં આગામી પાંચ વર્ષની ટર્મમાં મહિલા અને જનરલ કેટેગરીના મેયર મળશે. જ્યારે વડોદરા માટે અનુસૂચિત જાતિ અને મહિલા અઢી અઢી વર્ષ ની ટર્મમાં ચૂંટાશે. ગુજરાતના ૮ મહાનગરો જેવા કે ગાંધીનગર, અમદાવાદ, ભાવનગર, જામનગર, રાજકોટ, સુરત અને વડોદરા માટે ૨૦૨૬માં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી લડશે. આ શહેરોમાં છેલ્લી ચૂંટણી ૨૦૨૧માં થઈ હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતો માટે પોષણક્ષમ ભાવે મગફળી, સોયાબીન, અડદ અને મગની ખરીદીનો રાજ્ય વ્યાપી પ્રારંભ હિંમતનગરથી કરાવ્યો

### રાજ્યભરમાં ૯૦ દિવસ સુધી ૧૬૦થી વધુ ખરીદ ક્ષેત્ર પરથી ટેકાના ભાવે મગફળી, સોયાબીન, અડદ અને મગની ખરીદી કરાશે

। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સોયાબીન, અડદ અને મગની ટેકાના ભાવે ખરીદીનો રાજ્યવ્યાપી પ્રારંભ સાબરકાંઠાના હિંમતનગરથી કરાવ્યો હતો. પ્રાઈઝ સપોર્ટ સ્કીમ PSS અન્વયે ખેડૂતોને તેમની ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુસર રાજ્યમાં ૧૬૦થી વધુ કેન્દ્રો દ્વારા ૯૦ દિવસ સુધી આ ખરીદી કરવામાં આવશે. રાજ્યભરના ૩.૭૦ લાખથી વધુ કિસાનોએ આ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા ખેડૂતોની પડખે ઊભા રહ્યા છે. જગતના તાતને સમૃદ્ધ કરતી અનેક કૃષિ કલ્યાણ યોજનાઓ તેમણે શરૂ કરાવી છે. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાનશ્રી કહે છે કે, ખેડૂતોને પૂરતું પાણી, વીજળી, ખાતર અને પાકના ભાવો મળી રહે તો ખેડૂતો બાવડાના બળે જગત આખાની ભૂખ ભાંગી શકે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ખેતી અને ખેડૂતને સક્ષમ બનાવવા કરેલા કાર્યો અંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, નર્મદાના વહી જતાં પાણીને ખેતરો સુધી સિંચાઈ માટે પહોંચાડયા. પ્રત્યેક જિલ્લામાં ૭૫ જેટલા અમૃત સરોવરનું નિર્માણ અને 'કેચ ધ રેઈન' અંતર્ગત બોર બનાવાયા. વધુમાં ખેડૂતોને પૂરતા પ્રમાણમાં વીજળી મળી રહે તે પ્રકારનું સુદ્રઢ આયોજન વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપ માં થયુ છે. આવા બધા જ સફળ આયોજનને પરિણામે ગુજરાતમાં પાછલા ૨૩ વર્ષમાં અભૂતપૂર્વ કૃષિ વિકાસ થયો છે તેની છણાવટ તેમણે કરી હતી. આ સંદર્ભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, રાજ્યનો પિયત વિસ્તાર આજે ૬૨ લાખ હેક્ટર થઈ ગયો છે. એટલું જ નહીં, એગ્રીકલ્ચર સેક્ટરમાં ઉત્પાદન પણ વધીને ૨.૭ લાખ કરોડ થયું છે. મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતી વિશે વાત કરતાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપવા મુહિમ ચલાવી રહ્યા છે. ગુજરાતમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના નેતૃત્વમાં પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે સારા પરિણામો મળ્યા છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિતિ સૌ ખેડૂતોને કહ્યું કે, જળ જમીનને બચાવવા અને રોગોથી બચવા પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવું પડશે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉપસ્થિત સૌને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનો સંકલ્પ કર્યો છે ત્યારે આપણે સૌ પણ સંકલ્પબદ્ધ થઈ વિકસિત ભારતના નિર્માણમાં વિકસીત ગુજરાત બનાવીને આપણું યોગદાન આપીએ. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે જિલ્લાના ખેડૂતોને વિવિધ યોજનાકીય સહાયના ચેક અર્પણ કરાયા હતા. આ પ્રસંગે કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ખેડૂતો માટે ટેકાના ભાવે ખરીદી કરવાના રાજ્યવ્યાપી પ્રારંભ બદલ આનંદપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ખેડૂતોના ઉત્કર્ષ માટે કાર્યરત છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવાનો સંકલ્પ કર્યો છે જેના ભાગરૂપે કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતો માટે અનેક યોજનાઓ અમલી કરવામાં આવી છે. આ ઉપરાંત ખેડૂતોના હિતમાં વિવિધ પાકો માટે ટેકાના ભાવો જાહેર કરવામાં આવે છે. ખેડૂતોના પાકની પારદર્શી રીતે પૂરતા પ્રમાણમાં ખરીદી થાય અને તેમને સમયસર નાણાં મળી રહે તે પ્રકારનું આયોજન કરાયું છે તેવું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલ કૃષિમેળા જેવા આયોજનો થકી ગુજરાતે કૃષિ ક્ષેત્રે ખૂબ પ્રગતિ કરી છે જેના કારણે રાજ્યના ખેડૂતો આર્થિક રીતે સદ્ધર બન્યા છે. વધુમાં મંત્રીશ્રીએ મુખ્યમંત્રીશ્રી દ્વારા અતિવૃષ્ટિ જેવા સંકટમાં ખેડૂતો માટે જાહેર કરાયેલ સહાયનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, ખેડૂતોના કલ્યાણ માટે મુખ્યમંત્રી શ્રી સદાય તત્પર રહ્યા છે. આ પ્રસંગે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડો.અંજુ શર્માએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતોને વિવિધ યોજનાઓ થકી નવીનતમ ટેકનોલોજીનો મહત્તમ લાભ મળી રહે તે માટે રાજ્ય સરકાર કાર્યરત છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં મગફળી માટે રૂ.૬૭૮૩, મગ માટે રૂ.૮૬૮૨, અડદ માટે રૂ.૭૪૦૦ તેમજ સોયાબીન માટે રૂ.૪૮૯૨ પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ જાહેર કરાયા છે. રાજ્યના તમામ ૧૬૦ કેન્દ્રો ખાતેથી ૯૦ દિવસ સુધી ખરીદી ચાલશે. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી ભારતીબહેન પટેલ, સાંસદસભ્ય શ્રીમતી શોભનાબહેન બારૈયા, રાજ્યસભાના સાંસદ શ્રીમતી રમીલાબહેન બારા, ધારાસભ્ય શ્રી રમણલાલ વોરા, શ્રી વી.ડી. ઝાલા, જિલ્લા કલેકટર શ્રી ડો.રતન કંવર ગઢવીચારણ, એગ્રો ઈન્ડસ્ટ્રીઝના એમ.ડી. શ્રી દીપેન શાહ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરા તથા સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### પાકિસ્તાની ડોને આપી માફી માંગવાની સલાહ

# સલમાન ખાન-શાહરૂખ બાદ હવે મિથુન ચક્રવર્તીને મળી ધમકી

## દિગ્ગજ અભિનેતા મિને પાકિસ્તાની ગેંગસ્ટર શહેઝાદ ભટ્ટીએ ધમકી આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।
બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના લોકપ્રિય અભિનેતા સલમાન ખાન અને શાહરૂખ ખાન બાદ હવે પીઢ અભિનેતા મિથુન ચક્રવર્તીને ધમકી મળી છે. મિથુન ચક્રવર્તીને પાકિસ્તાની ડોન શહજાદ ભટ્ટીએ ધમકી આપી છે અને તેને ૧૫ દિવસમાં માફી માંગવા માટે કહેવામાં આવ્યું છે. શહજાદ ભટ્ટીએ કહ્યું છે કે જો આમ નહીં કરવામાં આવે તો તમારે પસ્તાવો કરવો પડશે. કહેવામાં આવી રહ્યું છે કે આ ધમકી મિથુન ચક્રવર્તીને દુબઈથી આપવામાં આવી છે. આ ધમકી પીઢ અભિનેતાને તેમના કથિત



ભડકાઉ ભાષણને લઈને આપવામાં આવી છે. ચાલો જાણીએ શું છે સમગ્ર મામલો. અભિનેતા અને ભાજપના નેતા મિથુન ચક્રવર્તીએ ગયા મહિને પશ્ચિમ બંગાળ જિલ્લા ઉત્તર ૨૪ પરગનામાં પાર્ટીના કાર્યક્રમ દરમિયાન કથિત રીતે ભડકાઉ ભાષણ આપ્યું હતું. આ અંગે તેની સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી. હકીકતમાં, મિથુન ચક્રવર્તીએ કહ્યું હતું કે, 'એક નેતાએ કહ્યું હતું કે અહીંની ૭૦ ટકા વસ્તી મુસ્લિમ છે. હિંદુઓને કતલ કરીને ભાગીરથીમાં ડુબાડવામાં આવશે. હું કહું છું કે અમે તમને કટક નદીમાં ફેંકીશું નહીં પણ તને તારી જમીનમાં ચોક્કસ દફનાવીશું.' હવે પાકિસ્તાની ડોન શહજાદ ભટ્ટે મિથુન ચક્રવર્તીને ધમકી આપી છે. રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે કે તેણે કહ્યું છે કે, 'મિથુન સાબ, મારી તમને સલાહ છે કે ૧૦-૧૫ દિવસમાં વીડિયો જાહેર કરીને માફી માગો. તમે માફી માગો તે વધુ સારું છે અને આમ કરવું યોગ્ય જ છે. તમે મારા હૃદયને ઠેસ પહોંચાડી છે.

### યુદ્ધમાં સ્થિતિ સતત વણસી રહી છે

# રશિયા યુક્રેન ઉપર મોટો હુમલો કરવાની તૈયારીમાં

## રશિયા ઉત્તર કોરિયન સેના સાથે મળી ૫૦ હજાર જેટલા સૈનિકો સાથે યુક્રેન ઉપર મોટો હુમલો કરી શકે છે

। (એજન્સી) મોસ્કો, તા.૧૧ ।
રશિયા અને યુક્રેન વચ્ચે લગભગ બે વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધમાં સ્થિતિ સતત વણસી રહી છે. ગઈકાલે યુક્રેને રશિયાની રાજધાની મોસ્કોમાં ૩૪ ડ્રોન વડે હુમલો કર્યો હતો. જો કે, રશિયાની સુરક્ષા સેનાએ તમામ ડ્રોન હુમલાને નિષ્ફળ બનાવ્યા હોવાનો દાવો કર્યો છે. રશિયા યુક્રેન પર મોટો હુમલો કરવાની તૈયારી કરી રહ્યું હોવાના અહેવાલો મળ્યા છે. રશિયાના કુર્સ્ક પ્રાંતમાં યુક્રેનના ઠેકાણાઓ પર રશિયા ઉત્તર કોરિયન સેના સાથે મળી મોટા હુમલાઓની તૈયારીઓ કરી રહ્યું છે. આશરે ૫૦ હજાર રશિયન અને ઉત્તર કોરિયન સૈનિકો આ હુમલામાં



ભાગ લેવા માટે સજ્જ હોવાના અહેવાલો મળ્યા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર જેલેન્સ્કીએ ગુરૂવારે જ નિવેદન આપ્યું હુતં કે, ઉત્તર કોરિયાના ૧૧ હજાર સૈનિકો રશિયાના એવા વિસ્તારોમાં તૈનાત છે, કે જ્યાંથી યુક્રેન હુમલો કરવા પ્રવેશી રહ્યું હતું. યુક્રેનના કમાન્ડરે જણાવ્યા પ્રમાણે, ઉત્તર કોરિયન સૈનિકો કુર્સ્કમાં યુદ્ધમાં સીધો ભાગ લઈ રહ્યા છે. જેલેન્સ્કીએ પોતાના સમર્થક દેશોને રશિયામાં તૈનાત ઉત્તર કોરિયન સેનાને દૂર કરવા અપીલ કરી છે. પરંતુ હજી સુધી કોઈ કાર્યવાહી હાથ ધરાઈ નથી. જેના પગલે હવે યુક્રેન ઉત્તર કોરિયન સેનાના ઠેકાણાઓ પર હુમલો કરી શકે છે. જેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, યુક્રેન રશિયાની અંદર ટાર્ગેટ પર હુમલો કરવા મટે પશ્ચિમી દેશોમાં નિર્મિત લાંબા અંતરની મિસાઈલનો ઉપયોગ મંજૂરી વિના કરી શકે તેમ નથી.

બીજી તરફ અમેરિકા, બ્રિટન, અને જર્મની તમાશો જોઈ રહ્યું છે કે, ક્યારે ઉત્તર કોરિયાના સેના યુક્રેનના લોકો પર હુમલો કરે...

## ન્યૂઝ બ્રિફ

### જાનૈયાઓ ભરેલી બેકાબુ બસ પલટી જતા અકસ્માત સર્જાયો

। (એજન્સી) ભોપાલ, તા.૧૧ ।
મધ્યપ્રદેશના કટનીથી એક મોટા સમાચાર સામે આવ્યાં છે. અહીં મુસ્લિમ જાનૈયાઓને લઈ જતી એક બસ કન્હવારા રોડ પર બેકાબૂ થઈને પલટી ખાઈ જતાં ચીસાચીસ મચી ગઈ હતી. આ અકસ્માતમાં ૨૪થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઘાયલોને નજીકની હોસ્પિટલે ખસેડાયા છે. આ બસ કેમોરથી ઉપડી હતી અને કતંગી જઈ રહી હતી. આ દુર્ઘટનામાં ૨૪ મુસાફરોને ઈજા પહોંચી હતી. જેમાંથી અનેકની હાલત ગંભીર હોવાની પણ ચર્ચા છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તાત્કાલિક કાર્યવાહી હાથ ધરતાં તપાસ શરૂ કરી હતી. મળતી માહિતી અનુસાર બુનિયાદ ટ્રાવેલ્સની આ બસ હતી જેનું નંબર MP 20 ZL 7773 જણાવાઈ રહ્યું છે. લગ્ન સમારોહ પતી ગયા બાદ જાનૈયાઓને લઈને આ બસ રવાના થઈ.

### મહારાણા પ્રતાપના વંશજ મહેન્દ્ર સિંહ મેવાડનું નિધન

। (એજન્સી) મેવાડ, તા.૧૧ ।
ભાજપના પૂર્વ સાંસદ અને મેવાડના મહારાણા પ્રતાપના રાજવી પરિવારના સભ્ય મહેન્દ્ર સિંહ મેવાડનું રવિવારે ઉદયપુરની એક ખાનગી હોસ્પિટલમાં અવસાન થયું હતું. મહાન યોદ્ધા મહારાણા પ્રતાપના વંશજ મહેન્દ્ર સિંહ મેવાડ ૮૩ વર્ષના હતા. તેમના પરિવારે જણાવ્યું હતું કે મહેન્દ્ર સિંહ મેવાડ છેલ્લા ઘણા દિવસોથી ઉદયપુરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ હતા અને રવિવારે તેમણે અંતિમ શ્વાસ લીધા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, ચિત્તોડગઢના સાંસદ અને ભાજપના ભૂતપૂર્વ પ્રદેશ અધ્યક્ષ સીપી જોશી અને અન્ય નેતાઓએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. મહેન્દ્ર સિંહ મેવાડ ૧૯૮૯માં ભાજપની ટિકિટ પર ચિત્તોડગઢ બેઠક પરથી લોકસભામાં ચૂંટાયા હતા.

### અજાણ્યા છોકરા સાથે બાઈક પર આવી બહેન તો ભાઈનો પિત્તો ગયો

। (એજન્સી) જબલપુર, તા.૧૧ ।
મધ્ય પ્રદેશના જબલપુરમાંથી સંબંધોને લાંછન લગાડતો એક કિસ્સો સામે આવ્યો છે. કટંગી વિસ્તારમાં એક અપચારી બાળકે પોતાની નાની બહેન પર ધારદાર હથિયારથી હુમલો કરીને મોતને ઘાટ ઉતારી દીધી. આ ઘટનાએ આખા જિલ્લામાં સનસની ફેલાવી દીધી છે. ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી ભાઈ ઘરેથી ભાગી ગયો હતો. જાણકારી અનુસાર, ૧૫ વર્ષના કિશોરે પોતાની ૧૩ વર્ષની બહેનને ફક્ત એટલા માટે મોતને ઘાટ ઉતારી દીધી કેમ કે તે કોઈ અન્ય યુવક સાથે બાઈકમાં બેસીને ઘરે આવી હતી. આરોપીની માતાએ જણાવ્યું કે, તે જબલપુરમાં રહે છે. તેમની દીકરી એક દિવસ પહેલા જબલપુરથી કોઈની સાથે કટંગી ગઈ હતી. સવારે તેમને દીકરાએ તેમની દીકરીની હત્યા કરી હોવાની વાત મળી.




હરિયાણાના કુંડલીમાં NIFTEM ના દીક્ષાંત સમારોહ દરમિયાન ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલયના સચિવ અનીતા પ્રવીણ સમારોહમાં હાજર રહ્યા હતા.

### CJI ચંદ્રચૂડે જતા જતા દૂર કરી મોટી ગેરસમજ

# શું SCs અને STs ને અનામત ફક્ત દસ વર્ષ માટે જ હતું?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।
૨૫ વર્ષની શાનદાર ન્યાયિક કરિયર કે જેમાં આઠ વર્ષ સુપ્રીમ કોર્ટમાં કહ્યા જસ્ટિસ ધનંજય યશવંત ચંદ્રચૂડ રવિવારે રિટાયર થયા. વકીલો તેમને ન્યાય પાલિકાના રોકસ્ટાર કહે છે. રિટાયરમેન્ટ બાદ એક ઈન્ટરવ્યુમાં જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું અનામત હંમેશા માટે ચાલુ રહેવું જોઈએ તો તેના પર તેમણે કહ્યું કે આ સમાનતાનું એક એવું મોડલ છે જેને અજમાવાયું છે અને પારખવામાં આવ્યું છે તથા ભારતમાં કારગર રહ્યું છે. તેમણે એવી ગેરસમજ પણ દૂર કરી કે બંધારણના નિર્માતાઓએ અનુસૂચિત જાતિઓ (SCs) અને અનુસૂચિત જનજાતિઓ(STs) ઓ માટે અનામતની જોગવાઈ ૧૦ વર્ષ માટે કરી હતી. ડીવાય ચંદ્રચૂડે આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે બંધારણની કલમ ૩૩૪માં કહેવાયું છે કે લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામત ૧૦ વર્ષમાં સમાપ્ત થઈ જવું જોઈએ. આ જોગવાઈમાં અનેકવાર સંશોધન કરાયું, જે મુજબ હવે તે ૮૦ વર્ષમાં સમાપ્ત થઈ જશે. આ પ્રકારે સમય મર્યાદા ફક્ત વિધાનમંડળમાં અનામત માટે નિર્ધારિત કરાઈ હતી, શૈક્ષણિક સંસ્થાનો અને સેવાઓમાં અનામત માટે નહીં. જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે બંધારણીય



દ્રષ્ટિકોણથી સમય મર્યાદામાં સંશોધન ફક્ત ત્યારે જ ગેરબંધારણીય છે જ્યારે મૂળ અને અસંશોધિત જોગવાઈએ એક પાયાની વિશેષતાનું ચરિત્ર પ્રાપ્ત કર્યું હોય. અવસરની સમાનતાની અવધારણા શાશ્વત છે. તે બંધારણની મૂળ વિશેષતાઓમાંથી એક છે. અનામત અવસરની સમાનતા સુનિશ્ચિત કરવાનું એક સાધન છે. તમે એ વાતથી ઈંકાર કરી શકો નહીં કે સકારાત્મક કાર્યવાહીના સાધન તરીકે અનામતે વાસ્તવિક સમાનતાને વધારી છે. આ સમાનતા એક એવું મોડલ છે જેને અજમાવામાં આવ્યું છે અને પારખવામાં આવ્યું છે, જેણે ભારતમાં કામ કર્યું છે. રિટાયરમેન્ટ પહેલા ૮ નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશને સીજેઆઈ માટે વિદાય સમારોહનું આયોજન કર્યું. આ દરમિયાન જસ્ટિસ ચંદ્રચૂડે પોતાના પિતા તરફથી મળેલા એક ફલેટનો કિસ્સો પણ સંભળાવ્યો હતો.

### અગાઉ પણ ધમકી આપી ચૂક્યો છે પન્નુ

# અયોધ્યા રામ રામમંદિરને ઉડાવી દેવાની ખાલિસ્તાની આતંકી પન્નુની ધમકી

। (એજન્સી) અયોધ્યા, તા.૧૧ ।
કેનેડા દ્વારા મળી રહેલા સમર્થનના કારણે ખાલિસ્તાનીઓમાં એટલી હિંમત આવી ગઈ છે કે હવે તેઓ અયોધ્યામાં રામ મંદિરને નિશાન બનાવવાની સીધી ધમકી આપવા લાગ્યા છે. ખાલિસ્તાની આતંકવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસના ચીફ ગુરપતવંત સિંહ પન્નુએ હવે હિન્દુઓની આસ્થાનું મોટું કેન્દ્ર અયોધ્યા રામ મંદિર પર હુમલાની ધમકી આપી છે. પન્નુએ એક વીડિયો જારી કરીને કહ્યું કે, અયોધ્યાના રામ મંદિરમાં ૧૬ અને ૧૭ નવેમ્બરના રોજ હિંસા થશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે પન્નુએ આ વીડિયો કેનેડાના બ્રેમ્પટનમાં રેકોર્ડ કર્યો છે. વીડિયોમાં પન્નુએ કેનેડાના હિન્દુ સાંસદ ચંદ્ર આર્યને પણ ધમકી આપી છે. આ વીડિયોમાં રામ મંદિરની સાથે-સાથે અનેક બીજા હિન્દુ ધાર્મિક સ્થળો વિરુદ્ધ હિંસા ભડકાવવાની પણ ધમકી આપવામાં આવી છે. વીડિયોમાં પન્નુએ આગળ કહ્યું કે, 'અમે હિન્દુત્વ વિચારધારાની જન્મભૂમિ અયોધ્યાનો પાયો હચમચાવી નાખીશું.' પન્નુની આ ધમકીને ભારતના સૌથી પવિત્ર સ્થળોમાંથી એક (રામ મંદિર) માટે મોટા જોખમ તરીકે જોવામાં આવી રહી છે. પન્નુના વીડિયોમાં પીએમ મોદી અયોધ્યા રામ મંદિરમાં પ્રાર્થના કરતા હોવાની તસવીરો પણ દેખાડવામાં આવી છે. ખાલિસ્તાની આતંકવાદીએ



કેનેડામાં રહેતા ભારતીયોને હિન્દુ મંદિરો પર થઈ રહેલા ખાલિસ્તાની હુમલાઓથી દૂર રહેવાની પણ ધમકી આપી છે. ભારતમાંથી ફરાર થઈ ગેયલ ભાગેડુ પન્નુ ભારત વિરુદ્ધ સતત ઝેર ઓકી રહ્યો છે. તે કેનેડામાં ભારતીય રાજદ્વારીઓ વિરુદ્ધ હિંસા માટે ખાલિસ્તાનીઓને ભડકાવવાનું કામ કરે છે. પન્નુએ ભારતને પહલીવાર જ ધમકી નથી આપી. તે અગાઉ પણ અનેક વખત ભારતને ધમકી આપી ચૂક્યો છે. તેણે ભારતને ધમકી આપતા વિમાનને ઉડાવી દેવાની વાત કરી હતી. પન્નુએ કહ્યું હતું કે, શીખ રમખાણોના ૪૦ વર્ષ પૂરા થવા પર એર ઈન્ડિયાની ફ્લાઈટ પર હુમલો થઈ શકે છે. પન્નુએ આંતરરાષ્ટ્રીય મુસાફરોને ૧ થી ૧૯ નવેમ્બર સુધી એર ઈન્ડિયામાં ઉડાન ન ભરવાની ચેતવણી આપી હતી. ગુરપતવંત સિંહ પન્નુનો જન્મ પંજાબમાં થયો હતો. તેણે અભ્યાસ પણ અહીંથી જ કર્યો હતો. હાલમાં તે વિદેશમાં છે. તે ક્યારેક કેનેડામાં રહે છે તો ક્યારેક અમેરિકામાં રહે છે.

### મુસ્લિમોને ગુમરાહ ના કરશો : બીજેપી

# ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડમાંથી 'બોર્ડ' શબ્દ હટાવો

## ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ એક બિન-સરકારી સંસ્થા છે. તેથી તેના નામમાંથી બોર્ડ શબ્દ દૂર કરવો જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।
ભાજપ લઘુમતી મોરચાએ, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડમાંથી 'બોર્ડ' શબ્દ હટાવવાની માંગ કરી છે. આ માટે તેણે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના અધ્યક્ષ ખાલિદ રહેમાનીને પત્ર લખ્યો છે. ભાજપ લઘુમત્તી મોરચાના પ્રમુખ જમાલ સિદ્દીકીએ, ખાલિદ રહેમાનીને લખેલા પત્રમાં કહ્યું છે કે, તમારા સંગઠનનુ નામ જોઈને એવું લાગે છે કે તે સમગ્ર ભારતના મુસ્લિમ સમુદાયનુ પ્રતિનિધિત્વ કરતુ સંગઠન છે જ્યારે તમારા સંગઠનમાં પસમંદા સમુદાયનું પ્રતિનિધિત્વ સાવ જ નહિવત છે. સિદ્દીકીએ એમ પણ કહ્યું છે કે 'બોર્ડ' શબ્દ પરથી એવું લાગે છે કે તે એક સરકારી સંસ્થા છે. જ્યારે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ બિન -સરકારી સંસ્થા છે. તેથી, તેના નામમાંથી 'બોર્ડ' શબ્દ દૂર કરવો જોઈએ. સિદ્દીકીએ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ બોર્ડ દ્વારા મળેલા નાણાકીય વ્યવહારો અને દાનને સાર્વજનિક ના કરવા ઉપર પણ સવાલો ઉઠાવ્યા હતા અને માંગણી કરી હતી કે આ સંસ્થામાંથી 'બોર્ડ' શબ્દ દૂર કરવામાં આવે, જેથી દેશના મુસ્લિમો ગુમરાહ ના થાય. ભાજપ લઘુમતી મોરચાએ પત્રમાં વધુમાં કહ્યું કે તમે ભારતભરના મુસ્લિમોના પ્રતિનિધિ હોવાનો દાવો કરો છો પરંતુ એવું નથી. તમે પસમાંદા સમુદાયને નજીવો હિસ્સો આપ્યો છે અને ના તો તમે ક્યારેય તેના માટે તમે અવાજ ઉઠાવ્યો છે, જ્યારે દેશના ૮૦ ટકા મુસ્લિમો પસમંદા સમુદાયમાંથી આવે છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ એક બિન-સરકારી સંસ્થા છે. તેથી, તેના નામમાંથી 'બોર્ડ' શબ્દ દૂર કરવો જોઈએ. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડની સ્થાપના ૭ એપ્રિલ ૧૯૭૨ના રોજ કરવામાં આવી હતી. આ એક બિનરાજકીય સંસ્થા છે. ભારતમાં મુસ્લિમ પર્સનલ લોના ઉપયોગને સુરક્ષિત કરવા અને પ્રોત્સાહન આપવા માટે. આ સંસ્થા મુસ્લિમ કાયદાઓનું રક્ષણ કરવા, ભારત સરકાર સાથે સંપર્ક સાધવા અને મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સામાન્ય લોકોને માર્ગદર્શન આપવાનું કામ કરે છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડમાં મોટાભાગના મુસ્લિમ સંપ્રદાયોનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે. બોર્ડ પાસે ૫૧ ઉલેમાઓની કાર્યકારી સમિતિ છે, જે વિવિધ મુદ્દાઓ પર સરકારને પોતાનો અભિપ્રાય રજૂ કરે છે. જેમાં ઉલેમાના ૨૦૧ વ્યક્તિઓનો સમાવેશ થાય છે. જેમાં લગભગ ૨૫ મહિલાઓ તેમજ સામાન્ય માણસનો પણ સમાવેશ થાય છે.

### દિલ્હીમાં એક ચોંકવનારી હત્યાનો બનાવ સામે આવ્યો

# દિલ્હીમાં બીડી માગવા જેવી નજીવી બાબતે યુવકની હત્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।
સામાન્ય રીતે નશાના આદી રહેતા લોકો એકબીજા પાસેથી બીડી કે તમાકુ માગી લેતા હોય છે. જોકે, બીડી માંગવા જેવી નજીવી બાબતે હત્યાનો બનાવ બને તેવું તમે ક્યારેય સાંભળ્યું છે? આ સવાલ એટલા માટે થઈ રહ્યો છે કારણ કે દિલ્હીમાં એક આવો જ બનાવ સામે આવ્યો છે. જ્યાં એક યુવકે બીડી શું માગી લીધી તેની પથ્થરોના ઘા મારીને હત્યા કરી દેવામાં આવી.

પોલીસના જણાવ્યા પ્રમાણે, ૭ નવેમ્બરે દિલ્હીના વિવેક વિહારમાંથી એક ફોન આવ્યો હતો. જેમાં તેમને જણાવવામાં આવ્યું કે શમશાન ઘાટ જ્વાલા નગર પાસે એક વ્યક્તિ બેભાન હાલતમાં છે. તપાસ કરતા ખબર પડી કે તેનું મોત થઈ




ગયું છે. યુવકની પોલીસે ઓળખ કરી તો સામે આવ્યું કે ૨૦ વર્ષીય યુવક દિલ્હીના કસ્તૂરબા નગરમાં હતો અને તેનું નામ સની હતું.


બંન્ને વચ્ચે બોલાચાલી થઈ જે ઉગ્ર બનતા બીડી માગનાર યુવકની પથ્થરોના ઘા મારીને હત્યા કરી દેવામાં આવી. આ કેસમાં પોલીસે તપાસ હાથ ધરી જેમાં એક રાજેશ નામના વ્યક્તિ પર શંકા જતા પોલીસે તેની પૂછપરછ કરી તો સામે આવ્યું કે સનીએ રાજેશ પાસેથી બીડી માગી હતી. જેમાં રાજેશે તેને ના પાડી તો બંને વચ્ચે બોલાચાલી થઈ જે ઉગ્ર બની ગઈ અને બંને મારામારી પર આવી ગયા હતા. આવેશમાં આવીને રાજેશે પથ્થર ઉઠાવ્યો અને સનીના માથે મારી દીધો જેના કારણે ઘટના સ્થળે જ તેનું મોત થયું હતું.

ઉલ્લેખનીય છે કે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે ગણતરીના દિવસોમાં આ કેસના આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપીની પોલીસ હજુ પૂછપરછ કરી રહી છે. જેમાં તેની પૂછપરછમાં અમુક ચોંકાવનારા તથ્યો સામે આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જોકે દિલ્હીમાં વધતી જતી ગુનાખોરી હવે અહીંયા સામાન્ય જનતા માટે એક ગંભીર પ્રશ્ન બની ગયો છે.

### જાણીતો ટીવી શો શક્તિમાન વિશે સૌથી મોટા સમાચાર

# શક્તિમાન બનીને મુકેશ ખન્ના ફરી ધમાલ મચાવશે

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।
૯૦ના દશકમાં બાળકોનો પ્રિય શક્તિમાન બધાનો સુપરહિરો હતો. બાળકોથી લઈ તમામ લોકોને મુકેશ ખન્નાનું આ પાત્ર ખુબ પસંદ આવતું હતુ. આજે પણ લોકો આ સિરીયલની વાતો કરતા જોવા મળતા હોય છે. ટીવી પર ૧૯૯૭ થી ૨૦૦૫ સુધી રાજ કરનાર તેમજ આ શો રવિવારના બપોરે ૧૨ વાગ્યે પ્રસારિત કરવામાં આવતો હતો. આના કારણે તેને દૂરદર્શનનો સૌથી કલ્ટ શો માનવામાં આવે છે. હવે ફરી એકવાર 'શક્તિમાન' લોકોમાં ચર્ચામાં આવી ગયો છે. મુકેશ ખન્નાએ પોતાના સોશિયલ મીડિયા પર ચાહકોને એક ગુડ ન્યુઝ આપ્યા છે અને યુટ્યુબ ચેનલ પર ભીષ્મ ઈન્ટરનેશનલ પર એક ટીઝર પણ શેર કરવામાં આવ્યું છે. ટીઝર સાથે તેમણે




લખ્યું કે, તેને પરત ફરવાનો સમય આવી ચૂક્યો છે. આપણા પહેલા ભારતીય સુપર ટીચર સુપર હીરોનો,જેમ જેમ અંધકાર અને અનિષ્ટ આજના બાળકોની ઝપેટમાં છે. તેમના પાછા ફરવાનો સમય આવી ગયો છે. આ સંદેશ લઈને પાછો ફર્યો છે. તે પાઠ લઈને પાછો ફર્યો છે. આજની પેઢી માટે. તેમનું સ્વાગત કરો. આયર મેન, સ્પાઈડર મેન અને બેટમેન જેવા સુપરહિરો ભારતમાં છવાયા બાદ એક એવો સુપરહિરો ચર્ચામાં હતો, જેને આજ સુધી કોઈ ભૂલી શક્યું નથી. તેનું નામ શક્તિમાન છે. આ હીરો સ્ક્રિન પર ફરી એક વખત રોમાંચ સાથે વાપસી કરવા માટે સંપૂર્ણ તૈયાર છે. ક્લિપમાં મુકેશને શક્તિમાનના રુપમાં દેખાડવામાં આવ્યો છે. તે એક સ્કુલમાં ઉતરતો જોવા મળી રહ્યો છે. ગીત ગાવાનું શરુ કરે છે. આઝાદી માટે જંગ લડી તેનો જીવ ગુમાવ્યો. અંગ કપાય ગયા પરંતુ દેશ પર કોઈ મુશ્કેલી આવવા દીધી નહિ. તે ચંદ્રશેખર આઝાદ, ભગત સિંહ અને સુભાષ ચંદ્ર બોસ જેવા નાયકોનો ફોટો જોઈ ગીત ગાય છે. શક્તિમાન એક ટીવી સીરીઝ હતી. જે ૧૯૯૭માં દુરદર્શન પર પ્રસારિત કરવામાં આવતી હતી. મુકેશ ખન્ના દ્વારા અભિનીત આ શો કિટ્ટુ ગિડવાની વૈષ્ણવી, સુરેન્દ્ર પાલ અને ટોમ ઓલ્ટર જેવા કલાકારો હતો.

## તંત્રી લેખ...

# ભારતના ડેટા સિક્યોરિટી નિયમનો મસ્કે સ્વીકાર કર્યો

ઇલોન મસ્કની કંપની સ્ટારલિંક દ્વારા ભારતના નિયમોને માની લેતા હવે તેને ઝડપથી લાયસન્સ મળી જશે એવું લાગી રહ્યું છે. ઈલોન મસ્કની સેટેલાઈટ ઈન્ટરનેટ કંપની 'સ્ટારલિંક' હવે ભારતમાં પગપેસારો કરી રહી છે. આ માટે ઘણાં સમયથી ચર્ચા ચાલી રહી હતી. જોકે, મુકેશ અંબાણી આ માટે લોબી ચલાવી રહ્યાં હતાં જેથી કરીને ઈલોન મસ્કની કંપની ભારતમાં ન આવી શકે. હવે, તે ધારવા કરતાં વહેલી ભારતમાં આવશે એવા એંધાણ છે. સ્ટારલિંક સેટેલાઈટની મદદથી ઈન્ટરનેટ પૂરુ પાડવાની છે. આ માટે તેને ભારતમાં તેની સર્વિસ શરૂ કરવા માટે લાયસન્સ લેવું પડે છે. આ કંપનીએ ૨૦૨૨ની ઓક્ટોબરમાં ગ્લોબલ મોબાઈલ પર્સનલ કમ્યુનિકેશન બાય સેટેલાઈટ સર્વિસ હેઠળ લાયસન્સ માટે એપ્લાઈ કર્યું હતું. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા કેટલીક શરતો મૂકવામાં આવી હતી. એમાની એક શરત ઈલોન મસ્ક ન માને એવું લાગી રહ્યું હતું, પરંતુ હવે તેણે એ સ્વિકારી લીધી છે અને બહુ જલ્દી લાયસન્સ મળી શકે છે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા સ્ટારલિંક સામે કેટલીક શરતો મૂકી હતી. આ શરતોમાં એક શરત ડેટા લોકેલાઈઝેશનની હતી. આ શરત મુજબ ઈલોન મસ્કની કંપનીએ ભારતના તમામ ડેટાને દેશમાં સ્ટોર કરવા પડશે. તેમ જ સિક્યોરિટીની વાત જ્યારે હોય ત્યારે એ ડેટાનો એક્સેસ પણ આપવો પડશે. સ્ટારલિંક કંપનીએ દેશની સિક્યોરિટીની વાતને ધ્યાનમાં રાખીને એ વાતને માની લીધી છે. જોકે આ માટે ઓફિશિયલ એગ્રીમેન્ટ કરવાનું બાકી છે, પરંતુ તેમણે તૈયારી દેખાડી છે. આ નિયમને માની લેતા લાયસન્સની પ્રોસેસ હવે સ્પીડમાં ચાલશે એવું લાગી રહ્યું છે. આ માટે સ્ટારલિંક હવે ઈન્ડિયન સ્પેસ રેગ્યુલેટર સાથે પણ વાતચીત કરી રહી છે. તેમની પાસેથી પણ જરૂરી પરવાનગી લેવાની હોય છે.



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

## ઉત્સવો, પર્વો તથા તહેવારોનું માનવ જીવનમાં મહત્વ

આપણો ભારત દેશ બીનસાંપ્રદાયિક દેશ છે. આપણાં ભારત દેશમાં દરેક જ્ઞાતિના તથા દરેક ધર્મના વ્યક્તિઓને, પોતાના પર્વો તથા તહેવારો ઉજવવાની છૂટ છે, તથા દરેક પંથના વ્યક્તિઓ, પોતાનો મનપસંદ ધર્મ પાળી શકે છે, અને તેથી જ કહેવાય છે કે, વિવિધતામાં પણ એકતા જોવી હોય તો ભારત દેશ જોવા પધારો. આપણી ભારતીય સંસ્કૃતિ દુનિયાના અન્ય દેશો કરતાં ભિન્ન પ્રકારની છે. અહીં દરેક વ્યક્તિઓ શાંતિથી અને સહજતાથી, દરેક પર્વોને આનંદથી માણી શકે છે. આપણાં દેશમાં જેટલાં તહેવારો અને ઉત્સવો ઉજવવામાં તથા મનાવવામાં આવે છે તેટલાં કદાચ દુનિયાના અન્ય દેશોમાં ઉજવાતા નહીં હોય. આપણી ભારતીય સંસ્કૃતિ માનવતાને વરેલી છે તથા માણસાઈ સાથે સુસંગત છે. આપણો દેશ સંસ્કાર અને સંસ્કૃતિ સાથે જોડાયેલો હોવાથી, અહીં દરેક ધાર્મિક તહેવારો બહુ ધૂમધામથી ઉજવવામાં આવે છે.

સામાન્ય રીતે દરેક રાજ્યોના અલગ અલગ તહેવારો હોય છે; પરંતુ એમાં ગુજરાતની વાત સાવ નિરાળી છે. ગુજરાત રાજ્યમાં વસતાં તમામ જ્ઞાતિના નાગરિકો પોતાના દરેક તહેવારો તથા ઉત્સવોને જેટલાં આનંદ, પ્રમોદ અને હર્ષોલ્લાસથી મનાવે તથા માણે છે તેટલાં અન્ય રાજ્યોમાં વસતાં નાગરિકો કદાચ ઓછા પ્રમાણમાં ઉજવતાં હશે. ગુજરાતની અસ્મિતા, ગરિમા તથા સંસ્કૃતિ અલગ અને નોંખા પ્રકારની છે.અહીં બધાં જ તહેવારોને તથા ઉત્સવોને એકસરખું અને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે, એટલે જ આપણાં ગુજરાતને'' જય જય ગરવી ગુજરાત'' કહેવામાં આવે છે.

તહેવારો અને ઉત્સવો ગુજરાતના લોકજીવનનો ધબકાર છે. ઉત્સવો,પર્વો અને તહેવારો માનવીના એકધારા કંટાળાજનક જીવનમાંથી નિરસતા દૂર કરે છે, અને મનને શાંતિ, રાહત અને શુકૂન બક્ષે છે. આપણી બહુરંગી સંસ્કૃતિ એ આપણા સમાજને ઘણાં જ ત્યૌહારોની અનોખી ભેટ આપી છે. આખા વર્ષ દરમ્યાન ભાગ્યેજ કોઈ મહિનો એવો આવતો હશે કે જેમાં કોઈ તહેવાર કે ઉત્સવ ના આવતો હોય.ગુજરાતમાં દરેક ઉત્સવને હળીમળીને; ઉત્સાહથી, ઉમંગ અને ધૂમધામથી ઉજવવામાં આવે છે. અહીં તમામ પર્વોને નાના મોટા, યુવક યુવતીઓ તથા વૃદ્ધો વિગેરે મન ભરીને માણે છે.

આપણાં ઉત્સવોને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી નાખવામાં આવ્યા છે, જેવા કે ધાર્મિક ઉત્સવ, સામાજિક કે સામૂહિક ઉત્સવ તથા રાષ્ટ્રીય ઉત્સવ વિગેરે. મહાશિવરાત્રિ, જન્માષ્ટમી જેવા ધાર્મિક ઉત્સવ, મકરસંક્રાંતિ, ધૂળેટી, દશેરા જેવા તહેવારો એવા છે કે તમામ ધર્મ,વર્ગ તથા જ્ઞાતિના વ્યકિતઓ ભેગા મળીને સામૂહિક રીતે ઊજવે છે એથી આવા તહેવારો સામૂહિક તહેવાર તરીકે ઓળખાય છે.આ ઉપરાંત કારીગર વર્ગ માટે વિશ્વકર્મા જયંતી તથા અમુક પ્રકારના જ્ઞાતિજનો માટે દિવાસો જેવા તહેવારો પણ એનું આગવું મહત્વ ધરાવે છે.રાષ્ટિય તહેવારોમાં સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક દિન, શહિદ દિન વિગેરે પણ તમામ જ્ઞાતિના નાગરિકો સામૂહિક રીતે ઉત્સાહથી ઉજવે છે. આપણાં ભારતીય લશ્કરમાં પણ તમામ જ્ઞાતિના વ્યકિતઓની અલગ અલગ રેજિમેન્ટ બનાવેલી છે અને દરેક રાજ્યનો નૌજવાન દેશ અને માભોમ કાજે ફના થવા હરદમ તૈયાર જ હોય છે.

માણસ રોજબરોજની એકધારી જિંદગીથી કંટાળી ન જાય અને એનું મન પ્રફુલ્લિત અને તાજગી સભર રહે તે હેતુથી જ મેળાઓ, ઉત્સવો તથા તહેવારોનું મહત્વ વધારવામાં આવ્યું હશે એમાં શંકાને કોઈ સ્થાન નથી. સામાન્ય રીતે દરેક વ્યક્તિ, પોતાની રોજિંદી જિંદગીમાં તથા કામગીરીમાં અતિ વ્યસ્ત રહેતો હોય છે, પરંતુ આવા ઉત્સવો તથા તહેવારોના માધ્યમથી એકબીજાની નજીક આવે છે, આના કારણે માનવો એકબીજાને જાણે તથા સમજે છે અને આ રીતે નવા નવા સંબંધો વધતાં અને વિકસતાં જાય છે. જો તહેવારો કે ઉત્સવોનું માનવ જીવનમાં મહત્વ ન જળવાતું હોય તો કદાચ મનુષ્ય આટલો સમજુ, લાગણીશીલ તથા વિચારશીલ ના બન્યો હોત.માટેજ માનવ જીવનમાં ઉત્સવો, પર્વો તથા તહેવારોનું વિશિષ્ટ અને અલાયદું સ્થાન રહ્યું છે અને રહેશે.

---

**જાગૃતિ બહુ સૂક્ષ્મદર્શક છે અને ખરેખર તે જીવનમાં જો કોઈપણ ક્ષેત્રે આવે તો તે જાદુ જેવું કામ કરે છે, સૂર્ય તો રોજ પ્રકાશે છે**

# પ્રકૃતિ એટલે જ પરમ શક્તિ, જેનો નિસ્વાર્થ પ્રેમ આપણાં સૌનું પોષણ કરે છે, પંચમહાભૂતથી જ સમગ્ર સૃષ્ટિનું સર્જન થયું છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**પરમાત્માની પ્રકૃતિ, એટલે કે પરમ શક્તિ સ્વરૂપે આ જીવ સૃષ્ટિમાં બિરાજમાન પંચ મહાભૂત, પવન, પાણી, અગ્નિ એટલે સૂર્ય, પૃથ્વી, અને આકાશ, આપણે બધા જ જાણીએ છીએ કે આ પંચમહાભૂતથી જ સમગ્ર સૃષ્ટિનું સર્જન થયું છે, દરેકે દરેક ચેતન વંત અથવા સજીવ સૃષ્ટિના મૂળમાં આ પાંચે પાંચ ઘટક હોય છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. દિવાળી પછી દેવ દિવાળીના દિવસોની શરૂઆત થઈ ગઈ છે, આજે તુલસી વિવાહ છે અને આપણે તુલસી વિવાહ વિશેના લેખમાં એ વિશે જાણ્યું. હમણાં તો દિકરો ઓસ્ટ્રેલિયા થી આવ્યો છે, અને જીવન સરિતા જાગૃતિના જાદુને માણતી માણતી નિશ્ચિંતતાથી આગળ વધી રહી છે. જાગૃતિ બહુ સૂક્ષ્મદર્શક છે અને ખરેખર તે જીવનમાં જો કોઈપણ ક્ષેત્રે આવે તો તે જાદુ જેવું કામ કરે છે. સૂર્ય તો રોજ પ્રકાશે છે, પણ તેના અજવાળા જોવા હોય તો જાગવું જ પડે એ સત્યનો સ્વીકાર જેમ સહજતાથી થાય તેમજ આ પરમાત્માની બનાવેલી પ્રકૃતિ પણ અનહદ આનંદ આપનારી છે, પણ તેને જાણવા જાગૃત થવું પડે. બધાની ગતિ શુભ મંગલ તરફની જ છે, એ ભરોસો પણ રાખવો પડે. જીવન સરિતાના વહેણને સરળ બનાવવા માટેનો આનાથી વધુ બીજો કોઈ સરળ ઉપાય નથી. આજનું ચિંતન પ્રકૃતિ શબ્દ પરનું છે. આમ તો પ્રકૃતિ ને, શબ્દ કઈ રીતે કહી શકાય પ્રકૃતિ જ પરમાત્મા છે. પરમ શક્તિનો પહેલો પરિચય જીવને પ્રકૃતિથી જ થાય છે. આપણે તેને બે ભાગમાં વહેંચી એ. પરમાત્માની પ્રકૃતિ, એટલે કે પરમ શક્તિ સ્વરૂપે આ જીવસૃષ્ટિમાં બિરાજમાન પંચ મહાભૂત, પવન, પાણી, અગ્નિ એટલે સૂર્ય, પૃથ્વી, અને આકાશ. આપણે બધા જ જાણીએ છીએ કે આ પંચમહાભૂતથી જ સમગ્ર સૃષ્ટિનું સર્જન થયું છે. દરેકે દરેક ચેતન વંત અથવા સજીવ સૃષ્ટિના મૂળમાં આ પાંચે પાંચ ઘટક હોય છે. અને દરેકે દરેક પોતાનું આ કાર્ય કે કર્મ નિઃસ્વાર્થભાવે કરે છે. સરકાર બધી વસ્તુનો ટેક્સ લે છે, પણ ઉપરવાળો આપણી પાસેથી આટલા મહામૂલા જીવન ઘટકને આપવા માટે કોઈપણ ટેકસ લેતો નથી. પ્રાણવાયુ સમાન ઓક્સિજન આપણને શ્વાસોશ્વાસની ક્રિયા માટે મફત મળે છે. પાણી, નદી નાળા અને સમુદ્ર એ તેનો મુખ્ય વિસ્તાર છે. પૃથ્વી પર પ્રત્યક્ષ દેવ તરીકે સૂર્ય સ્થાન પામે છે, અને રોજે તેના નિયત સમયે ઉદય અને અસ્તનું સ્વાભાવિક રીતેજ પરિપાલન કરે છે. પૃથ્વી એ આપણા ગમે તેવા વ્યક્તિત્વનો ભાર ઉપાડી સદીઓથી અટલ ભરોસે પરિભ્રમણ કરી રહી છે. આકાશ કઈ કેટલા ગ્રહ અને સિતારા રૂપે ઉર્જાને સમાવીને બેઠું છે. જેમાંની કેટલીય ઉર્જા તો પ્રલય પણ કરી શકે છે. આ બધા જ પોતાનું કાર્ય જે રીતે કરે છે, તે બહુ જ જરૂરી છે. કારણ તેના અસ્તિત્વ પર આપણું આ કહેવાતું વ્યક્તિત્વ ટકી રહ્યું છે. અને તેનાથી જ આ હરિયાળી પ્રકૃતિનુ નિર્માણ છે. નિર્માણ હોય તેનું નિર્વાણ પણ છે, એ સત્ય અહીં સિદ્ધ થાય છે. એટલે પંચમહાભૂત માંથી બનેલી કોઈપણ વસ્તુ અંતે પંચમહાભૂતમાં જ વિલીન થાય છે. અને એટલે જ જીવનો જન્મ છે, તો તેનું મૃત્યુ પણ છે અથવા નિર્વાણ પણ છે. દરેકને નસીબે નિર્વાણ નથી હોતું, ફક્ત મૃત્યુ છે. હવે જીવની પ્રકૃતિ,બહુ સહજતાથી લોકો બોલતા હોય છે કે પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય, તો અહીં એ પ્રકૃતિ તરફ નિર્દેશ છે. પંચ મહાભૂત થી બનેલ આ જીવાત્માંમા આ પાંચ છે ઘટક છે, પણ દરેકમાં તેની માત્રા અલગ-અલગ હોય છે, અને તે પરથી તેના સ્વભાવનું નિર્માણ થતું હોય છે. માત્રા ભેદે સૃષ્ટિમાં જુદા જુદા વ્યક્તિત્વ આપણને મળે છે. જો સમાન ગુણધર્મ ધરાવતા આ પંચમહાભૂતની અસર સમાન હોય તો અહીં કોઈ દોષ છે જ નહીં. પણ સમાજ જીવનમાં આપણે જોઈએ છીએ કે માત્રા ભેદને કારણે કેટલીક સમસ્યાઓ છે, તો ક્યાંક સમાધાન પણ છે. ઉમદા વ્યક્તિત્વ બહુ ઓછા જોવા મળે છે, બાકી બધા તો આ હું પણા ના દાયરામાં સતત ખૂપેલા હોય, પોતાના તરફ કોઈને જોવું જ નથી. પણ વાત એ ન કરતા આપણે આ પંચમહાભૂત થી સ્વભાવ કઈ રીતે નક્કી થાય છે તે જોઈએ. પવન, પવન એ સરળતાથી વહે છે. જીવના વ્યક્તિત્વ કે અસ્તિત્વમાં કેટલી સરળતા છે તે આ તત્વનું પ્રમાણ બતાવે છે. પાણી, પાણી એટલે પ્રવાહી અને પ્રવાહી તરલ હોય છે. જીવમાં નિર્મળતા નક્કી કરતું આ ઘટક છે, કોઈને મળવાથી જ આપણે શીતળતાનો અનુભવ કરીએ તો તે આ વસ્તુ બતાવે છે. અગ્નિ, અગ્નિ તેજ અથવા જ્ઞાન બતાવે છે, અને એટલે તે સૌથી જરૂરી છે. આ તત્વ ની જાગૃતિથી કદાચ જીવન સરળ છે. કોઈપણ વિષયવસ્તુનુ જ્ઞાન એ બહુ જરૂરી હોય છે. અને તેને કારણે ઉત્પન્ન થતું, તેજ એ જીવને સમાજમાં કીર્તિ પણ અપાવી શકે. પૃથ્વી, પૃથ્વી અચલ છે એટલે જીવમાં ધૈર્ય અથવા ધીરજનો જે ગુણ છે, ભરોસાનુ જે મહત્વ છે, તે સિદ્ધ કરનાર કોઈપણ વાત હોય તો તે પૃથ્વી તત્વ બતાવે છે. અને શિવ સંકલ્પ થી બહુ સારા પરિણામો મળતાં આપણે જોયા છે. આકાશ, આકાશનો મૂળ ગુણ ગ્રહણ અથવા સ્વીકાર કરવાનો છે. વસુદેવ કુટુંબમાં દરેકે દરેકનો સ્વીકાર કરીને, જીવવાની પરિકલ્પના પણ આનંદ આપે છે તો તેનું જીવન તો કેટલો આનંદ આપતુ હશે!! જીવ સંસારી હોય કે સાધક પણ આ પંચમહાભૂતથી બનેલો તેનો સ્વભાવ પર આત્મનિરીક્ષણ થી ગજબ ક્રાંતિ કરી શકે છે. અને જીવતા જીવ તે આ પંચ મહાભૂતમાં ઓગળી જઈને, પરમ તત્વ એટલે કે પરમાત્માને મહેસૂસ કરવાની અનુભૂતિ પણ નિરાકાર બ્રહ્મ ને માનનારા ફરે છે. પંચમહાભૂતના દરેકે દરેક ઘટકનું ખૂબ જ મહત્વ અને નિશ્ચિત કાર્ય છે, તેમ જીવમાં સમાયેલા આ પંચ ઘટકનું પણ કાર્ય હોય છે,બસ તે તરફ આપણી દ્રષ્ટિ વળવી જોઈએ. તો જાગૃત થઈ અને આ પંચ ઘટકને આપણા વ્યક્તિત્વમાં નિહાળી, અને અસ્તિત્વના ફલક પર તેને મુક્ત કરવાની ક્રિયા એટલે જ ધ્યાન છે. જેનો આરંભ સ્થૂળ શરીરથી જાગીને કરવાનો છે. નરસૈયો આપણને એક એક ડગલે મદદ કરે છે. ''જાગીને જોઉં તો જગત દીસે નહીં ઊંઘમાં અટપટા ખેલ ભાસે'''. જ્યાં સુધી આ મોહ નિંદ્રા છે ત્યાં સુધી જ જગત છે, બાકી પછી તો હરિની અપરંપાર કૃપા અને કરુણા જ છે. માત્ર જાગવાથી જાગૃતિ જ તેનો અનુભવ થાય છે. તો વસુધૈવ કુટુંબમાં શુભ મંગલની પ્રાર્થના અને દરેકે દરેક જીવ,જાગૃતિ નામના જાદુથી પોતાનું જીવન સરળ બનાવે તેવી એક અનન્ય પ્રાર્થના સાથે હું મારા શબ્દોને અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**યશોદાજીની નિષ્કામ ભક્તિ જોઈ ભગવાન સકામ બન્યા છે, ભક્તિનો ઊભરો આવે તો ભગવાન સકામ બને છે, તેઓ ધારણ માગે છે**

# યોગશાસ્ત્ર મનને એકાગ્ર બનાવે છે, સાંખ્યશાસ્ત્ર મનનો મેલ દૂર કરી મનને શુદ્ધ કરે છે.. આ બંનેની જરૂર છે..



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**યશોદા શરીરથી સેવા કરે છે, સેવા શરીરથી કરો, પણ મન જો સેવામાં નહીં હોય તો આનંદ મળશે નહીં, સેવા કરતાં હૃદય પીગળવું જોઇએ, આંખ ભીની થવી જોઇએ, સેવા કરતાં આનંદ મળવો જોઇએ, આ સદભાવથી સેવા કરનારા ઓછાં છે, દધિમંથન કરતી વખતે યશોદાજી શ્રીકૃષ્ણ તરફ જોયા કરે છે, શ્રીકૃષ્ણ તરફ નજર રાખી દહીં હોવે છે, યશોદાની જેમ તમે પણ કામ કરતાં કરતાં ઠાકોરજીને નિહાળ્યા કરજો.**

આજથી લીલી પરિક્રમાનો વિધિ વિધાન પૂર્વક પ્રારંભ થયો કારતક સુદ અગિયારસ મંગળવારથી કારતક સુદ પૂનમ સુધી છત્રીસ કિમીની પદયાત્રા થશે. વ્યસન મુક્તિ, સ્વરછતા અભિયાનને પ્રાધાન્ય આપવામાં આવશે સાથોસાથ ભાવિક ભક્તોને કોઈ જાતની તકલીફ ન પડે તે બાબતે તંત્ર દ્વારા પુરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભાગવત સેવામાં શરીરનો કસ કાઢો. શરીરમાંથી પરસેવો ન નીકળે ત્યાં સુધી સેવા કરો. ઠાકોરજીના ઉપયોગમાં મારું શરીર ન આવે તો શરીર વૃથા છે એવું માનો. આ શરીર શ્રીકૃષ્ણનું છે અને શ્રીકૃષ્ણ માટે છે. આ શરીર ધર્મનું ક્ષેત્ર છે. ધર્મક્ષેત્ર એટલે વિષ્ણુક્ષેત્ર. આ શરીર ભોગ ભોગવવા માટે નથી. યશોદા શરીરથી સેવા કરે છે. સેવા શરીરથી કરો, પણ મન જો સેવામાં નહીં હોય તો આનંદ મળશે નહીં. સેવા કરતાં હૃદય પીગળવું જોઈએ. આંખ ભીની થવી જોઈએ, સેવા કરતાં આનંદ મળવો જોઈએ. આ સદભાવથી સેવા કરનારા ઓછાં છે. દધિમંથન કરતી વખતે યશોદાજી શ્રીકૃષ્ણ તરફ જોયા કરે છે. શ્રીકૃષ્ણ તરફ નજર રાખી દહીં હોવે છે. યશોદાની જેમ તમે પણ કામ કરતાં કરતાં ઠાકોરજીને નિહાળ્યા કરજો, ગોપીઓની આદર્શ નજર આગળ રાખજો.ખાતાં-પીતાં, ઘર કામ કરતાં, ધંધો કરતાં પણ ઠાકોર જીને જ મેરો. લક્ષ્ય ભૂલશો નહીં. વ્યવહાર છૂટતો નથી,તો વ્યવહાર ને છોડવા ની જરૂર પણ નથી. વ્યવહાર કરતાં કરતાં પરમાર્થને યાદ રાખો. બધા જ સંતો કાંઈ ને કાંઈ ધંધો કરતા હતા ધંધો કરવો એ ગુનો નથી,પણ તેમાં ભગવાન ને ભૂલી જવાએ ગુનો છે. પરંતુ આ જગતમાં કોઈ કેવળ સ્ત્રી માટે જીવે છે, કોઈ કેવળ પુત્ર માટે જીવે છે.આ ઈષ્ટ નથી. લક્ષ્યને નજરમાં રાખવાનું છે. લક્ષ્યને લક્ષમાં રાખી કરેલો વ્યવહાર એ ભક્તિ છે. પરંતુ લક્ષ્યને ભૂલી જઈ વ્યવહાર કરે તો તે બંધનરૂપ છે. લક્ષ્યને ભૂલશો તો તમારે ચોર્યાસીના ચક્કરમાં ફરવું પડશે. વ્યવહારમાં છળકપટ ન રાખો. અસત્ય ન રાખો. વ્યવહારમાં અતિ શુદ્ધિ ન હોય ત્યાં સુધી ભક્તિ થતી નથી. યશોદા એ પુષ્ટિભક્તિ છે. પીળું વસ્ત્ર એ વૈષ્ણવની ભક્તિનું પ્રતીક છે. સંસાર ગોળી છે. તેનું મંથન કરી પ્રેમરૂપી નવનીત કાઢવાનું છે. પરમાત્મા તમારી પાસે બીજું કાંઈ માગતા નથી, ફક્ત પ્રેમ જ માગે છે. યશોદાજીની જેમ ગૃહકામ કરતાં કરતાં ઈશ્વરમાં દૃષ્ટિ અને મુખમાં પ્રભુનું નામ રાખો. પુષ્ટિ ભક્તિમાં વ્યવહાર અને ભક્તિ જુદાં નથી. ભક્ત જે કાંઈ કાર્ય કરે છે તે પ્રભુની આજ્ઞા સમજીને કરે છે. યશોદા સેવા કરે છે ત્યારે તેની આંખ શ્રીકૃષ્ણ ઉપર છે. શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં માનું હૃદય પીગળ્યું છે. એટલે વક્ષઃ સ્થળનું વસ્ત્ર ભીનું બન્યું છે. યશોદાનો શ્રૃંગાર એ ભક્તિનો શ્રૃંગાર છે. યશોદાનાં કુંડળ એ સાંખ્ય અને યોગ છે. સાંખ્ય અને યોગની મદદ મળે તો ભક્તિ સ્થિર છે. મનુષ્યના ઉપર દુઃખના પ્રસંગ આવે છે, ત્યારે તે પ્રભુની ભક્તિ કરે છે, પણ તેમાં સ્થિરતા નથી. તેથી યોગ અને સાંખ્ય વિના ભક્તિ અધૂરી છે. યશોદાનું એક કુંડળ યોગ અને બીજું કુંડળ સાંખ્ય છે. યોગશાસ્ત્ર મનને એકાગ્ર બનાવે છે. સાંખ્યશાસ્ત્ર મનનો મેલ દૂર કરી મનને શુદ્ધ કરે છે.. આ બંનેની જરૂર છે. ખૂબ ભક્તિ કરવી હોય તો આત્માને શરીરથી જુદો પાડો અને મનને ખૂબ એકાગ્ર કરો. શરીરનો આનંદ એ મારો નથી.જડ શરીરથી ચેતન આત્મા જુદો છે એમ વારંવાર વિચાર કરો. યશોદાજી રોજ કનૈયાને જગાડવો છે.મંગલ ગીત ગાઈને લાલાને જગાડે છે, પણ આજે માખણ તૈયાર થયા પછી બુદ્ધિરૂપી યશોદા વિષયોમાં ફસાય તો વિપત્તિ આવે એટલે કનૈયો માને છે કે,તું મને છોડીને જઈશ નહીં. એટલે શ્રીકૃષ્ણ યશોદાજીને કાંઈ કામ કરવા દેતા ન હતા. આજે યશોદાજી દધિમંથનમાં તન્મય છે. તેમની વાણીમાં શ્રી કૃષ્ણ છે, હૃદયમાં શ્રીકૃષ્ણ છે અને મનમાં શ્રીકૃષ્ણ છે. યશોદાજી મનસા,વાચા અને કર્મણાથી ઈશ્વરની સેવા કરવા લાગ્યાં,એટલે શ્રીકૃષ્ણ આપો આપ જાગ્યા. શ્રીકૃષ્ણ તો સર્વવ્યાપક બ્રહ્મ છે, હૃદય શ્રીકૃષ્ણ છે. પણ સુપ્ત અવ સ્થામાં છે. ફક્ત તેને જગાડવાની જ જરૂર છે. યશોદા જેવી ભક્તિ કરશો તો કનૈયો જાગશે. અનન્ય ભક્તિથી કનૈયો જાગે છે. શ્રીકૃષ્ણ જાગે તો આનંદ. શ્રીકૃષ્ણ એટલે આનંદ. આનંદ હૃદયમાં છે તે આનંદને જગાડવાનો છે. જીવ સંસારના જડ પદાર્થમાં આનંદ શોધવા જાય છે, એટલે તેને આનંદ મળતો નથી. ઈશ્વર સાથે જીવને તન્મય થવાની જરૂર છે. વૈષ્ણવ પરિશ્રમ કરે,એના શરીર માં પરસેવો નીકળે ત્યારે જ ઠાકોરજી જાગે છે. કારણ કે વૈષ્ણવ દુઃખી થાય તો લાલાને શાંત નિદ્રા આવતી નથી. યશોદાજીની નિષ્કામ ભક્તિ જોઈ ભગવાન સકામ બન્યા છે. ભક્તિનો ઊભરો આવે તો ભગવાન સકામ બને છે. તેઓ ધારણ માગે છે. ભગવાન નિષ્કામ છે, છતાં કાયમ બને છે. હવે ભગવાન શ્રીકૃષ્ણ ધાવવાની ઈચ્છાથી દહીં વલોવતી પોતાની માતા પાસે આવે છે. ઈશ્વર કંઈ જ ખાતા નથી,પણ ભક્તના હૃદયની આ ભાવના છે. ભક્તનું હૃદય પ્રેમ માં આર્દ્ર બને ત્યારે જ ભગવાનને ભૂખ-તરસ લાગે છે. કનૈયો ધીરે ધીરે પાછળથી આવે છે અને માની સાડીનો છેડો ખેંચે છે. મા તો એવાં તન્મય થયાં છે કે, લાલો ક્યારે આવ્યો તેની ખબર નથી. કનૈયો કહે છે કે, મા, તું કામ છોડી દે, મને ગોદમાં લે!મને ભૂખ લાગી છે. યશોદા સાધક છે,દધિમંથન સાધન છે, શ્રીકૃષ્ણ સાધ્ય છે. મનુષ્ય ઈશ્વરની ખરા હૃદયથી સાધના કરતો નથી, તેથી તેને ભગવાન દેખાતા નથી.કનૈયો પાછળ પડે તો તે કેમ ન મળે? અરે! તે તો જીવને મળવા આતુર જ છે, પણ જીવને ઈશ્વરને મળવાની ઈચ્છા જ નથી થતી. સાધન કરતાં એવી રીતે તન્મય બનો,દેહભાન ભૂલી જાવકે સાધ્ય તમારી પાછળ આવે.જેમ યશોદા ની ભક્તિ જોઈ કનૈયો યશોદા માતાનો પાલવ પકડે છે, તેમ જો તમારી પણ સાધનામાં તન્મયતા થશે તો સાધ્ય જરૂરથી તમારી પાસ આવશે જ. આ જ પુષ્ટિ ભક્તિ છે. ભક્તને પોતાના સુખનો વિચાર કરવાનો નહીં. કેવળ ઠાકોરજીના સુખનો જ વિચાર કરવો.આ છે પુષ્ટિમાર્ગ. આ છે પુષ્ટિભક્તિ. મન ને શ્રીકૃષ્ણમાં પરોવી રાખો તો કનૈયો તમારા હૃદયમાં નગશે જ. આ એનો કૉલ છે, જે હજારો વર્ષથી પળાતો આવ્યો છે. શ્રીકૃષ્ણનું કીર્તન કરતાં આંખો ઊઘાડી હોવા છતાં જગત ભૂલાય છે અને પ્રભુ સાથે તન્મય થવાય છે.યોગીઓ આંખો બંધ કરી બ્રહ્મ ચિંતન કરી જગતને ભૂલવા પ્રયત્ન કરે છે.છતાં જગત ને જલદી ભૂલાતું નથી, જ્યારે ભક્તો તે સહેલાઈથી કરી શકે છે.તન,મન અને વાણીથી એક થઈ ભગવાનની પાછળ પડે તો ભગવાન પકડાયા વિના રહે નહીં. એવી રીતે પકડાવું ભગવાનને ગમે પ્રેમથી સ્મરણ કરો તો શ્રી કૃષ્ણ પ્રેમમાં હૃદય પીગળે,એટલે આનંદ મળે છે. આનંદ એ બ્રહ્મનું સ્વરૂપ છે,શ્રી કૃષ્ણનું સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ આનંદ સ્વરૂપ છે, પ્રેમ સ્વરૂપ છે. કનૈયો ઘૂંટણીએ ચાલતાં મા પાસે આવ્યો.માને કહે,મા,મને ભૂખ લાગી છે. ખાવા આપ. યશોદાએ જે કામ હાથમાં લીધેલું તે મૂકવાનું મન થતું નથી. તે ધ્યાન આપતાં નથી. કનૈયો રડવા લાગ્યો. તરત માએ કામ મૂકી કનૈયાને ગોદમાં લીધે અને ધવડાવવા લાગ્યાં.દૂધની ધારા છૂટી. ભક્તિમાં હૃદયપીગળે એટલે આનંદ થાય.આનંદ ઈશ્વરનું સ્વરૂપ છે.યશોદાએ જીવ છે, શ્રી કૃષ્ણ એ પરમાત્મા છે. યશોદા બાળકને ધવડાવતા નથી. યશોદા બાલકૃષ્ણને ગોદમાં લઈપરમાત્મા સાથે એક થયાં છે,તેમને બ્રહ્મ સંબંધ થયો છે.આ અદ્વૈતની કથા છે.જીવ અને બ્રહ્મનું આ મિલન છે. જીવ અને બ્રહ્મનું મિલન થાય ત્યારે તેનું મન ચૂલા ઉપર જાય છે. ઈશ્વર મિલન નો પ્રસંગ આવે ત્યારે વિષયો મન માં આવવાનું કરે છે. સ્તનપાન કરતાં કરતાં આજે કનૈયાને માતાની પરીક્ષા કરવાની, એટલે કે માતાનો હું વહાલો છું કે આ સંસાર વહાલો છે તે જોવાની ઈચ્છા થઈ. પરમાત્મા કસોટી કરે છે? અને પછી કૃપા કરે છે. શ્રીકૃષ્ણ કોઈને પણ કસોટી કર્યાવગર અપનાવતા નથી. ઈશ્વર દરેક જીવની પરીક્ષા કરે છે.ઈશ્વર એવી ઈચ્છા રાખે છે કે,જીવ મારી સાથે જ વધારે પ્રેમ કરે. ઈશ્વરનો પટ્ટો ગળામાં રાખ્યો તે પછી ઈશ્વર સિવાય બીજામાં પ્રેમ ન કરે. ઈશ્વર અપેક્ષા રાખે છે કે, જીવ મારી સાથે પ્રેમ કરે,પ્રેમ કરવા જેવો એક ઈશ્વર છે.જગત ના પદાર્થોમાં કરેલો પ્રેમ એક દિવસ રડાવે છે.માનો પ્રેમ મારામાં છે કે સંસારમાં? ખોળામાં સૂતો સૂતો કનૈયો વિચારે છેકે, અગ્નિને આજ્ઞા કરીશ. તું ચૂલામાં જા. એટલે દૂધનો ઊભરો આવશે, એટલે દૂધ ચૂલામાં પડશે. મને છોડે નહીં તો હું વહાલો અને જો મને છોડી દૂધ ઉતારવા જશે તો સંસાર વહાલો. વાચક ચાહક મિત્રો, આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં થકી કંઈક મેળવવા પ્રયત્ન કરી રહ્યા છીએ ત્યારે ગરવા ગિરનારની ગોદમાં છત્રીસ કિમીની લીલી પરિક્રમાનો આજથી શુભારંભ થયો છે ત્યારે સૌની મનોકામના સદા શિવ ભોળોનાથ પુરી કરે તેવી શુભકામના પાઠવું છું.



# કરીના કપૂર ખાન સાથે 'દાયરા'માં પૃથ્વીરાજ સુકુમારન પણ જોડાશે...





## હંસલ મહેતા સાથે કામ કર્યા પછી હવે કરીના 'રાઝી' અને 'સેમ બહાદુર' ના ડિરેક્ટર મેઘના ગુલઝારની ફિલ્મમાં કામ કરવાની છે

કરીના કપૂર ખાન છેલ્લા કેટલાક સમયથી વૈવિધ્યપૂર્ણ રોલ કરવાની સાથે પેરેલલ સિનેમા અને સંદેશાત્મક ફિલ્મો માટે જાણીતા ડિરેક્ટર્સ સાથે કામ કરી રહી છે. હંસલ મહેતા સાથે કામ કર્યા પછી હવે કરીના 'રાઝી' અને 'સેમ બહાદુર'ના ડિરેક્ટર મેઘના ગુલઝારની ફિલ્મમાં કામ કરવાની છે. પ્રાથમિક રીતે આ ફિલ્મનું નામ 'દાયરા' આપવામાં આવ્યું છે. શરૂઆતમાં આ ફિલ્મમાં કરીના સામે આયુષ્યમાન ખુરાના અને સિદ્ધાર્થ મલ્હોત્રા જેવા નામોની ચર્ચા હતી. હંસલ મહેતા સાથે કામ કર્યા પછી હવે કરીના 'રાઝી' અને 'સેમ બહાદુર' ના ડિરેક્ટર મેઘના ગુલઝારની ફિલ્મમાં કામ કરવાની છે, પરંતુ હવે બંને કલાકારોએ ફિલ્મ છોડી દિધાં પછી આ ફિલ્મમાં પૃથ્વિરાજ સુકુમારનની પસંદગી કરવામાં આવી છે. સત્ય ઘટનાઓ પર આધારિત આ ફિલ્મ મેઘના ગુલઝારની 'સેમ બહાદુર' પછી પહેલી ફિલ્મ હશે. સૂત્રોના જણાવ્યા અનુસાર,"ડેટ્સના કારણે આયુષ્યમાન ખુરાના અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ 'દાયરા' ફિલ્મ છોડી દિધી છે, તેથી પૃથ્વીરાજનો સંપર્ક કરવામાં આવ્યો હતો. તેને ફિલ્મની સ્ક્રિપ્ટ અને તેની પાછળ રહેલો સંદેશ પસંદ પડ્યો છે. સ્ટોરીને આગળ વધારવા માટે તેનો રોલ મહત્વનો છે. જ્યારે કરીના આ ફિલ્મમાં નવા અવતારમાં જોવા મળશે, જે બહુ શક્તિશાળી નહીં હોય, તે નબળી અને સહજ હશે. પૃથ્વીરાજે સ્ક્રિપ્ટ સાંભળી છે અને તે આ ફિલ્મ માટે ઉત્સુક છે. જોકે હજુ તેણે ફિલ્મ સાઈન કરી નથી."પૃથ્વીરાજે છેલ્લે 'બડે મિયાં છોટે મિયાં'માં કામ કર્યું હતું. જેમાં તેણે અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સામે વિલનનો રોલ કર્યો હતો.

### હૈદરાબાદમાં આખી હોટલને કિલ્લામાં ફેરવી દેવાઈ


# સલામતીની ચિંતા વધી : સલમાને ૪ લેયર સિક્યુરિટી કવર સાથે ફિલ્મનું શૂટિંગ કર્યું

બિશ્નોઈ સમાજ માટે સન્માનીય ગણાતા કાળિયારના શિકાર મામલે સલમાન ખાનને સતત ધમકીઓ મળી રહી છે. શરૂઆતમાં દબંગ સ્ટારે આ ધમકીઓને ગંભીરતાથી લીધી ન હતી. જો કે મુંબઈમાં અગ્રણી નેતા અને સલમાન સાથે નિકટતા ધરાવતા બાબા સિદ્દિકીની હત્યા બાદ સલમાન ખાન અને તેના ચાહકોની ચિંતા વધી છે. સલમાન ખાન હાલ હૈદરાબાદમાં આગામી ફિલ્મ સિકંદરનું શૂટિંગ ચાલી રહ્યું છે. શૂટિંગ દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે સમગ્ર હોટલની ચુસ્ત કિલ્લેબંધી કરવામાં આવી છે અને સલમાન ખાન ૪ લેયર સિક્યુરિટી કવરમાં શૂટિંગ કરી રહ્યા છે. હૈદરાબાદની ફલકનુમા પેલેસ હોટલમાં 'સિકંદર'નું શૂટિંગ ચાલી રહ્યું છે અને આ હોટલના મોટાભાગના હિસ્સામાં ફિલ્મના સ્ટાફ સિવાય કોઈને પ્રવેશ નથી. 'સિકંદર' માટે હૈદરાબાદ શહેરમાં બે સેટ ઊભા કરાયા છે, જ્યારે મુખ્ય સેટ હોટલમાં છે. હોટલના એક હિસ્સામાં જ ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે, પરંતુ પ્રોડક્શન ટીમે સમગ્ર હોટલને અભેદ્ય કિલ્લામાં ફેરવી દીધી છે. હોટલમાં આવતાં કોઈ પણ ગેસ્ટને બે લેવલ સ્ક્રિનિંગમાંથી પસાર થવું પડે છે. હોટલના સ્ટાફ અને સલમાનની સિક્યુરિટી દ્વારા દરેક ગેસ્ટની ચકાસણી થાય છે અને ત્યારબાદ જ પ્રવેશ અપાય છે. આ ઉપરાંત અગાઉથી મંજૂરી લીધેલી હોય તેવા લોકોને જ પ્રવેશ અપાય છે. તે પૂર્વે ઓળખપત્રો અને વ્યક્તિનું બેકગ્રાઉન્ડ પણ તપાસી લેવાય છે. સ્ટાફનું પણ નિયમિત ચેકિંગ થાય છે અને કામની અદલા-બદલી પર સંપૂર્ણ પ્રતિબંધ છે. હોટલમાં પ્રવેશ માટેના બે લેયર બાદ બે સિક્યુરિટી એજન્સી દ્વારા ચકાસણી થાય છે. સલમાને આ વખતે સિક્યુરિટી માટે ખાસ એજન્સી પસંદ કરી છે, જેમાં પૂર્વ એનએસજી કમાન્ડો અને પોલીસ કર્મચારીઓ છે. સલમાનના ૪ લેયર સિક્યુરિટી કવરમાં પૂર્વ પેરામિલિટ્રી કમાન્ડો પણ છે. સલમાનના વિશ્વાસુ બોડીગાર્ડ શેરાએ પસંદ કરેલા લોકોની અલગ ટીમ છે અને તેના માટે હૈદરાબાદ તથા મુંબઈ પોલીસ પાસેથી મંજૂરી પણ લેવામાં આવી છે. સલમાન ખાનની ચારે તરફ ૫૦થી ૭૦ જેટલા જવાનો સિક્યુરિટી માટે ફરતા રહે છે. રશ્મિકા મંદાના સાથે 'સિકંદર'ના શૂટિંગ પછી સલમાન ખાન દુબઈમાં દ-બંગ ટૂર માટે જવાના છે. ગુરુવારે રાત્રે બિશ્નોઈ ગેંગ દ્વારા વધુ એક વખત કથિત ધમકી અપાઈ હોવાના કારણે સલમાનની આ ટૂરમાં પણ સલામતી બાબતે ચિંતા વધી છે. બિશ્નોઈ ગેંગનો કથિત મેસેજ મોડી રાત્રે મુંબઈ ટ્રાફિક કંટ્રોલ રૂમમાં આવ્યો હતો. આ મેસેજમાં લોરેન્સ અને સલમાનને સાંકળતું ગીત તૈયાર કરનારા ગીતકારને પણ ધમકી અપાઈ હતી. સલમાનને પાછલા ચારેક મહિનામાં પાંચમી ધમકી મળી છે. અગાઉ પાંચમી નવેમ્બરે મુંબઈ પોલીસને ધમકી અપાઈ હતી, જેમાં સલમાન ખાન માફી માગે અને રૂ.પાંચ કરોડ આપે તો જ જીવિત રહેશે, તેમ જણાવાયુ હતું. સલમાનને ધમકી આપવા અને તેના ઘરની બહાર હથિયારો સાથે ફરવા બાબતે પોલીસે આરોપીઓને પકડી લીધા છે. જો કે મુંબઈમાં બાબા સિદ્દિકીની હત્યા બાદ સલમાન ખાન કોઈ જોખમ લેવા તૈયાર નથી.




# રણબીર કપૂરની બંને 'રામાયણ' દિવાળીના દિવસોમાં રિલીઝ થશે

રણબીર કપૂર 'રામાયણ'માં રામનો રોલ કરી રહ્યો છે, તેવી તસવીરો અને અહેવાલો આવી રહ્યા હતા, પરંતુ ફિલ્મની ટીમ દ્વારા આ અંગે અત્યાર સુધીમાં કોઈ અપડેટ આવી નહોતી. અંતે હવે ફિલ્મના પ્રોડ્યુસર દ્વારા પોસ્ટર શેર કરવાની સાથે આ ફિલ્મ અંગે ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી છે. નિતેશ તિવારી દ્વારા ડિરેક્ટ થઈ રહેલી આ ફિલ્મ બે ભાગમાં રિલીઝ થશે. જેનો પહેલો ભાગ દિવાળી ૨૦૨૬ અને બીજો ભાગ દિવાળી ૨૦૨૭ પર રિલીઝ કરવામાં આવશે. રામાયણના પ્રોડ્યુસર પ્રાઈમ ફોકસ સ્ટુડિયોઝના નમિત મલ્હોત્રાની આ ફિલ્મમાં રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ મુખ્ય પાત્રમાં જોવા મળશે. આ ફિલ્મના પોસ્ટર શેર કરતા પ્રોડ્યુસરે જણાવ્યું,"આ મહાકાવ્યનું એડપ્શન ભારતની સૌથી લોકપ્રિય ગાથાને એક વૈભવી સ્તર પર અને અનોખી શૈલીમાં જીવંત કરશે." મલ્હોત્રાએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટર શેર કર્યું હતું, જેમાં એક તીર આગની જ્વાળાઓ સાથે ઉપર તરફ જઈ રહ્યું છે. આ પોસ્ટરમાં ફિલ્મના બંને ભાગની રિલીઝ અંગેની માહિતી, ડિરેકટર તેમજ પ્રોડ્યુસરના નામ રજૂ કરાયા છે.તેમણે આ પોસ્ટર સાથેની કૅપ્શનમાં લખ્યું હતું, "એક દાયકાથી પણ વધુ સમય પહેલાં, આ મહાગાથા જેણે ૫૦૦૦થી પણ વધુ વર્ષ સુધી લોકોના મન પર રાજ કર્યું છે તેને મોટા પડદા પર ઉતારવાની સફર શરૂ કરી હતી. અને આજે, હું તેને સુંદર આકાર પ્રાપ્ત કરતી જોઈને અતિ ઉત્સુક છું. કારણ કે, અમારી ટીમે તેના માટે માત્ર એક ઉદ્દેશ –આપણા ઈતિહાસ, આપણું સત્ય અને આપણી સંસ્કૃતિ –આપણી રામાયણને વિશ્વભરના લોકો માટે, સૌથી વિશ્વસનીય, પવિત્ર અને દર્શક માટે એક અદભૂત અનુભવ સમાન કામ તૈયાર કરવા માટે અથાગ પ્રયત્નો કર્યા છે."





તેમણે આગળ લખ્યું, "અમે ગૌરવ અને આદરભાવ સાથે આ મહાન ગાથાનો પહેલો ભાગ દિવાળી ૨૦૨૬ પર અને દિવાળી ૨૦૨૭માં બીજો ભાગ રજૂ કરીને અમારું સપનું પૂરું કરી રહ્યાં છીએ, ત્યારે આપ પણ અમારી સાથે જોડાઓ. અમારા સમગ્ર રામાયણ પરિવાર તરફથી આમંત્રણ છે." નિતેશ તિવારી આ પહેલાં દંગલ અને છિછોરે જેવી લોકપ્રિય અને સફળ ફિલ્મો આપી ચૂક્યા છે. ફિલ્મ બે પાર્ટમાં થશે રીલીઝ, બંને ફિલ્મોની રિલીઝ વચ્ચે એક વર્ષનું અંતર રહેશે, પહેલી ફિલ્મ ૨૦૨૬ની દિવાળીએ અને જ્યારે બીજી ફિલ્મ દિવાળીના અવસર પર વર્ષ ૨૦૨૭માં રિલીઝ થશે. બોલિવૂડ સ્ટાર રણબીર કપૂર છેલ્લા કેટલાક દિવસોથી તેની મચઅવેટેડ ફિલ્મ 'રામાયણ' માટે ચર્ચામાં છે.

## ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાના જતન સાથે દર્શકોને વિશ્વસનીય 'રામાયણ' બતાવવાનું વચન અપાયું



### ફિલ્મ પ્રારંભિક તબક્કામાં, અન્ય કાસ્ટનો નિર્ણય બાકી

# અમિતાભ બચ્ચનની ભૂતનાથ ફિલ્મના ત્રીજા પાર્ટની તૈયારી શરૂ




## ફિલ્મના પહેલા બે ભાગમાં શાહરૂખ ખાનનો કેમિયો હતો પરંતુ હવે ત્રીજા ભાગમાં તેનો રોલ લંબાઈ શકે છે

અમિતાભબચ્ચનની જાણીતી, લોકપ્રિય અને સફળ ફિલ્મ 'ભૂતનાથ'નો ત્રીજો ભાગ બનવાની તૈયારી શરૂ થઈ ગઈ હોવાના સમાચાર છે. આ ફિલમમાં બિગ બીએ એક પ્રેમાળ ભૂતની ભૂમિકા ભજવીને દર્શકોના દિલ જીતી લીધા હતા. જોકે હાલ આ ફિલ્મ પ્રારંભિક સ્ટેજમાં છે. આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૫માં શરૂ કરવામાં આવશે અને ૨૦૨૬માં ફિલ્મને રિલીઝ કરવાની યોજના છે. ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ શરૂ થઈ ગયું છે. રસપ્રદ વાત તો એ છે કે, શાહરૂખ ખાને ભૂતનાથના બન્ને ભાગમાં કેમિયો કર્યો હતો. પરંતુ હવે નિર્માતા ઈચ્છે છે કે, આ વખતે ત્રીજા હિસ્સામાં અભિનેતાનો રોલ વધુ લંબાવવામાં આવે. જોકે આ અંગેનો આખરી નિર્ણય સ્ક્રિપ્ટ પૂરી થાય પછી લેવામાં આવશે. 'ભૂતનાથ ૩' હજી પ્રારંભિક સ્ટેજમાં હોવાથી ફિલ્મની અન્ય કાસ્ટ વિશે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. સ્ક્રિપ્ટ પૂરી થાય પછી જ ફિલ્મને લગતા વિવિધ નિર્ણયો લેવામાં આવશે.

### નવી પેઢીની લવ સ્ટોરી 'ચાંદ મેરા દિલ' આગામી વર્ષે રિલીઝ થશે

# કરણ જોહરના બે ચાંદ, અનન્યા પાંડે અને લક્ષ્ય લાલવાણી

## કરણ જોહરે ફરી એક વાર પોતાની ફેવરિટ જોનર પર હાથ અજમાવ્યો છે





હિન્દી ફિલ્મોમાં જાજરમાન લવ સ્ટોરીનો જમાનો શરૂ કરનારા કરણ જોહરે ફરી એક વાર પોતાની ફેવરિટ જોનર પર હાથ અજમાવ્યો છે. કરણ જોહરે પોતાની આગામી ફિલ્મ એનાઉન્સ કરતી વખતે અનન્યા પાંડે અને લક્ષ્ય લાલવાણીને પોતાના બે ચાંદ ગણાવ્યા છે. કરણ જોહરના પ્રોડક્શન બેનર હેઠળ 'ચાંદ મેરા દિલ'નું આયોજન થયું છે, જે ૨૦૨૫માં રિલીઝ થશે. જોહરે ફિલ્મ એનાઉન્સ કરતા ચાર પોસ્ટર સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા. જેમાં જણાવ્યું હતું કે, અમારી પાસે બે ચાંદ તૈયાર છે. તેઓ ઈન્ટેન્સ અને પેશનેટ લવસ્ટોરી લાવી રહ્યા છે. પ્યાર મૈં થોડા પાગલ હોના પડતા હૈ. અનન્યા અને લક્ષ્ય પહેલી વાર કોઈ ફિલ્મમાં સાથે કામ કરી રહ્યા છે. લક્ષ્યની છેલ્લી ફિલ્મ રાઘવ જુયાલ સાથેની એક્શન થ્રિલર 'કિલ' હતી, જ્યારે અનન્યા છેલ્લે વિહાન સામત સાથે 'ઝ્ઈન'માં જોવા મળી હતી. અનન્યા પાંડેને કરણ જોહર પોતાની ફેવરિટ સ્ટાર ગણાવી ચૂક્યા છે. જ્યારે લક્ષ્ય સાથે અગાઉ કરણે 'કિલ' બનાવી હતી. કરણ જોહરની કેટલીક ફિલ્મો થીયેટરના બદલે સીધી્ પર રિલીઝ થયેલી છે. 'ચાંદ મેરા દિલ'ને થીયેટરમાં દર્શાવાશે કે તેનું પ્રોડક્શન શરૂ કરતાં પહેલાં જ કરણ જોહરે કોઈ્ પ્લેટફોર્મ સાથે ડીલ કરેલી છે, તે અંગે માહિતી બહાર આવી નથી. જો કે કરણની આ ફિલ્મમાં વિદેશના ભવ્ય લોકેશન્સ પર કલરફૂલ રોમેન્ટિક ગીતોની ભરમાર જોવા મળશે તે નક્કી છે.

# KGFના પ્રોડ્યુસર્સ સાથે પ્રભાસે 3 ફિલ્મ સાઈન કરી

રેબેલ સ્ટાર પ્રભાસના સિતારા 'સાલાર પાર્ટ ૧-સીઝફાયર'ની સફળતા સાથે ફરી ચમકી ઊઠ્યા છે. યશ સાથે કેજીએફ સીક્વલની બે હિટ ફિલ્મો આપનારા હોમ્બલે ફિલ્મ્સ દ્વારા પ્રભાસ સાથે ત્રણ ફિલ્મોના કરાર કરવામાં આવ્યા છે. આ પૈકીની પહેલી ફિલ્મ 'સાલાર પાર્ટ ૨- શોર્યાંગા પર્વમ' હશે, જેને કેજીએફ ફેમ પ્રશાંત નીલ ડાયરેક્ટ કરવાના છે. હોમ્બલે ફિલ્મ્સે એક્સ પ્લેટફોર્મ પર શુક્રવારે આ અંગે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ કર્યું હતું. જેમાં જણાવાયું હતું, મેડ ઈન ઈન્ડિયા એન્ડ બિલ્ટ ટુ લાસ્ય. પ્રભાસ સાથે હોમ્બલેની ત્રણ ફિલ્મ. રેબેલ સ્ટાર પ્રભાસ સાથે ભાગીદારીમાં ત્રણ ફિલ્મો સાથે ભારતીય સિનેમાની ક્ષમતાને વિશ્વ સમક્ષ રજૂ કરવાનો ધ્યેય છે. આ ત્રણેય ફિલ્મોમાં અવિસ્મરણિય સિનેમેટિક એક્સપિરિયન્સ આપવામાં આવશે. સ્ટેજ તૈયાર છે અને આગળનો રસ્તો અમર્યાદિત છે. આ નવી સફરની શરૂઆત સાલાર ૨ સાથે થશે. ઉલ્લેખનીય છે કે, હોમ્બલે પ્રોડક્શન હાઉસ કન્નડનું છે. પ્રશાંત વર્માના ડાયરેક્શનમાં કેજીએફ ૧ સાથે તેને પાન ઈન્ડિયા સફળતા મળી હતી. તે પછી 'કેજીએફ ૨' અને 'સાલાર પાર્ટ-૧'ને પણ ઓડિયન્સે ખૂબ પસંદ કરી હતી. ઋષભ શેટ્ટીની 'કાંતારા'ની પ્રીક્વલ પણ હોમ્બલેના બેનર હેઠળ બની રહી છે. પ્રોડક્શન હાઉસના સ્થાપક વિજય કિરાગંદુરે જણાવ્યું હતું કે, સીમાડાની મર્યાદા વટાવી જાય તે પ્રકારની કથા કહેવામાં હોમ્બલેને વિશ્વાસ છે. ટાઈમલેસ સિનેમા બનાવવા અને પેઢીઓ સુધી મનોરંજનની પ્રેરણા આપવાની દિશામાં આ મહત્ત્વનું પગલું છે. આ ત્રણેય પ્રોજેક્ટ પર પ્રભાસ સતત શૂટિંગ કરતો રહેશે. એક પછી એક ત્રણેય ફિલ્મો હાથ ધરાશે. 'સાલાર પાર્ટ ૨' ઉપરાંતની અન્ય બે ફિલ્મોની સ્ક્રિપ્ટ ફાઈનલ છે, પરંતુ તેની ઓફિશિયલ એનાઉન્સમેન્ટ થઈ નથી. આ ત્રણેય ફિલ્મોને વર્ષ ૨૦૨૬, ૨૦૨૭ અને ૨૦૨૮માં રિલીઝ કરવાનું આયોજન છે. ત્રણ પૈકીની પહેલી ફિલ્મ 'સાલાર પાર્ટ ૨' રિલીઝ થશે.



# દેવસેના 'ઘાટી'માં બનશે લેડી 'પુષ્પા'




બાહુબલિમાં દેવસેનાનો યાદગાર રોલ કરનારી અનુષ્કા શેટ્ટીની પાન ઈન્ડિયા ફિલ્મનું એલાન થયું છે. અનુષ્કાના ૪૩મા જન્મદિને 'ઘાટી'ની ઝલક શેર કરવામાં આવી હતી. જેમાં અનુષ્કા શેટ્ટીના ચહેરા પર ગુસ્સો, હાથમાં ચલમ અને આસપાસ લાશોના ઢગલા જોવા મળે છે. અનુષ્કાએ આ ફિલ્મમાં ખૂંખાર ડોનનો રોલ કર્યો છે. 'પુષ્પા'માં અલ્લુ અર્જુનની જેમ 'ઘાટી'માં અનુષ્કા શેટ્ટીને જંગલના માફિયા ડોન તરીકે રજૂ કરવામાં આવી છે. હિન્દી ફિલ્મોમાં એક્શન ક્વીન તરીકે દીપિકા પાદુકોણનો સિક્કો જામી રહ્યો છે ત્યારે સાઉથમાંથી અનુષ્કા શેટ્ટીએ ખૂંખાર ડોન બનવા કમર કસી છે. એક્ટરના ખૂંખાર અવતારને રજૂ કરતી 'ઘાટી'નું ડાયરેક્શન ક્રિશ જગરલામુડીએ કર્યું છે. મેકર્સે શેર કરેલા ટીઝરમાં તેને ખૂંખાર અને ઘાતકી ગણાવવામાં આવી છે. આ ફિલ્મને હિન્દી ઉપરાંત તમિલ તેલુગુ કન્નડ અને મલયાલમમાં રિલીઝ કરાશે. 'ઘાટી'નું બેકગ્રાઉન્ડ રૂરલ છે. પહાડીઓથી ઘેરાયેલા વિસ્તારમાં અનુષ્કાનું રાજ ચાલે છે. તેણે સાડી સાથે પરંપરાગત આભૂષણો પહેરેલા છે અને કાંડા પર ટેટૂ છે. જેને જોતાં જંગલ વિસ્તારમાં આ ફિલ્મ બની હોય તેમ જણાય છે. તે બસમાં બેઠેલા માણસનું ગળું કાપી નાખે છે, જેને જોતાં 'બાહુબલિ' અને 'રુદ્રમાદેવી'ની અનુષ્કા યાદ આવી જાય છે. ઠંડા કલેજે હત્યા બાદ તે પોતાની ઝૂંપડી તરફ પાછી ફરે છે અને તેના હાથમાં કપાયેલું માથું છે. આ સમયે તે ચલમ સળગાવે છે. ફિલ્મમાં ક્રાઈમ અને નાર્કોટિક્સની સાથે જંગલ વિસ્તારના માફિયારાજની સ્ટોરી હોય તેમ જણાય છે. આ ફિલ્મમાં એક મહિલાને એટલે કે અનુષ્કાને ગુનાખોરીથી પીડિત મહિલામાંથી માસ્ટરમાઈન્ડ ક્રિમિનલ બનતી બતાવવામાં આવી છે. ગાંજા જેવા માદક પદાર્થની તસ્કરી સાથે તે સંકળાયેલી છે અને તેને 'ઘાટી'ની રાણી તરીકે ઓળખવામાં આવે છે. અનુષ્કા શેટ્ટીની છેલ્લી ફિલ્મ 'મિસ્ટર પોલીશેટ્ટી' ૨૦૨૩માં રિલીઝ થઈ હતી. આ રોમેન્ટિક કોમેડીને પાન ઈન્ડિયા રિલીઝ કરાઈ ન હતી, પરંતુ અનુષ્કાની આગામી ફિલ્મને મોટા પાયે રિલીઝ કરવાનું આયોજન છે. તેની રિલીઝ ડેટ હજુ જાહેર થઈ નથી.

# મંત્રી કુંવરજી બાવળીયાએ ભરૂચ જિલ્લામાં આમોદ ખાતે ઉત્તરબારા સુધારાણા જુથ પાણી પુરવઠા યોજનાના ચાલુ કામોની મુલાકાત લઈ જાત નિરીક્ષણ કરી પ્રગતિ હેઠળના કામોની સમીક્ષા કરી

। (માહિતી) ભરૂચ, તા.૧૧ ।

જળ સંપત્તિ અને પાણી પુરવઠા અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગના કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા ભરૂચ જિલ્લાના એક દિવસિય પ્રવાસે પધાર્યા હતા. સ્થાનિક પદાધિકારી અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ દ્વારા મંત્રીશ્રીનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાં જંબુસરના ધારાસભ્ય શ્રી ડી.કે.સ્વામી અને પદાધિકારીશ્રીઓએ બુકેથી સ્વાગત કરીને મંત્રીશ્રીને આવકાર્યા હતા. આમોદ ખાતે ઉત્તરબારા સુધારણા જુથ પાણી પુરવઠા યોજનાના ચાલુ કામોની મુલાકાત લઈ સ્થળ પર પ્રગતિ હેઠળના કામોનું નિરિક્ષણ કર્યુ હતુ. મંત્રીશ્રીએ પાણી પુરવઠા યોજના દ્વારા બનાવેલા પમ્પ હાઉસ, હેડ વર્કસ, વોટર વર્કર, પાણીની ટાંકી, ફિલ્ટર પ્લાન્ટ અને સ્થળ પર બાંધકામ થઈ રહેલા પ્રગતિ હેઠળના કામોનું બારીકાઈથી રૂબરૂ નીરીક્ષણ કરીને હયાત સ્ત્રોત અને સાધન-સુવિધાનું ઝીણવટ-ભર્યુ નિરીક્ષણ કરી પાણી પુરવઠા વિભાગના અધિકારી પાસેથી માહિતી મેળવી હતી. ભરૂચ જીલ્લાના જંબુસર તાલુકાની ઉત્તરબારા જુથ પાણી પુરવઠા યોજનાનો પીવાના પાણીને મુખ્ય સોસ નાંદ ખાતે નર્મદામાં આવેલ ઈન્ટેકવેલ છે. જ્યાંથી પાલેજ હેડવર્કર્સ ખાતે પાણી લાવીને પાલેજ હેડ વર્કસથી ૮૧૩ મીમી વ્યાસ એમ.એસ. પાઈપ લાઈન મારફતે ૩૮ કીમી જંબુસર તાલુકાના મુખ્ય હેડવર્કર્સ ઉંમરા ખાતે રો-વોટર લાવી ૪૨ એમ.એલ.ડી ક્ષમતાના ફીલ્ટર પ્લાટમાં પાણી શુધ્ધિકરણ કરી ઉત્તરબારા જૂથ પણી પુરવઠા યોજનાના ૮૬ ગામો પૈકી જંબુસર તાલુકાના સમાવિષ્ટ ૮૧ ગામ/૧૩ પરા (હાલની વસ્તિ ૧,૫૧,૦૧૬) પુરો પાડવામાં આવે છે તથા પાલેજથી ૩૫૦ મીમી થી ૪૫૦ મીમી વ્યાસની ૨૯ કીમી ડી.આઈ. પાઈપલાઈન મારફતે આમોદ હેડ વકર્સ પાણી પહોંચાડી આ યોજના હેઠળના આમોદ તાલુકાના ૫ ગામો (હાલની વસ્તિ ૧૭,૨૩૭) તથા ૧ આમોદ શહેરને (હાલની વસ્તી ૧૭,૬૩૬) જરૂરીયાત મુજબ પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. આમ, આ જુથ યોજનાના સમાવિષ્ટ ગામોને દૈનિક આશરે કુલ ૧૬ થી ૧૭ એમ.એલ ડી. પીવાનો શુધ્ધ પાણી પુરું પાડવામાં આવે છે. આમ જંબુસર તાલુકાના સમાવિષ્ટ ૮૧ ગામ અને આમોદ શહેર અને આમોદ તાલુકાના ૫ ગામોનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઉત્તરબારા સુધારના જુથ પાણી પુરવઠા યોજના હેઠળના જંબુસર તથા આમોદ તાલુકના યોજનામાં



સમાવિષ્ટ ગામોને ૧૦૦ એલ.પી.સી.ડી. મુજબ પાણી પુરવઠો પુરો પાડવા ઉત્તરબારા જૂથ પાણી પુરવઠા યોજનાની મુખ્ય પાઈપલાઈન, વિતરણ પાઈપલાઈન બદલવી. હેક વકર્સ-સબ હેડ ખાતે વિવિધ ક્ષમતાના ભુગર્ભ સમ્પ બનાવવા, વિવિધ ક્ષમતાની ઊંચી ટાંકી બનાવવી, ગ્રામ્ય કક્ષાના સંમ્પ બનાવવા, પંમ્પ ઘર બનાવવા, પમ્પ રૂમ બનાવવા, પમ્પીંગ મશીનરી પુરી પાડી ફીટીંગ કરવી તથા તેના ધટકોને સંલગ્ન કામો માટેના સુધારણા કામોને અંદાજિત રકમ રૂપિયા રૂા. ૧૨૦.૯૭ કરોડ મંજૂરી મળેલ છે. આ યોજનાનું ૧૦૦ ટકા કામ પૂર્ણ થયે લોકોને પીવાના પાણીમાંથી રાહત મળશે. ત્યારબાદ મંત્રીશ્રીએ જંબુસર તાલુકાના મગણાદ ગામ પાસે ઢાઢર નદી પરના કોઝવે કમ બ્રિજની મુલાકાત કરી હતી. જે કોઝવે કમ પુલ તૂટી જતા અંદાજિત ૧૦ જેટલા ગામોને અવરજવર માટે મુશ્કેલીઓ નડી રહી હતી. જેને અનુંલક્ષીને ધારાસભ્યશ્રી ડી.કે. સ્વામિ અને સ્થાનિક આગેવાનોએ સરકારમાં રજૂઆતો કરી હતી. રજૂઆતને ધ્યાને લઈ સરકારમાં થી સ્થાનિકો સાથે મંત્રીશ્રીએ પણ રૂબરૂ સ્થળ મુલાકાત કરી નિરિક્ષણ કર્યું હતું. આ મુલાકાતમાં સિંચાઈ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગ બંન્ને વિભાગો વચ્ચે સંકલન કરાવી વહેલી તકે આ રજૂઆતનો નિવેડો આવે તે માટે અધિકારીશ્રીઓને સમીક્ષા-રચનાત્મક સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું. તે સાથે ગ્રામજનો અને સરપંચશ્રી અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના પ્રશ્નોને સાંભળીને હકારાત્મક પ્રત્યુત્તર પાઠવ્યા હતા. વહેલામાં વહેલી તકે સરકાર દ્નારા નિર્ધારિત સમયમાં યોગ્ય નિર્ણય લઈ લોકોની હાલાકી દૂર કરશે તેમ ભારપૂર્વક જણાવી સધિયારો આપ્યો હતો. આ મુલાકાત દરમ્યાન આ વિસ્તારના ધારાસભ્ય શ્રી ડી.કે. સ્વામી, પૂર્વ ધારાસભ્યશ્રી, સિંચાઈ વિભાગ, સિવિલ વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી, વાસ્મોના કાર્યપાલક ઈજનેરશ્રી, પાણી પુરવઠા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર અને અધિકારીઓ અને અન્ય પદાધિકારી અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડ્રોનની મદદથી મચ્છરોને નાથવાના પાઇલોટ પ્રોજેક્ટનો અમદાવાદમાં શુભારંભ





। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા ડ્રોનની મદદથી મચ્છરોનાં ઉત્પત્તિસ્થાનોને શોધવા તેમજ દવા છંટકાવ કરવા માટેનો પાયલોટ પ્રોજેક્ટ અમદાવાદમાં શરૂ કરવામાં આવ્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડ્રોન ટેકનોલોજીની મદદથી મચ્છર ઉપદ્રવ અટકાવવાની આ આગવી પહેલ કરવામાં અમદાવાદ જિલ્લા પંચાયત મધ્ય ગુજરાતમાં પ્રથમ છે. ચાંગોદર ગ્રામ પંચાયત ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલા તેમજ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી શૈલેષ પરમારની ઉપસ્થિતિમાં આ પાયલોટ પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો હતો. અમદાવાદ જિલ્લા પંચાયતના આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ડ્રોનની મદદથી મચ્છરોના ઉપદ્રવ અટકાવવાની કામગીરી ચાંગોદર ગ્રામીણ તેમજ ઔદ્યોગિક વિસ્તાર અને સાણંદના ઔદ્યોગિક વિસ્તારોમાં કરવામાં આવશે.

માણસની પહોંચથી દૂર એવા ઊંચાઈ પરનાં સ્થાનો - અંતરિયાળ સ્થળોએ ડ્રોન પહોંચીને મચ્છર નાબૂદીનું કાર્ય કરશે. મકાનોની અગાશી પર ખુલ્લી ટાંકીઓ, ટાયર, પાણીનાં ખાબોચિયાં જેવાં મચ્છરનાં ઉત્પતિસ્થળો શોધવા ડ્રોન સર્વેલન્સ કરશે. મચ્છરનાં ઉત્પતિસ્થાનોને ઓળખી ત્યાં દવા છંટકાવની કામગીરી પણ ડ્રોન કરશે. એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ટેકનોલોજીથી ડ્રોન મચ્છરનાં ઉત્પતિસ્થળોને આપોઆપ આઈડેન્ટીફાઈ કરી લેશે, આવાં તમામ સ્થળો અને મચ્છર નાબૂદી કામગીરીનો ડેટા લાઈવ અપડેટ થશે. મચ્છરનાં ઉત્પતિસ્થાનોની જાણ મકાન માલિક, ફેક્ટરી માલિકને પણ તુરંત કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ડ્રોનના કાર્ય વિસ્તારની રેડિયસ (ત્રિજ્યા) ૨૫ કિમી નિયત કરવામાં આવી છે, ડ્રોન તેની સિંગલ ફ્લાઈટમાં ૧૦ લીટર જેટલી દવા લઈને ઉડાન ભરી શકે છે. આ ડ્રોન મચ્છરનાં ઉત્પતિસ્થાનોના હાઈ રિઝોલ્યુશન ફોટોગ્રાફ લેવા, પાણી ભરાયા હોય તેવાં સ્થળોને ઓળખવાં, તેને માર્ક કરવાં, તેમજ જે તે સ્થળના કોર્ડિનેટ નોંધવા માટે સક્ષમ છે અને તે માટેની એઆઈ ટેકનોલોજીથી સજ્જ છે. અમદાવાદ જિલ્લા પંચાયત

# ઝાલોદ નગરમાં હાઇવે પર આવેલ મોટા ભાગના સી.સી. ટી.વી કેમેરા બંધ : ચોરો બિન્દાસ ચોરી કરી પલાયન

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

થોડા દિવસ પહેલાં દાહોદ રોડ પર સુંદરમ હોસ્પિટલની સામે પટેલ કિરાના સ્ટોરના માલિકની પોતાની એક્ટિવા દુકાન બહાર પાર્ક કરેલ હતી તે અજાણ્યો ઈસમ ચોરી કરી નાસી ગયેલ હતો. ત્યારબાદ ધ્રુવ પટેલ દ્વારા મુવાડા ચોકડી, સરદાર ચોક, ગામડી ચોકડી, ઠુઠી કંકાસિયા ચોકડી સુધીના કેમેરા જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો પણ આ દરેક વિસ્તારોમાં કેમેરા બંધ હાલતમાં જોવા મળ્યા હતા. ઠુઠી કંકાસીયા ચોકડી ખાતે તો સી.સી. ટી.વી કેમેરા તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા. જે તે સમયે આ કેમેરા નગરની સુરક્ષા તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બને તો ગુનેગારોને ઝડપી પાડવાના ઉદ્દેશ્યથી લગાવવામાં આવ્યા હતા.

જે તે સમયે નગરપાલિકા દ્વારા આ સી.સી. ટી.વી કેમેરા નાખવામાં આવ્યા હતા પરંતુ આ સી.સી.ટી.વી કેમેરાના નિભાવ ખર્ચ તેમજ નવીનીકરણ કરવામાં નગરપાલિકા વામણી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

સાબિત થઈ છે જેથી નગરમાં બાઈક ચોરો તેમજ નાની મોટી ચોરી કરતા ગુનેગારો ઝડપી પાડવામાં પોલિસને સફળતા મળતી નથી. હાલ આ તમામ કેમેરાનુ ઓપરેટીંગ ઝાલોદ પોલિસ સ્ટેશન માંથી કરવામાં આવે છે પરંતુ આ કેમેરાના નિભાવ ખર્ચ કેવી રીતે કાઢવું તેનો પ્રશ્ન પોલીસને પણ સતાવી રહેલ છે. નગરના લોકોની તો હાલ એક જ માંગ છે કે દરેક જાહેર માર્ગો પરના સી.સી.ટી.વી કેમેરા ચાલુ કરે જેથી નગરમાં ફરતા ચોરી કરનાર અસામાજિક તત્વો પર અંકુશ મુકાય.

# શ્રી સ્વામિનારાયણ મંદિરના ૨૦૦મા વર્ષની ઉજવણીમાં પ્રધાનમંત્રીના સંબોધનનો મૂળપાઠ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૧ ।

ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં નમન કરું છું. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી વડતાલ ધામમાં દ્વિશતાબ્દી મહોત્સવનો ભવ્ય કાર્યક્રમ ચાલી રહ્યો છે. દેશ-વિદેશના તમામ હરિભક્તો ત્યાં પધાર્યા છે અને સ્વામિનારાયણની પરંપરા છે કે સેવા વિના તેમનું કાર્ય આગળ વધતું નથી. આજે લોકો પણ ખૂબ જ ઉત્સાહથી સેવા કાર્યમાં સહયોગ આપી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં ટીવી પર, મીડિયામાં આ સમારોહની તસવીરો અને સોશિયલ મીડિયા પરના વીડિયો જોઈને મારો આનંદ અનેકગણો વધી ગયો.

વડતાલ ધામની સ્થાપનાના ૨૦૦ વર્ષની આ દ્વિ-શતાબ્દીની ઉજવણી માત્ર એક ઘટના કે ઈતિહાસની તારીખ નથી. વડતાલ ધામમાં અનન્ય આસ્થા સાથે ઉછરેલા મારા જેવા દરેક વ્યક્તિ માટે આ એક મોટી તક છે. હું માનું છું કે અમારા માટે આ અવસર ભારતીય સંસ્કૃતિના શાશ્વત પ્રવાહનો પુરાવો છે. આજે પણ આપણે ૨૦૦ વર્ષ પહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્થાપિત વડતાલ ધામની આધ્યાત્મિક ચેતનાને જીવંત રાખી છે. આજે પણ આપણે અહીં ભગવાન શ્રી સ્વામિ નારાયણના ઉપદેશો અને ઉર્જાનો અનુભવ કરી શકીએ છીએ. હું તમામ સંતોના ચરણોમાં નમન કરું છું અને દ્વિશતાબ્દીની ઉજવણી પર તમને અને તમામ દેશવાસીઓને અભિનંદન આપું છું. મને ખુશી છે કે ભારત સરકારે આ અવસર પર ૨૦૦ રૂપિયાનો ચાંદીનો સિક્કો અને સ્મારક ટપાલ ટિકિટ પણ બહાર પાડી છે. આ પ્રતીકો ભાવિ પેઢીના મનમાં આ મહાન પ્રસંગની યાદોને જીવંત રાખશે. ભગવાન સ્વામિનારાયણ સાથે સંકળાયેલ દરેક વ્યક્તિ જાણે છે કે આ પરંપરા સાથે મારું જોડાણ કેટલું ઊંડું છે. આપણા રાકેશજી ત્યાં બેઠા છે, તેમની સાથે મારો સંબંધ કેવો છે, કેટલો જૂનો છે, તે તમને કોઈ દિવસ કહેશે. આ સંબંધ આધ્યાત્મિક, આધ્યાત્મિક અને સામાજિક પણ છે. હું ગુજરાતમાં હતો ત્યારે સંતો અને સત્સંગનો સંગાથ મને સરળતાથી મળી રહેતો. તે મારા માટે ભાગ્યશાળી ક્ષણો હતી અને મેં પણ તે ક્ષણને મારા હૃદયની સામગ્રી સાથે જીવી હતી. ભગવાન સ્વામિનારાયણની કૃપાથી એ ક્રમ આજે પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નહીં તો કોઈને કોઈ સ્વરૂપે ચાલુ છે. મને અનેક પ્રસંગોએ સંતોના આશીર્વાદ મળ્યા છે. રાષ્ટ્ર માટે અર્થપૂર્ણ વિચાર કરવાની તક છે. હું ઈચ્છું છું કે આજે વડતાલ ધામના આ પ વિત્ર ઉત્સવમાં હું પોતે પણ હાજર રહ્યો હોત. મને તમારી વચ્ચે બેસીને ઘણી જૂની વાતો યાદ કરવાની બહુ ઈચ્છા હતી અને તમને પણ ગમશે અને મને પણ ગમશે એ સ્વાભાવિક છે. પરંતુ જવાબદારીઓ અને વ્યસ્ત શિડ્યુલને કારણે આ શક્ય બન્યું નહીં. પરંતુ મારા હૃદયથી હું તમારી વચ્ચે છું. અત્યારે મારું મન સંપૂર્ણપણે વડતાલ ધામમાં છે. આદરણીય સંતો, આપણા ભારતની આ વિશેષતા રહી છે કે જ્યારે પણ કપરો સમય આવ્યો છે, તે સમયે કેટલાક ઋષિ, મહર્ષિ, સંત, મહાત્મા અવતર્યા છે. ભગવાન સ્વામિનારાયણનું આગમન પણ એવા સમયે થયું જ્યારે દેશ સેંકડો વર્ષની ગુલામી પછી નબળો પડી ગયો હતો. મારી જાત પરનો વિશ્વાસ ગુમાવી દીધો હતો. તે પોતાની જાતને શ્રાપ આપવામાં વ્યસ્ત હતો. ત્યારે ભગવાન સ્વામિનારાયણ અને તે સમયગાળાના તમામ સંતોએ આપણને નવી આધ્યાત્મિક ઉર્જા આપી છે. તેમણે અમારા સ્વાભિમાનને જાગૃત કર્યું અને અમારી ઓળખને પુનર્જીવિત કરી. આ દિશામાં શિક્ષાપત્રી અને વચનામૃતનો ફાળો ઘણો મોટો છે. તેમના ઉપદેશોને આત્મસાત કરીને આગળ લઈ જવાની આપણા સૌની ફરજ છે. મને આનંદ છે કે આ પ્રેરણાથી આજે વડતાલ ધામ માનવતાની સેવા અને યુગના સર્જનની એક મહાન સંસ્થા બની છે. આ વડતાલ ધામે આપણને વંચિત સમાજમાંથી સગરામજી જેવા ભક્તો આપ્યા છે.

આજે, બાળકોના ખોરાક, આશ્રય, શિક્ષણ અને એટલું જ નહીં, દૂરના જંગલોમાં ઘણા સેવાકીય પ્રોજેક્ટ તમારા બધા દ્વારા ચલાવવામાં આવી રહ્યા છે. તમે લોકો આદિવાસી વિસ્તારોમાં દીકરીઓના શિક્ષણ જેવા મહત્વપૂર્ણ અભિયાન ચલાવી રહ્યા છો. ગરીબોની સેવા કરવી, નવી પેઢીનું નિર્માણ કરવું, આધુનિકતા અને આધ્યાત્મિકતાનો સમન્વય કરીને ભારતની સંસ્કૃતિનું જતન કરવું, સારા ભવિષ્ય માટે આજે જે અભિયાન ચાલી રહ્યું છે, સ્વચ્છતાથી લઈને પર્યાવરણ સુધીના તમામ કોલ મેં કર્યા છે, મને આનંદ છે કે તમે બધા સંતો. ભક્તોએ મને ક્યારેય નિરાશ કર્યો નથી. મેં જે કહ્યું તે તમે તમારા પોતાના તરીકે સ્વીકાર્યું. તમે તમારી પોતાની જવાબદારી સ્વીકારી અને તેને દિલથી નિભાવવાનું ચાલુ રાખ્યું. મને કહેવામાં આવ્યું છે કે મેં થોડા દિવસો અગાઉ જે આહ્વાન કરેલું. માતાના નામે એક વૃક્ષપ તમારી પોતાની માતાના નામે એક વૃક્ષ વાવોપ માતાના નામે એક વૃક્ષપ આ અભિયાનમાં સ્વામિનારાયણ પરિવારે એક લાખથી વધુ વૃક્ષો વાવ્યા છે. દરેક વ્યક્તિના જીવનમાં એક હેતુ હોય છે, જીવનનો એક હેતુ હોય છે. આ હેતુ આપણું જીવન નક્કી કરે છે. આપણા મન, ક્રિયાઓ અને શબ્દોને અસર કરે છે. જ્યારે આપણે આપણા જીવનનો હેતુ શોધીએ છીએ, ત્યારે આખું જીવન બદલાઈ જાય છે. આપણા સંતો અને મહાત્માઓએ દરેક યુગમાં માણસને તેના જીવનના ઉદ્દેશ્યોની અનુભૂતિ કરાવી છે.

# કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની અધ્યક્ષતામાં વેસુ સ્થિત સંયમ વિહાર ખાતે જૈન વિશ્વ ભારતી સંસ્થાનો ૧૫મો દીક્ષાંત સમારોહ યોજાયો

। (માહિતી) ગાંધીનગર, તા.૧૧ ।

કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાનની અધ્યક્ષતામાં વેસુ સ્થિત સંયમ વિહાર ખાતે જૈન વિશ્વ ભારતી સંસ્થાનો ૧૫મો દીક્ષાંત સમારોહ યોજાયો હતો. જેમાં જૈન વિદ્યા એવં તુલનાત્મક ધર્મ તથા દર્શન વિભાગ, પ્રાકૃત એવં સંસ્કૃત વિભાગ, યોગ એવં જીવન વિજ્ઞાન વિભાગ, અહિંસા એવં શાંતિ વિભાગ, શિક્ષા વિભાગ, અંગ્રેજી વિભાગ તેમજ આચાર્ય કાલુ કન્યા મહાવિદ્યાલય મળી ૧૯૧૭ યુવા છાત્ર-છાત્રાઓને વિવિધ પદવીઓ એનાયત કરવામાં આવી હતી. જેમાં સ્નાતક અને અનુસ્નાતકની પરીક્ષાઓમાં ઉચ્ચ સ્થાન મેળવનારા ૧૦ વિદ્યાર્થીઓને સુવર્ણ પદક અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આ પ્રસંગે સુરતના સાંસદશ્રી મુકેશ દલાલ અને આચાર્યશ્રી




મહાશ્રમણજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું કે ભારતીય સંવિધાનમાં વ્યક્તિની ગરિમાને વિશેષ સ્થાન મળ્યું છે. જ્ઞાન અને ચરિત્રનું શ્રેષ્ઠ નિર્માણ કરતી જૈન વિશ્વ ભારતી સંસ્થાનું મહત્વનું યોગદાન છે. આ દેશની પ્રથમ મોબાઈલ(ચલિત) સંસ્થા છે. જેમાં ભ્રમણ કરતા કરતા લોક ચરિત્રને આત્મસાત કરી શકાય છે. સમાનતા અને સમાનુભૂતિને મહત્વ આપ તી આ સંસ્થા લોકોમાં જીવન મૂલ્યોનું શિક્ષણ આપે છે. વધુમાં જૈન વિશ્વ ભારતી સંસ્થાના સિધ્ધાંતો અને વિષયોને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે સરખાવતા તેમણે બાળકોમાં સૌ પ્રથમ આદર્શ મૂલ્યોની સ્થાપના પર મૂકાતા ભારણ વિષે વાત કરી હતી. વિદ્યાર્થીઓને ડિગ્રી અને વિષયમાં દક્ષ્યતા હાંસલ કરવાની સાથે મનની દક્ષ્યતા મેળવવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, અહિંસા પર ચાલતા જૈન ધર્મની જેમ જ ભારત દેશના મૂળમાં પણ યુગોથી અહિંસાને પ્રાધાન્ય અપાયું છે. આ પ્રસંગે સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ દિનેશ મહેશ્વરીનું ડી-લિટની વિશેષ ઉપાધિ સાથે સન્માન કરાયું હતું. આચાર્યશ્રી મહાશ્રમણજીએ વિદ્યાર્થી ઓને જીવન અને જ્ઞાનનું મહત્વ સમજાવી શ્રેષ્ઠ નાગરિક બનવાની પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં જૈન વિશ્વ ભારતી સંસ્થાના કુલસચિવ અજય પાલ કૌશિક, ચાન્સેલરશ્રી અર્જુનરામ મેઘવાલ, વાઈસ ચાન્સેલરશ્રી પ્રો.બી.આર.દુગ્ગર ગવર્નિંગ બોડીના સભ્યો, ટ્રસ્ટીગણ, પ્રાધ્યાપકો, દીક્ષાંત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. જૂનાં સંપર્કો તથા મિત્રો મદદરૂપ સાબિત થશે. આજે તમારા પ્રિયપાત્રને કોઈ પ્રેમભરી વાત ન કરતા. કામના સ્થળે તમારી સફળતના માર્ગમાં જેઓ અંતરાય બની રહ્યા હતા.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો? આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્ત્રોત બનશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમારી હાલત તથા તમારી જરૂરિયાત સમજતા હોય તેવા નિકટના મિત્રો સાથે બહાર જાવ.

**તુલા (ર,ત) :**

આજના દિવસે અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું? તમને ખુશ રાખવા તમારા બાળકો તેમનાથા બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે. આ રાશિ ના વેપારીઓ ને આજે કોઈ નજીકી ની ખોટી સલાહ ને લીધે પરેશાની થયી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર, કેન્દ્રીય પ્રધાન અર્જુન રામ મેઘવાલ, ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ, ન્યાયાધીશ ડી.વાય. સાથે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ભારતના મુખ્ય ન્યાયાધીશ, ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના શપથ ગ્રહણ સમારોહમાં જોડાયા હતા.

### રશિયાના સૌથી વ્યસ્ત એરપોર્ટ પર વિમાનોનું ઉડ્ડયન અટકી ગયું

# રશિયામાં યુક્રેનનો ભીષણ ડ્રોન હુમલોઃ એકનું મોત, અનેક ઘાયલ

## યુક્રેન મિલિટરીના જણાવ્યા અનુસાર રશિયાના ૧૪૫માંથી ૬૨ ડ્રોનને તોડી પડાયા હતા અને ૬૭ને જામ કરાયા હતા

। (એજન્સી) કીવ, તા.૧૧ ।

યુક્રેને રવિવારે કરેલા ભીષણ ડ્રોન હુમલામાં મોસ્કો અને તેના સબર્બ હચમચી ઉઠ્યા હતા. સંખ્યાબંધ ડ્રોન હુમલામાં ઓછામાં ઓછા એકનું મોત થયું હતું અને અનેક ઘાયલ થયાં હતાં. રશિયાના સૌથી વ્યસ્ત એરપોર્ટ પર વિમાનોનું ઉડ્ડયન અટકી ગયું હતું અને ઘણી ફ્લાઈટ્સને ડાઈવર્ટ કરાઈ હતી. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે રાત્રે યુક્રેનના કુલ ૮૪ને તોડી પાડવામાં આવ્યાં હતા. બીજી તરફ રશિયાએ પણ વિક્રમજનક ૧૪૫ ડ્રોન સાથે યુક્રેન પર હુમલા કર્યા હતા. યુક્રેન મિલિટરીના જણાવ્યા અનુસાર રશિયાના ૧૪૫માંથી ૬૨ ડ્રોનને તોડી પડાયા હતા અને ૬૭ને જામ કરાયા હતા. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને શનિવારે રાત્રે ઉત્તર કોરિયા સાથે એકબીજા દેશો પર હુમલાના કિસ્સામાં એકબીજાને તાકીદે લશ્કરી મદદ કરવાના કરાર પર હસ્તાક્ષર



કર્યા પછી યુક્રેન યુદ્ધ વધુ તીવ્ર બન્યું હતું. આ સપ્તાહની શરૂઆતમાં યુક્રેને જણાવ્યું હતું કે તેના દળોએ સૌ પ્રથમ વખત ઉત્તર કોરિયાના સૈનિકોનો સામનો કર્યો હતો. અગાઉ અમેરિકાએ રશિયામાં ઓછામાં ઓછા ૩,૦૦૦ ઉત્તર કોરિયાના સૈનિકોની તૈનાતીની પુષ્ટિ કરી હતી. દરમિયાન બ્રિટનના ડિફેન્સ સ્ટાફ ચીફ ટોની રાડાકિને દાવો કર્યો હતો કે ફેબ્રુઆરી ૨૦૨૨માં યુદ્ધ ચાલુ થયા પછી રશિયાના ૭ લાખ સૈનિકોના મોત થયા છે.

### યુરોપમાં US આર્મીની હાજરીની યાદ અપાવી

# રાષ્ટ્રપતિપદની ચૂંટણી જીત્યા બાદ ટ્રમ્પે પુતિનને કર્યો ફોન

## પુતિને ટ્રમ્પને તેમની ચૂંટણી જીત પર અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે તેઓ તેમની સાથે વાત કરવા તૈયાર છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧ ।

રાષ્ટ્રપતિપદની ચૂંટણી જીત્યા બાદ ટ્રમ્પે પુતિનને કર્યો ફોન, યુરોપમાં US આર્મીની હાજરીની અપાવી દીધી યાદઅમેરિકામાં રાષ્ટ્રપતિપદની ચૂંટણી જીત્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે ૭ નવેમ્બરે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાત કરી હતી. એક અહેવાલ મુજબ US રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ કોલ તેમના ફ્લોરિડામાં સ્થિત રિસોર્ટમાંથી કર્યો હતો. આ દરમિયાન ટ્રમ્પે રશિયન રાષ્ટ્રપતિને યુક્રેનમાં યુદ્ધ ન વધારવાની સલાહ આપી અને તેમને યુરોપમાં અમેરિકાની મોટી સૈન્ય હાજરીની યાદ અપાવી. પુતિને ટ્રમ્પને તેમની ચૂંટણી જીત પર અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે તેઓ તેમની સાથે વાત કરવા તૈયાર છે. તેમણે યુએસ-રશિયા સંબંધોને પુનઃસ્થાપિત કરવા અને યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવા તરફ કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. બંને નેતાઓએ યુરોપિયન ખંડ પર શાંતિના ધ્યેય અંગે



ચર્ચા કરી હતી અને ટ્રમ્પે યુદ્ધના વહેલા ઉકેલની ચર્ચા કરવા માટે વાતચીત ચાલુ રાખવામાં રસ દર્શાવ્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું કે તેઓ રશિયા- યુક્રેન યુદ્ધને તરત જ ખતમ કરી દેશે. જો કે તેઓ આ યુદ્ધ કઈ રીતે ખત્મ કરશે તેની વિગતો આપી ન હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ બાબતથી વાકેફ લોકોએ કહ્યું કે ટ્રમ્પે અંગત રીતે સંકેત આપ્યો છે કે તેઓ એવા સોદાને સમર્થન આપશે જેમાં રશિયાના કબજા હેઠળનો કેટલાક વિસ્તાર રહેશે. ટ્રમ્પે પુતિન સાથેની વાતચીત દરમિયાન જમીનનો મુદ્દો પણ થોડા સમય માટે ઉઠાવ્યો હતો.રશિયન રાષ્ટ્રપતિ સાથેના કોલ મામલે વ્હાઈટ હાઉસ દ્વારા અગાઉ કોઈપણ પ્રકારની પુષ્ટિ કરવામાં આવી ન હતી, મંગળવારે તેમની નિર્ણાયક જીત બાદ ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સહિત લગભગ ૭૦ વિશ્વ નેતાઓ સાથે વાત કરી છે. તેમણે એલોન મસ્ક સાથે પણ વાત કરી હતી. રશિયાએ શરૂઆતમાં ટ્રમ્પની જીત પર ઠંડકભરી પ્રતિક્રિયા આપી હતી. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવએ જણાવ્યું હતું કે પુતિનની કોઈ એવા બિનમૈત્રીપૂર્ણ દેશના આવનારા રાષ્ટ્રપતિને આમંત્રણ આપવાની યોજના નથી, જે પ્રત્યક્ષ કે આડકતરી રીતે અમારા રાજ્ય સામે યુદ્ધમાં શામેલ છે. જો કે ગુરુવારે રાષ્ટ્રપતિ પુતિને જાહેરમાં ટ્રમ્પને તેમની જીત પર અભિનંદન આપ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### ‘સાચો શીખ ક્યારેય ખાલિસ્તાની હોઈ શકે નહીં’

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

કેનેડામાં હિન્દુ મંદિરો પર થઈ રહેલા હુમલાઓના પડઘા રવિવારે દિલ્હીમાં પડ્યા છે. દિલ્હી સ્થિત કેનેડાના દૂતાવાસની બહાર હિન્દુ શીખ ગ્લોબલ ફોરમના કેટલાય સમર્થકોએ હિન્દુ મંદિરો પર થઈ રહેલા હુમલાઓ અને તોડફોડના વિરોધમાં દેખાવો કર્યો હતા. હિન્દુ શીખ ગ્લોબલ ફોરમના પ્રમુખ તરવિંદર સિંહ મારવાહે કહ્યું કે, “એક સાચો શીખ ક્યારેય ખાલિસ્તાની હોઈ શકે નહીં. ભારતના શીખ ભારતની સાથે ઊભા છે અને ખાલિસ્તાનનું સમર્થન કરતા નથી.” આ દરમિયાન કેનેડાના દૂતાવાસની બહાર સુરક્ષાના ભાગરૂપે પોલીસ જવાનો ગોઠવી દેવામાં આવ્યા હતા. હિન્દુ શીખ ગ્લોબલ ફોરમના કેટલાય કાર્યકરોને પોલીસે બેરિકેડ્સ પર ચઢતા રોક્યા હતા. મારવાહે કહ્યું કે, આતંકવાદ દરમિયાન એક આખી પેઢી બરબાદ થઈ ગઈ કે પછી તેમને મારી દેવામાં આવ્યા હતા.

### વિશ્વભરમાં ટીકાઓ બાદ કેનેડા પોલીસ દોડતી થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

કેનેડામાં હાલમાં જ ખાલિસ્તાનીઓ દ્વારા હિન્દુઓ પર કરવામાં આવેલા હુમલાની વિશ્વભરમાં ટીકાઓ થતાં હવે કેનેડિયન પોલીસ સક્રિય બની છે. તે સતત તપાસ હાથ ધરી ગુનેગારોની ધરપકડ કરી રહી છે. હાલમાં જ કેનેડિયન પોલીસે ભારતના મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર અર્શ ડાલાની ધરપકડ કરી છે. મીડિયા સૂત્રોના જણાવ્યા અનુસાર, કેનેડામાં ૨૭-૨૮ નવેમ્બરે થયેલા એક શૂટઆઉટ મામલે અર્શ ડાલાની ધરપકડ કરવામાં આવી છે. હિન્દુઓ પર થયેલા હુમલામાં પણ કેનેડિયન પોલીસ માસ્ટરમાઈન્ડ સહિત ચાર લોકોની ધરપકડ કરી ચૂકી છે. કેનેડાની હાલ્ટન રીજનલ પોલીસ સર્વિસે મિલ્ટનમાં થયેલા ગોળીબાર કેસમાં તપાસ હાથ ધરી હતી. આ મામલે અર્શ ડાલાની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે, ખાલિસ્તાનીઓ દ્વારા કેનેડામાં અવારનવાર દેખાવો અને હુમલાઓ થઈ રહ્યા હોવા છતાં કેનેડાની પોલીસ અને ત્યાંની સરકાર આંખ આડા કાન કરી રહી છે. પરંતુ હાલમાં જ દિવાળી દરમિયાન હિન્દુ મંદિર પર થયેલા હુમલા બાદ વૈશ્વિક સ્તરે અનેક દેશો દ્વારા ટીકાઓ થયા બાદ તેઓ હવે સક્રિયપણે આ મામલે દખલગીરી કરી તપાસ કરી રહ્યા છે.

### આકાશ ચોપડાએ મુખ્ય કોચ ગૌતમ ગંભીરનું સમર્થન કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ન્યૂઝીલેન્ડ સામેની ઘરઆંગણે શ્રેણીમાં મળેલી હાર બાદ ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર ઘણા દબાણમાં છે. તેમના કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયાએ શ્રીલંકા સામેની વનડે શ્રેણી અને ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી ગુમાવી હતી. પછી બીસીસીઆઈએ ગંભીર, કેપ્ટન રોહિત શર્મા અને મુખ્ય પસંદગીકાર અજીત અગરકર સાથે બેઠક કરી હતી. તે લગભગ છ કલાક સુધી ચાલી અને ઓસ્ટ્રેલિયા સામેની આગામી શ્રેણીનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો. બીસીસીઆઈની બેઠક બાદ એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે જો ભારત ઓસ્ટ્રેલિયામાં સારું પ્રદર્શન નહીં કરે તો બીસીસીઆઈ અલગ અલગ ફોર્મેટ માટે અલગ અલગ કોચ પર વિચાર કરશે. એવામાં ગંભીર ટેસ્ટના કોચ રહેશે નહીં. તેમના સ્થાન પર વીવીએસ લક્ષ્મણને આ જવાબદારી આપવામાં આવી શકે છે.

## બાંગ્લાદેશમાં ઇસ્કોન નિશાન પર : હિન્દુઓ ભયભીત થયા



। (એજન્સી) ઢાકા, તા.૧૧ ।

બાંગ્લાદેશમાં તખ્તાપલટ પછી નવી સરકાર તો રચાઈ ગઈ છે. પરંતુ ત્યાં કટ્ટરપંથીઓ જ શાસન ચલાવી રહ્યા છે. બાંગ્લાદેશમાંથી જે નવી તસ્વીરો જાહેર થઈ રહી છે તેમાં આ બાબત સ્પષ્ટ થાય છે. બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓએ અગાઉ હિન્દુઓના ઘરો અને દુકાનોને નિશાન બનાવ્યા હતા અને હવે ઈસ્કોનની સામે હિંસાનો નવો દોર શરૂ કર્યો છે. જાણવાની અને આશ્ચર્યની વાત તો એ છે કે આ હિંસક કટ્ટરપંથીઓને ત્યાંની સેના અને પોલીસનો સાથ પણ મળી રહ્યો છે.બાંગ્લાદેશમાં ચિત્તાગોંગ સ્થિત ઈસ્લામિક સંગઠન હિફાઝત-એ-ઈસ્લામે ઈન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણા કોન્શિયસનેસ (ઈસ્કોન) પર પ્રતિબંધ મૂકવાની અને તેના સભ્યોની કતલ કરવાની હાકલ કરી હોવાથી હિન્દુઓ પર ફરી ખતરો ઊભો થયો છે. બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીનની સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યા અનુસાર ચટ્ટોગ્રામમાં તાજેતરની રેલી દરમિયાન આ સંગઠને ‘ઈસ્કોનના સભ્યોને પકડો, પછી કતલ કરો’ જેવા હિંસક સૂત્રોચ્ચાર કર્યા હતાં. તસ્લીમા નસરીનની પોસ્ટમાં ઈસ્કોન સભ્યો સામે ઊભા થયેલા જોખમ પર ભાર મૂકીને જણાવાયું છે કે હિફાઝત-એ-ઈસ્લામે આતંકવાદ માટે હાકલ કરી છે. તેઓ ઈસ્કોનના સભ્યોની કતલ કરવા માંગે છે. શું ઈસ્કોન એક આતંકવાદી સંગઠન છે કે તેના પર પ્રતિબંધ મૂકવો જોઈએ?” તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે હાજરી ધરાવતા ઈસ્કોને ક્યારેય હિંસા ભડકાવી નથી. ઈસ્કોન વિશ્વના ઘણા દેશોમાં હાજરી ધરાવે છે અને તે ક્યાંય પણ આવી સમસ્યાઓનો સામનો કરી રહ્યું નથી, પરંતુ બાંગ્લાદેશમાં આવું જોખમ ઊભું થયું છે. ઈસ્લામિક કટ્ટરપંથીઓ અને જેહાદીઓ અન્ય ધર્મોના લોકોને સહન કરી શકતા નથી. દરમિયાન પશ્ચિમ બંગાળ ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ બાંગ્લાદેશમાં ઈસ્કોન પર સંગઠિત હુમલો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ચટ્ટોગ્રામમાં એક રેલીનો વીડિયો શેર કરી જણાવ્યું હતું કે કટ્ટરપંથીઓ એવા નારા લગાવી રહ્યાં છે કે આ બાંગ્લામાં ઈસ્કોન માટે કોઈ સ્થાન નથી. અધિકારીએ ચેતવણી આપી હતી કે જો કટ્ટરપંથીઓ ઈસ્કોન પર હુમલો કરવાની ભયાનક યોજના સાથે આગળ વધશે તો તેના ગંભીર પરિણામો આવશે.

### ઈઝરાયેલે ઉત્તર ગાઝા પટ્ટીમાં બે હવાઈ હુમલા કર્યા

# ગાઝા-લેબનોનમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૬૪થી વધુનાં મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ઈઝરાયેલે ઉત્તર ગાઝા પટ્ટીમાં બે હવાઈ હુમલા કર્યા છે, જેમાં પેલેસ્ટાઈનના ૪૪ લોકોના મોત થયા છે. લેબનોનમાં આતંકી સંગઠન હિઝબુલ્લાહના ઠેકાણાં પર કરાયેલા હુમલામાં ૨૦થી વધુ લોકોના મોત થયા છે. આમ બન્ને હુમલામાં ૬૪ જેટલાં લોકો માર્યા ગયા છે. પેલેસ્ટાઈનના આરોગ્ય વિભાગના સૂત્રોના કહેવા પ્રમાણે હવાઈ હુમલામાં ૧૩ બાળકો સહિત પેલેસ્ટાઈનના ૩૬ લોકો માર્યા ગયા છે, અને ડઝનો લોકો ઘાયલ થયા છે.ગાઝા શહેર પર એક અન્ય હુમલામાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં સોશ્યલ ડેવલપમેન્ટના ડાયરેક્ટર વાયલ અલ-ખોર અને તેમના પત્ની તથા બાળકો સહિત તેમના પરિવારના સાત અન્ય લોકો માર્યા ગયા છે. પેલેસ્ટાઈનના સુરક્ષા સૂત્રોના કહેવા પ્રમાણે, ઈઝરાયેલના



વિમાને જબાલિયા ક્ષેત્રમાં વિસ્થાપિત લોકોના એક ઘર પર બોંબ ઝીંક્યા હતા અને એ સંપૂર્ણપણે નષ્ટ કરી દીધા હતા. લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલયના કહેવા પ્રમાણે ઉત્તર લેબનોનમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૨૦ લોકોના મોત થયા છે. રવિવારે બેરુતના ઉત્તરમાં અલમત ગામમાં હુમલો કરવામાં આવ્યો હતો, જ્યાં હિઝબુલ્લાહ આતંકવાદી સંગઠનની ઉપસ્થિતિ છે. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે જણાવ્યું કે તેમના સૈનિકોએ જબાલિયામાં કાર્યવાહી ચાલું રાખી છે.

### એક સમયના પ્રતિસ્પર્ધી મર્વ હ્યુજે બોથમને આબાદ બચાવ્યા

# બોથમ ઓસ્ટ્રેલિયામાં મગરમચ્છ ધરાવતી નદીમાં ખાબક્યા!

। (એજન્સી) મેલબોર્ન, તા.૧૧ ।

ઈંગ્લેન્ડના મહાન ક્રિકેટર ઈયાન બોથમ આજકાલ ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર છે. ઓસ્ટ્રેલિયામાં માછલી પકડવા જતા બોથમને ભયાનક અનુભવ થયો હતો. ઓસ્ટ્રેલિયામાં ઉત્તર પ્રાંતમાં મગરમચ્છ અને શાર્ક ધરાવતી નદીમાં બોથમ ખાબક્યા હતા. ત્યારબાદ તેના એક સમયના પ્રતિસ્પર્ધી અને હાલમાં સારા મિત્ર એવા મર્વ હ્યુજે બહાર કાઢતા બોથમનો આબાદ બચાવ થયો હતો. ઈંગ્લેન્ડના ૬૮ વર્ષીય ઓલરાઉન્ડર બોથમ ગત સપ્તાહે ઓસ્ટ્રેલિયામાં જૂના મિત્રો સાથે ડાર્વિનથી દક્ષિણપશ્ચિમ તરફ મોયલ નદીમાં ફિશિંગ કરવા ગયા હતા. ત્યાં અચાનક પગ લપસતા બોથમ નદીમાં પડ્યા હતા. પ્રાપ્ત અહેવાલ મુજબ બોથમના પગરખાં કોઈ દોરીમાં અટવાઈ જતા



તેઓ કાઢવા જતા સંતુલન ગુમાવી બેઠા હતા અને લપસ્યા હતા. ઓસ્ટ્રેલિયાના ધુરંધર ઝડપી બોલર હ્યુજે સમયસુચકતા દર્શાવી હતી અને ત્યાં નજીકમાં હાજર માછીમારોની મદદથી બોથમને ઝડપથી નદીમાંથી બહાર કાઢ્યા હતા. આ દુર્ઘટનામાં બોથમને બોટનું પડખું ઘસાતા શરીર પર કેટલાક ઉઝરડાં પડ્યા હતા. બોથમે બાદમાં ઈન્સ્ટાગ્રામ પર જણાવ્યું કે, હું નદીમાં જેટલી ઝડપથી પડ્યો તેની બમણી ઝડપથી બહાર આવી ગયો હતો. પરંતુ નદીમાં કેટલાક મગરમચ્છો અને શાર્ક મારા પર નજર રાખી રહ્યા હતા. મારો જીવ બચાવવા બદલ હું મારા મિત્રોનો આભારી છું.

# UKના વડાપ્રધાનની દિવાળી પાર્ટીમાં દારૂ અને માંસ પીરસવામાં આવતા ભારે વિવાદ

## રાત્રિ ભોજનના મેનૂમાં આલ્કોહોલ-માંસાહારી ખોરાકનો સમાવેશ થવાની વાતથી હિન્દુઓ નારાજ થયા

। (એજન્સી) લંડન, તા.૧૧ ।

બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મર તરફથી ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટમાં આયોજિત દિવાળી પાર્ટીને લઈને વિવાદ થઈ રહ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે, આ દરમિયાન માસ અને દારૂ પીરસવામાં આવ્યું, જેનાથી અમુક બ્રિટિશ હિન્દુ નારાજ છે. બ્રિટિશ વડાપ્રધાનના સત્તાવાર આવાસ પર આ ઉત્સવ આયોજિત થયું હતું. તેમાં ઘણાં ટોચના રાજનેતાઓએ ભાગ લીધો હતો. સાથે જ દીપ પ્રગટાવવામાં આવ્યા, કુચિપુડી નૃત્ય પ્રદર્શન થયું અને વડાપ્રધાન સ્ટારમરે ભાષણ પણ આપ્યું. જોકે, રાત્રિ ભોજનના મેનૂમાં આલ્કોહોલ અને માંસાહારી ખોરાકનો સમાવેશ થવાની વાતથી નારાજગી વ્યક્ત કરી છે. મળતી માહિતી મુજબ, દિવાળી પાર્ટીમાં મહેમાનોએ મેનૂમાં કબાબ, બીયર અને વાઈન પીરસવામાં આવ્યું. નોંધનીય છે કે, ગત વર્ષે જ્યારે જ્યારે ઋષિ સનકે દિવાળી ઉજવણીનું આયોજન કર્યું તો માંસ અને દારૂ મેનૂમાં સામેલ નહતું. જાણીતા બ્રિટિશ હિન્દુ પંડિત સતીશ શર્માએ સ્ટાર્મરના રવૈયા પર ચિંતા વ્યક્ત કરી છે. શર્માએ વડાપ્રધાન કાર્યાલય પર સંવેદનશીલતાની કમીનો આરોપ લગાવ્યો. વીડિયો નિવેદનમાં પંડિત સતીશ વર્માએ કહ્યું, ‘છેલ્લાં ૧૪ વર્ષોમાં ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટમાં દિવાળીની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દરમિયાન ક્યારેય માંસ અને દારૂ નથી પીરસવામાં આવ્યું. હવે એવું થયું જેમાં માંસ અને દારૂ નથી પીરસવામાં આવ્યું. હવે એવું થયું, જેનાથી હું ખૂબ જ નિરાશ અને હેરાન છું. આ વર્ષનો ઉત્સવ મૂર્ખતાપૂર્ણ જણાય છે.’ સતીશ શર્માએ કહ્યું, ‘આખરે વડાપ્રધાનના સલાહકાર કેટલાં ગેરજવાબદાર હશે? સ્ટાર્મરે આ વિશે પોતાનું નિવેદન આપવું જોઈએ.’ આ સિવાય બ્રિટિશ હિન્દુઓ અને ભારતીયોના સામાજિક આંદોલન સાથે જોડાયેલા સંગઠન ઈનસાઈટ યુકેએ પણ આ ઘટનાની નિંદા કરી છે. તેમની તરફથી કહેવામાં આવ્યું કે, પવિત્ર ઉત્સવમાં માંસ અને દારૂ પીરસવામાં આવ્યું, જેનાથી તેની શુદ્ધતા ખરાબ થઈ ગઈ. ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટના અધિકારીઓએ ધાર્મિક ભાવનાઓનું ધ્યાન રાખવું જોઈએ. મેનૂની પસંદગી દિવાળી સાથે જોડાયેલી ધાર્મિક પરંપરાઓ પ્રતિ સમજની ભયાનક કમીને દર્શાવે છે. તેથી ભવિષ્યની ઘટનાઓ પર વધારે સતર્ક રહેવાની જરૂર રહેશે.

### ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫

# ભારતે પાકિસ્તાન જવાનો ઈનકાર કર્યા બાદ આઈસીસી પણ ઘૂંટણીયે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

આવતા વર્ષે ICC ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન પાકિસ્તાનમાં થવાનું છે. આ ટુર્નામેન્ટનું શેડ્યૂલ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. જો કે ભારતે પાકિસ્તાન જવાનો ઈનકાર કર્યા બાદ સ્થિતિ બદલાઈ ગઈ છે. ભારતના આ નિર્ણયને કારણે ICCએ ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને એક કાર્યક્રમ પણ રદ કરવાની ફરજ પડી છે. આ કાર્યક્રમ લાહોરમાં ચેમ્પિયન્સ ટ્રોફીના શેડ્યૂલને લઈને ચર્ચા કરવા માટે ૧૧ નવેમ્બરે આયોજિત થવાનો હતો. મોટા અધિકારીઓ તેમાં ભાગ લેવાના હતા. તેવી અપેક્ષા હતી. પરંતુ હવે એક નવા રિપોર્ટમાં સામે આવ્યું છે કે, ICCએ આ કાર્યક્રમ રદ કરી દીધો છે. એક અહેવાલમાં સુત્રો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ‘ચેમ્પિયન્સ ટ્રોફીનું શેડ્યૂલ હજુ સુધી નક્કી કરવામાં આવ્યું નથી. યજમાન પાકિસ્તાન અને ટુર્નામેન્ટમાં ભાગ લેનારા અન્ય દેશો સાથે શેડ્યૂલ અંગેની ચર્ચા હજુ પણ ચાલી રહી છે.’ ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન જવાનો ઈનકાર કરી દીધો છે. અને શેડ્યૂલની જાહેરાત કરવામાં વિલંબ થવાનું કારણ ભારતનું વલણ માનવામાં આવી રહ્યું છે. શેડ્યૂલ જાહેર કરવામાં થઈ રહેલા વિલંબથી સવાલો ઉભા થઈ રહ્યા છે કે શું ચેમ્પિયન્સ ટ્રોફી ટુર્નામેન્ટ પણ રદ થશે? જેને લઈને અમુક અહેવાલમાં ખુલાસો થયો છે.





મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલએ પ્રધાનમંત્રીએ બાળપણમાં જ્યાંથી શિક્ષણ મેળવ્યું હતું તે વડનગરની કુમાર શાળા-૧ની મુલાકાત લીધી હતી. શાળાની મુલાકાત લઈને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

## ગાંધીનગર ખાતે ફીડબેક સેન્ટર કાર્યરતઃ મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતી રવિ



**। (માહિતી) ગાંધીનગર, તા.૧૧ ।**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની "વિકસિત ભારતજ ૨૦૪૭"ની વિભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ હેઠળ રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા વિભાગ ખાતે એક "ફીડબેક સેન્ટર"નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ફીડબેક સેન્ટરનો તાજેતરમાં રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજકુમારના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ ફીડબેક સેન્ટર અંગે પ્રેસ-મીડિયાને વિગતો આપ તા મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના ૨૩ વર્ષના પરિપાકરૂપે મહેસૂલ વિભાગ દ્વારા iORA ના માધ્યમથી મહેસૂલી સેવાનો લાભ મેળવેલ નાગરિકો પાસેથી તેમનો પ્રતિભાવ મેળવવા માટે મહેસૂલ વિભાગ ખાતે આ ફીડબેક સેન્ટર તૈયાર કરવામાં આવ્યું છે.

અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિએ ઉમેર્યું હતું કે, આ ફીડબેક સેન્ટર ખાતે નિયુક્ત કરાયેલા મહેસૂલમિત્ર દ્વારા હાલ iORA પોર્ટલ પરથી અરજી કરવામાં આવેલ અને જેનો નિકાલ થયેલ હોય તેવી બિન-ખેતીની અરજી, હયાતિમાં હક્ક દાખલ કરવાની અરજી, વારસાઈની અરજી અને ખેડૂત પ્રમાણપત્રની અરજી સહિતની કુલ ૩૬ સેવાઓ મેળવવા બાબતે નાગરિકોનો પ્રતિભાવ મેળવવામાં આવી રહ્યો છે. સાથે જ, iORA પોર્ટલ ઉપર અરજી કરતાં સમયે અરજદારોને પડેલ મુશ્કેલીઓનું નિરાકરણ થાય તે માટે સાચા અર્થમાં આ સેવાઓમાં સુધારો કરવાનો પ્રયાસો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, iORA પોર્ટલ મારફતે મળેલી અરજીઓ અન્વયે નાગરિકોના નિયમિત પ્રતિભાવ મેળવ્યા બાદ મળેલ પ્રતિભાવના વિશ્લેષણ થકી, સેવાઓને વધુ અસરકારક અને પારદર્શી બનાવવામાં આવશે. આવશ્યક જણાય ત્યાં સેવાઓનું સરળીકરણ કરી નાગરીકોને ત્વરિત સેવાઓનો લાભ મળી રહે તે દિશામાં આગળ વધવામાં આવશે. સેવાઓમાં પારદર્શકતા લાવવામાં આવશે.



અમદાવાદના ઠક્કરબાપાનગરમાં ગેસની પાઈપલાઈન લીકેજ થતાં લાગી આગ.

### અમદાવાદમાં વિદ્યાર્થીની હત્યાથી ચકચાર

## વાહન ધીમે ચલાવવાનું કહેતા કારચાલકે માર્યા છરીના ઘા

### MICA કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની હત્યા કેસમાં બોપલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।**

અમદાવાદના બોપલમાં એક વિદ્યાર્થીની હત્યાથી ચકચાર મચી ગઈ હતી. મળતી જાણકારી અનુસાર, શહેરના બોપલ વિસ્તારમાં ફાયર સ્ટેશન નજીક કોલેજના એક વિદ્યાર્થીને છરીના ઘા મારી હત્યા કરી દેવામાં આવી હતી. વિદ્યાર્થીએ વાહન ધીમે ચલાવવાનું કહેતા કાર ચાલકે ઝઘડો કર્યો હતો અને બોલાચાલી થયા બાદ કાર ચાલક છરીના ઘા મારી ફરાર થઈ ગયો હતો. MICA કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની હત્યા કેસમાં બોપલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. કાર ધીમી ચલાવવા બાબતે ટકોર કરતાં બબાલ થઈ હતી. જેમાં ઉશ્કેરાયેલા કારચાલકે છરીના ઘા ઝીંકી વિદ્યાર્થીની હત્યા કરી હતી. યુવક MICA કોલેજમાં અભ્યાસ કરતો હતો. મૃતક ૨૩ વર્ષનો અને UPનો રહેવાસી હતો. મૃતક યુવકનું નામ પિયાંશુ જૈન હોવાનું સામે આવ્યું છે. પિયાંશુ જૈન અને તેનો મિત્ર બુલેટ પર જતા હતા ત્યારે આ ઘટના બની હતી. જાહેરાત આ સમગ્ર મામલે પોલીસ એક્શનમાં આવી છે અને સમગ્ર બાબતે તપાસ હાથ ધરી હત્યા કરનાર કારચાલકની શોધખોળ હાથ ધરી છે. બોપલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર, પ્રિયાંશુ જૈન ઉત્તર પ્રદેશના મેરઠનો રહેવાસી હતો અને માઈકા કોલેજમાં એમબીએના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. ૧૦ નવેમ્બરના રોજ રાત્રે પોણા આઠ વાગ્યાની આસપાસ પૃથ્વીરાજ અને પ્રિયાંશુ સાથે મિત્રનું બુલેટ લઈને બોપલ સરકારી ટ્યૂબવેલ પાસે આવેલી દુકાને સૂટ સિવડાવવા માટે ગયા હતા. બાદમાં વકિલ બ્રિજ પાસે નાસ્તો કરી કોલેજ તરફ જઈ રહ્યા હતા ત્યારે પૂરપાટ ઝડપે આવતી એક કારે બુલેટ પાસેથી ટર્ન લીધો હતો. જેથી પ્રિયાંશુએ કાર ચાલકને કાર ધીમે ચલાવવાનું કહ્યું હતું. જોકે બાદમાં કાર ચાલક તેમની પાછળ આવ્યો હતો અને બુલેટ રોકવાનું કહીને બોલાચાલી કરવા લાગ્યો હતો બાદમાં પ્રિયાંશુ અને કાર ચાલક વચ્ચે ઝઘડો થયો હતો. જેથી ઉશ્કેરાયેલા કાર ચાલકે છરીથી પ્રિયાંશુ પર હુમલો કર્યો હતો. બાદમાં કાર ચાલક કાર લઈને ફરાર થઈ ગયો હતો. બાદમાં તેના મિત્રો ગંભીર હાલતમાં પ્રિયાંશુને હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન પ્રિયાંશુનું મોત નીપજ્યું હતું.

ફરિયાદના આધારે હત્યાનો ગુનો નોંધી બોપલ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો અને ફરાર કાર ચાલકને પકડવાની કામગીરી હાથ ધરી હતી.

### વાહન ચાલકોના જીવને પણ જોખમ રહે છે

## રિવરફ્રન્ટના રસ્તાઓ પર રીલ માટે સ્ટંટ કરતા લોકો પર થશે કાર્યવાહી

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।**

અમદાવાદ શહેરના રિવરફ્રન્ટના રસ્તાઓ પર બાઈક અને સ્કૂટરને પુરઝડપે ચલાવીને ટીનેજર બાળકો અને યુવાનો દ્વારા કરવામાં આવતા સ્ટંટના કારણે વાહનચાલકોને નિયમિત રીતે હાલાકી પડે છે. એટલું જ આવા તત્વોના કારણે અન્ય વાહનચાલકોના જીવને પણ જોખમ રહે છે. થોડા દિવસ પહેલા સ્કૂટર પર પુરઝડપે જતા ત્રણ સગીર વયના બાળકોને અકસ્માત નડયો હતો. જે અંગે પોલીસે બાળકોને સ્કૂટર આપનાર વાલી વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો. રીવરફ્રન્ટના રસ્તા પર સાંજના સમયે રેસ લગાવવાના તેમજ રીલ માટે સ્ટંટ કરતા વાહનચાલકોને કારણે પણ નાના મોટા અકસ્માત થતા રહે છે. એટલું જ નહી રીવરફ્રન્ટ પર ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિની મર્યાદા રાખવામાં આવી છે. રિવરફ્રન્ટ પર ૮૦ થી ૯૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પણ વાહન ચલાવવામાં આવે છે.

### સ્વામિનારાયણ મંદિરના દ્વિશતાબ્દી મહોત્સવમાં બોલ્યા મોદી

## કેટલાક લોકો સમાજને વિભાજિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે

### આખો દેશ એક નિશ્ચિત લક્ષ્ય સાથે આગળ વધી રહ્યો છે, આ વિકસિત ભારતનું લક્ષ્ય છે : વડાપ્રધાન મોદી



**। (એજન્સી) વડતાલ, તા.૧૧ ।**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના વડતાલમાં શ્રી સ્વામિનારાયણ મંદિરની દ્વિશતાબ્દી અર્થાત ૨૦૦મી વર્ષગાંઠની ઉજવણીમાં સહભાગી થયા હતા. તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, શ્રી સ્વામિનારાયણની કૃપાથી જ ૨૦૦મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી રહી છે. વિશ્વભરના તમામ શિષ્યોને આવકારતા ँર મોદીએ જણાવ્યું હતું કે, સ્વામિનારાયણ મંદિરની પરંપરામાં સેવા સૌથી આગળ છે અને શિષ્યો આજે સેવામાં લીન થયા હતા. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, તાજેતરમાં મીડિયામાં આ ઉજવણી જોઈને તેમને આનંદ થયો છે.

વડતાલ ધામમાં ૨૦૦મા વર્ષની ઉજવણી માત્ર ઈતિહાસ જ ન હોવાનો ઉલ્લેખ કરીને પીએમ મોદીએ જણાવ્યું હતું કે, વડતાલ ધામમાં અત્યંત શ્રદ્ધા સાથે ઉછરેલા તેમના સહિત અનેક શિષ્યો માટે આ એક મહત્ત્વપૂર્ણ ઘટના છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પ્રસંગ ભારતીય સંસ્કૃતિના શાશ્વત પ્રવાહનો પુરાવો છે. વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, શ્રી સ્વામિનારાયણ દ્વારા વડતાલ ધામની સ્થાપના કર્યાને ૨૦૦ વર્ષ પછી પણ આધ્યાત્મિક ચેતનાને જીવંત રાખવામાં આવી છે અને શ્રી સ્વામિનારાયણના ઉપદેશો અને ઊર્જાનો અનુભવ આજદિન સુધી થઈ શકે છે. શ્રી મોદીએ તમામ સંતો અને શિષ્યોને આ મંદિરના ૨૦૦માં વર્ષની ઉજવણી બદલ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રધાનમંત્રીને એ વાતની ખુશી હતી કે, ભારત સરકારે રૂ. ૨૦૦ (૨૦૦)નો ચાંદીનો સિક્કો અને સ્મારકની પોસ્ટલ સ્ટેમ્પ બહાર પાડી હતી. તેમણે ઉમેર્યું હતું કે, આ પ્રતીકો આ મહાન પ્રસંગની યાદોને આવનારી પેઢીઓનાં મનમાં જીવંત રાખશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સ્વામિનારાયણ સાથે સંબંધિત દરેક વ્યક્તિ આ પરંપરા સાથેના તેમના મજબૂત વ્યક્તિગત, આધ્યાત્મિક અને સામાજિક સંબંધોથી વાકેફ છે. તેમણે ઉમેર્યું હતું કે, રાષ્ટ્રના વિકાસ માટે અર્થપૂર્ણ ચિંતનની તકની સાથે ભૂતકાળમાં તેમજ અત્યારે સંતોના દિવ્ય સંગતનો આનંદ માણ્યો છે.

## વડોદરાની ગુજરાત રિફાઈનરીમાં પ્રચંડ બ્લાસ્ટ સાથે આગ

**। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।**

વડોદરાની ગુજરાત રિફાઈનરીમાં પ્રચંડ વિસ્ફોટ સાથે આગ લાગી હતી જેને પગલે આસપાસના વિસ્તારોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. પ્રાથમિક તબક્કે મળતી માહિતી મુજબ, એક ટેન્કમાં જોરદાર બ્લાસ્ટ થવાથી આસપાસના એક કિલોમીટર વિસ્તારમાં આવેલા મકાનોના બારી બારણા ધણ ધણી ઉઠ્યા હતા. જેથી ગભરાયેલા લોકો બહાર નીકળી આવ્યા હતા. આ વખતે આસપ ાસના પાંચ કિલોમીટર વિસ્તારમાં રિફાઈનરી માંથી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા અને ફાયર બ્રિગેડ તેમજ પોલીસના વાહનો દોડાદોડી કરતા જોવા મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે વડોદરા ફાયર બ્રિગેડનો સંપર્ક કરતા તેમની કોઈ મદદ લેવામાં આવી નહીં હોવાનું જણાવાયું હતું. બનાવના સ્થળે રિફાઈનરીના ફાયર ફાઈટર આગ કાબુમાં લેવા કામે લાગ્યા હતા અને આગને કાબુમાં લેવા પ્રયાસો હાથ ધરાયા હતા.



## ઝાલોદ પ્રાંત કચેરી ખાતે દિલ્હી મુંબઈ કોરીડોર હાઇવેના અસરગ્રસ્તો દ્વારા કરવામાં આવેલ માંગણી અંગે ખેડૂતો સાથે પ્રાંત અધિકારીએ મીટિંગ યોજી

**। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।**

ઝાલોદ તાલુકાના દિલ્હી - મુંબઈ કોરીડોર હાઈવેના અસરગ્રસ્ત આદિવાસી ખેડૂતોની જમીન સરકાર દ્વારા આ હાઈવે પસાર કરવા માટે બિલકુલ સસ્તા ભાવે છીનવી લીધી હોવાની વાત ખેડૂતો દ્વારા કરવામાં આવેલ છે ત્યાર બાદ આ હાઈવેનું કામ ચાલુ કરી જવાબદાર અધિકારી કે કોન્ટ્રાક્ટર દ્વારા અંધાધુંધ માટી પુરાણ કરી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં ન આવતાં ખેડૂતોનો પાક નિષ્ફળ જતાં ખેડૂતોના પરિવાર નું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું હોવાની વાત ખેડૂતો દ્વારા કરવામાં આવેલ છે. આજદિન સુધી ખેડૂતોની અનેક વારની માંગણી છતાં ખેડૂતો ની મૂળભૂત સુવિધાઓ આ હાઈવેમાં છીનવાઈ ગયેલ છે તે ઉપલબ્ધ કરી આપવામાં ન આવતાં આજે છેલ્લા ત્રણ વર્ષ થી ખેડૂતો લાઈટ વિના જીવવા મજબુર બન્યા છે. લાઈટ વિના બાળકોના અભ્યાસ ઉપર માઠી અસર પડી રહી છે તેમજ બાકી રહેલ મકાન, વૃક્ષો, હેન્ડપમ્પ, બોર, જમીન, સંડાશ, બાથરૂમ, હવાડા, કુંવાનું આજદિન સુધી વળતર ખેડૂતોને મળેલ નથી. તેમજ ચુકવેલ વળતર કરતા વધુ જમીન છીનવી લીધેલ છે જેનું સર્વે કરી વધુ જમીનનું ત્રણ વર્ષ ના વ્યાજ સાથે વળતર ચૂકવવાની ખેડૂતોની માંગ કરી રહેલ છે અને પથ્થર કાઢવા બ્લાસ્ટિન્ગ કરતા અનેક મકાનોના છાપરા, નલિયા તૂટી ગયેલ છે સ્મશાન ઘાટ અને બાલવાડીઓ તૂટી ગયેલ છે નળ સે જળની પાઈપો, ટાંકીઓ, સંપ તૂટી ગયેલ છે. આવી અનેક રજૂઆતો લઈ ખેડૂત આગેવાન મૂકેશ ડાંગી અસરગ્રસ્તોને સાથે રાખી જે તે વિભાગના જવાબદાર અધિકારીઓ સાથે પ્રાંત અધિકારીની અધ્યક્ષતા હેઠળ મીટિંગ યોજાઈ હતી. આવી અનેક વાર ની રજુઆતો છતાં ખેડૂતો નું સાંભળવા માં નં આવતાં આ કોરીડોર હાઈવે ના આગેવાન અને કન્વીનર મુકેશભાઈ એસ. ડાંગી દ્વારા હવે લડી લેવાનો નિર્ણય લેવામાં આવતાં.તા. ૧૨ નવેમ્બર ના રોજ ચૌદ ગામો માં ચાલતું કોરીડોર હાઈવે નું કામ બંદ કરાવવા જાહેર ચીમકી ઉંચારવા માં આવેલ હતી જેથી આજરોજ ઝાલોદ પ્રાંત અધિકારી ભાટિયાની અધ્યક્ષતા માં ઝાલોદ પ્રાંત કચેરી ખાતે ખેડૂતોની માંગણી મુજબના જવાબદાર અધિકારી ઓ અને ચૌદ ગામના અસરગ્રસ્ત ખેડૂત આગેવાનો ની મિટિંગ રાખવા માં આવેલ હતી જે અંતર્ગત મોટી સૅંખ્યા માં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. વારંવાર ખેડૂતોને લોલીપોપ આપવામાં આવતાં ખેડૂતો આક્રમક બન્યા હતા.

## ગુજરાત ઈ-મેમો ઈસ્યુ કરવાના ક્રમમાં દેશમાં ચોથા નંબરે

**। (એજન્સી) ગાંધીનગર, તા. ૧૧ ।**

ગુજરાત ઈ-મેમો ઈસ્યુ કરવાના ક્રમમાં દેશમાં ચોથા નંબરે છે. જેમાં ગુજરાત સહિત દેશભરમાં વિવિધ રાજ્યોમાં વાહન ચાલકોને સિગ્નલ તોડવાથી માંડી હેલ્મેટ નહીં પહેરવા સહિતના વિવિધ નિયમોના ભંગ બદલ ઈ-મેમો કે ઈ-ચલણ ઈસ્યુ કરવાની સિસ્ટમ છેલ્લા કેટલાક વર્ષોથી અમલી બની છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં વાહન ચાલકોને જુદા જુદા નિયમના ભંગ બદલ ૩૦.૯૧ લાખ ઈ-મેમો ઈસ્યુ થઈ ચુક્યા છે અને ગુજરાત હાલ ઈ-મેમોની સંખ્યામાં દેશમાં ચોથા ક્રમે છે. જ્યારે ઉત્તર પ્રદેશ ૧.૧૨ કરોડ ઈ-મેમો સાથે દેશમાં પ્રથમ ક્રમે છે. ગુજરાતમાં વાહન વ્યવહાર વિભાગ દ્વારા વાહન ચાલકોને નિયમોના ભંગ બદલ કરવામા આવતા ઈ-મેમોની સંખ્યામાં પ્રતિવર્ષ વધારો પણ થઈ રહ્યો છે અને ગત વર્ષે ૨૦૨૩માં ૧૨.૧૬ લાખ ઈ-મેમો વાહન ચાલકોને ઈસ્યુ થયા હતા. વર્ષે ૨૦૨૪માં અત્યાર સુધીમાં ૩૦.૯૧ લાખ ઈ-મેમો ઈસ્યુ થઈ ચુક્યા છે. રોંગ સાઈડ વાહન ચલાવવુ, લાયસન્સ-પીયુસી અને વીમો સહિતના વિવિધ ડોક્યુમેન્ટ વિના વાહન ચલાવવુ અને હેલ્મેટ વિના વાહન ચલાવવાથી માંડી સિગ્નલ તોડવા બદલ તેમજ ઓવર સ્પીડમાં ગાડી ચલાવવા સહિતના અનેક નિયમ ભંગ માટે ઈ-મેમો ઈસ્યુ કરવામા આવે છે.